મલધારીશ્રીહેમચંદ્રસૂરિ વિરચિત

દુઃખમાં સમાધિ માટે ઉત્તમ ટોનિક ઔષધતુલ્ય અને વૈરાગ્યપોષક

# ભવ ભાવના

(મૂળ શ્લોકોનો ગુજરાતીમાં ભાવાનુવાદ)



અનુવાદક-સંપાદક :: મુનિશ્રી રાજશેખરવિજયજી મહારાજ

(ચિત્ર પરિચય માટે ટાઈટલ પેજ ચોથું વાંચો)

શ્રી-શંખેશ્વર-પાર્શ્વનાથાય નમઃ

શ્રી દાન-પ્રેમ-હીરસૂરિ-ગુરુભ્યો નમઃ

ऐं नमः

મલધારી શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત

દુઃખમાં સમાધિ માટે ઉત્તમ દૈનિક ઔષધતુલ્ય

અને વૈરાગ્યવાહક

# ભ વ ભા વ ના

( પ્રાકૃત શ્લોકોનો ગુજરાતીમાં ભાવાનુવાદ )

: અનુવાદક-સંપાદક :

સિદ્ધાંતમહોદધિ સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીપ્રેમ-સૂરીશ્વરજી** મ. ના પટ્ટાલંકાર પરમગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીહીરસૂરીશ્વરજી** મ. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય ગણિવર **શ્રી લલિતશેખરવિજયજી** મહારાજના વિનેય **મુનિશ્રી રાજશેખરવિજયજી.**

: પ્રકાશક :

**પંચાશક પ્રકાશન સમિતિ**

વ્યવસ્થાપક : શાહ શાંતિલાલ ખૂમચંદ

સિસોદરા (ગણેશ), સ્ટે. નવસારી (વે. રે.)

**વાંચો અને વંચાવો**

*** નાનકડો આ ગ્રંથ સાચવી રાખો ***

વારંવાર એનું અધ્યયન કરો. રોગ, શોક કે આપત્તિમાં ફસાયેલા કોઈ પણ પરિચિતને અવશ્ય દોડી જઈ પહોંચાડો.

# પ્રસ્તુત ગ્રંથનું મહત્ત્વ

સંસારમાં પ્રતિકૂળતા, આપત્તિ, રોગ, શોક વગેરે દુઃખો આવે એમાં નવાઈ નથી. સંસારમાં ગરીબોને જ દુઃખો આવે એવું પણ નથી. શ્રીમંતોને પણ દુઃખો આવે. ઘણા શ્રીમંતોને પણ એવાં દુઃખો આવે છે કે જે દુઃખો કેટલાક ગરીબોને ન પણ આવે. મુંબઈની જસલોક હોસ્પિટલમાં જરા દૃષ્ટિપાત કરો. ત્યાં મોટા મીલમાલિકો કેન્સરની ગાંઠથી રીબાતા નજરે પડશે, ઓ મા! ઓ બાપ! ની કરુણ બૂમો પાડતા જોવા મળશે. કરોડપતિઓ હાર્ટએટેકના હુમલાઓથી હેરાન થતા જોવા મળશે. લક્ષાધિપતિઓ દમના દર્દથી દીન બનેલા દેખાશે. નિકાચિત સ્વકર્મના ઉદયથી આવેલાં દુઃખોથી સંપત્તિ સ્વજન વગેરે કોઈ બચાવી શકતું નથી.

જેમ શ્રીમંતોને શારીરિક દુઃખો આવે છે તેમ માનસિક દુઃખો પણ આવે છે. જુઓ પેલા નગીનદાસશેઠને. તેમની પાસે દોમ-દોમ સાહ્યબી છે. પણ એકનો એક યુવાન છોકરો મરી જવાથી ધ્રુસકે-ધ્રુસકે રડે છે. ભોજન પણ ભાવતું નથી. રાત્રે ઊંઘ આવતી નથી. કોઈ કામમાં દિલ લાગતું નથી એક તરફ પુત્ર માટે નગીનદાસશેઠ આ પ્રમાણે દુઃખી થઈ રહ્યા છે, તો બીજી તરફ પેલા કરમચંદશેઠ પણ પુત્ર માટે જ પોક મૂકી રહ્યા છે. ઓ ભગવાન! આના કરતાં તો છોકરો જ ન હોત તો સારું થાત. આવો સ્વાર્થી છોકરો! બાપે જેનું જીવની જેમ લાલન-પાલન કર્યું, જેના સુખ માટે જાતે દુઃખ વેઠ્યું, તે છોકરો પણ પિતૃદ્રોહી બને એ પહેલાં માત્ર સાંભળ્યું હતું, પણ આજે મને એનો સાક્ષાત્કાર થયો. શ્રીમંતોનાં માનસિક દુઃખોનાં આ બે તો માત્ર સેમ્પલ છે. બાકી આવાં અસંખ્ય માનસિક દુઃખો છે, જે દુઃખો શ્રીમંતોના કાળજાને કોરી ખાય છે, મગજને ગુમ કરી નાખે છે, અશાંતિની આગમાં શેકે છે.

આ સંસારમાં શારીરિક-માનસિક દુઃખો (=દુઃખના પ્રસંગો) રોકવા એ આપણા હાથમાં નથી. પણ દુઃખમાં પણ દુઃખી ન બનવું એ આપણા

હાથમાં છે. જિનેશ્વરોએ બતાવેલો ઉપાય કરીએ તો જરુર આપણે દુઃખમાં પણ દુઃખી ન બનીએ. જ્યારે મોટા ડીગ્રીધર ડૉકટરો પણ નિષ્ફળ બને છે ત્યારે પણ આ ઉપાય અવશ્ય સફળ બને છે. વાંચકો! તમારે એ ઉપાય જાણવો છે? આ રહ્યો તે ઉપાય. **કોઇ પણ દુઃખ આવે ત્યારે બહારની દુનિયાની સપાટી ઉપરથી ડૂબકી મારીને અંતરાત્માના પેટાળમાં ચાલ્યા જવું.**

ક્યારેક ક્યારેક સમુદ્રમાં જોરદાર તોફાન થાય છે. મજબૂત મૂળિયા-વાળા ઝાડોને પણ ઉખેડી નાંખે તેવા પવનના ઝપાટા આવે છે. આથી સમુદ્રના પાણીમાં મોટા મોટા તરંગો જોરજોરથી ઉછળે છે. સમુદ્રમાં ખૂબ ખળભળાટ મચી જાય છે. તમે વિચારો કે આ વખતે સમુદ્રમાં રહેલા મગરમચ્છ, કાચબા વગેરે જલચર પ્રાણીઓનું શું થતું હશે? શું એ પ્રાણીઓ આ તોફાનથી મરી જતા હશે? હેરાન થઇ જતા હશે? ના. ભયંકર તોફાનમાં પણ એ પ્રાણીઓ સહીસલામત રહે છે. એમને તોફાનની જરાય અસર થતી નથી. કારણ કે તોફાન વખતે એ પ્રાણીઓ ડૂબકી મારીને સમુદ્રના ઉંડા પાણીમાં ઉતરી જાય છે. સમુદ્રમાં તોફાન ઉપર જ થયા કરે છે. તેના પેટાળમાં તો અત્યંત શાંતિ હોય છે.

જેમ જલચર પ્રાણીઓ તોફાન વખતે સમુદ્રના ઊંડા પાણીમાં ઉતરી જતા હોવાથી તેમને તોફાનની અસર થતી નથી. તેમ આપણે પણ દુઃખના પ્રસંગે અંતરાત્મામાં ડૂબકી મારી દઈએ તો એ પ્રસંગો આપણને જરાય દુઃખી કરી શકે નહિ. દુઃખ, પ્રતિકૂળતા, આપત્તિ, રોગ, શોક વગેરે બહારની દુનિયામાં છે. અંતરાત્મામાં કશુંય નથી. અંતરાત્મામાં નથી રોગ અને નથી શોક. અંતરાત્મામાં નથી શ્રીમંતાઇ અને નથી ગરીબાઈ, અંતરાત્મામાં નથી કામ કે નથી ક્રોધ, અંતરાત્મામાં માન–અપમાન વગેરે કોઇ દ્વન્દ્વ નથી. એ બધું બહારની દુનિયામાં છે. અંતરાત્મામાં તો કેવળ આનંદ આનંદ ને આનંદ જ છે. અંતરાત્મામાં ડૂબકી મારવાનું સાધન અનિત્યાદિ ભાવનાઓ છે. અનિત્યાદિ ભાવનાઓનું ચિંતન કરનાર અંતરાત્મામાં ચાલ્યો જાય છે.

આ ગ્રંથમાં અનિત્યાદિ બાર ભાવનાઓનું વર્ણન છે, પણ અગિયાર ભાવનાઓનું વર્ણન સંક્ષેપથી અને સંસારભાવનાનું વર્ણન વિસ્તારથી હોવાથી આ ગ્રંથનું **ભવભાવના** (ભવ એટલે સંસાર) નામ છે. સંસારમાં પરિભ્રમણ કરતાં આપણે ચારે ગતિઓમાં જે જે દુઃખો અનુભવ્યાં છે તેનું સંસારભાવનામાં આબેહૂબ ચિત્ર ખડું કર્યું છે. આથી જ્યારે જ્યારે શારીરિક–માનસિક દુઃખનો હુમલો આવે ત્યારે ત્યારે આ ગ્રંથનું, વિશેષરૂપે **સંસાર** ભાવનાનું, વાંચન કરવામાં આવે તો અપૂર્વ શાંતિ અને આશ્વાસન મળે, દુઃખને સહન કરવાનું બળ મળે. બીજા કોઇ બહુ બીમાર હોય અને આ ગ્રંથને જાતે વાંચી શકે તેમ ન હોય તો તેને આ ગ્રંથ, વિશેષરૂપે સંસારભાવના, વાંચી સંભળાવવાથી સમાધિ રહે. **આથી આ ગ્રંથ દુઃખમાં સમાધિ માટે ઉત્તમ ટોનિક ઔષધની ગરજ સારે છે એમ કહેવું એ જરાય અતિશયોક્તિ નથી. આથી જ આ ગ્રંથની ઓછામાં ઓછી એક નકલ જૈનના દરેક ઘરમાં હોવી જોઇએ.**

આ ગ્રંથ (મૂળ) પ્રાકૃતભાષામાં છે. તેના ઉપર સંક્ષેપમાં સંસ્કૃત ટીકા છે ટીકામાં આવેલી કથાઓ મોટા ભાગે પ્રાકૃતમાં અને ક્યાંક ક્યાંક સંસ્કૃત ભાષામાં છે. ટીકા **સહિત** આ ગ્રંથના કર્તા મલધારી **આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ** મ. છે. તેઓશ્રી બારમી સદીમાં થઇ ગયા. તેઓશ્રીનાં વસ્ત્રો અને શરીર બહુ જ મલિન રહેતાં હોવાથી તે **મલધારી** તરીકે ઓળખાયા. તેમના વ્યાખ્યાનમાં રાજા સિદ્ધરાજ જયસિંહ પણ આવતો હતો તેવા તેઓશ્રી બિદ્વાન હતા.

અહીં એ મૂળગ્રંથનો ગુજરાતીમાં સરળ અને સુબોધ ભાવાનુવાદ આપવામાં આવ્યો છે. ઓછી કિંમત થવાથી દરેક જૈન વસાવી શકે, નાનું કદ થવાથી બીમારી આદિમાં પથારીમાં પડ્યા પડ્યા પણ સહેલાઈથી વાંચી શકાય, ગ્રંથનું નવનીત ખ્યાલમાં આવી જાય, આવી અનેક દૃષ્ટિએ આમાં માત્ર મૂળ ગ્રંથનો ભાવાનુવાદ આપવામાં આવ્યો છે.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨ | ૧૬ | છે. | છે. (૩-૧૦) |
| ૧૦ | ૩ | મંત્રલા | મંત્રેલા |
| ૧૫ | ૧૬ | નમાંથી | નથી |
| ૧૭ | ૧૩ | તેટલા | જેટલા |
| ૧૮ | ૧૨ | આવે | × |
| ૩૨ | ૮ | છે. | છે. (૧૫૭-૧૬૨) |
| ૩૬ | ૧૫ | અત્યત | અત્યંત |
| ૪૮ | ૧૩ | જગલમાં | જંગલમાં |
| ૫૨ | ૬ | ફૂટી | ફૂટી |
| ૫૨ | ૭ | ૨૩૬ | ૨૩૮ |
| ૫૮ | ૧૭ | ધળ | ધૂળ |
| ૭૧ | ૧૧ | કર્યુ | કર્યું |
| ૮૪ | ૧૬ | એને | અને |
| ૮૬ | ૧૧ | સ્થાન | × |
| ૯૦ | ૯ | કરે | કરે તેમ |
| ૯૦ | ૧૦ | તેમ | × |
| ૯૬ | ૧૪ | -૪૬૫ | -૪૬૮ |

**સૂચના :** અનુસ્વાર વગેરે બરાબર ન ઉઠ્યા હોય તેવી ભૂલો અહીં લીધી નથી. ત્યાં વાચકે સ્વયં સુધારી લેવું.

# આર્થિક સહાય

પૂજ્યપાદ શાસનસમ્રાટ્શ્રીના સમુદાયના પૂજ્યપાદ
આચાર્યમહારાજશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. ના
પટ્ટધર પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી વિજય-
હેમચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂજ્યપાદ
ગણિવર્યશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજના
સદુપદેશથી એક ધર્માનુરાગી
સુશ્રાવિકા બહેન.




બિચારા બળદો શક્તિ ઉપરાંત ભારવહન કરીને થાકી જવા છતાં અને ક્ષુધા–તૃષાથી પરેશાન થઈ ગયા હોવા છતાં માલિક ચાબૂકના પ્રહારો મારીને ચલાવે છે. હે જીવ! તેં આવાં દુઃખો અનંતવાર સહન કર્યા છે. માટે હવે સ્વેચ્છાથી સમભાવે દુઃખો સહન કર.

(વિશેષ વર્ણન માટે ૪૦ મા પેજમાં વાંચો)



ભૂખ્યો અને તરસ્યો બિચારો પાડો હદ ઉપરાંત પાણીની પખાલનું વજન ઉપાડીને પહાડ ઉપર ચઢી રહ્યો છે. પહાડ ઉપર ચઢતાં હાંફી રહ્યો છે. છતાં પખાલી પરોણું મારીને તેને ચલાવે છે. હે ચેતન! તેં પરાધીનપણે આવાં દુઃખો ઘણાં સહન કર્યાં છે. આથી હવે તપ વગેરે કરીને સ્વેચ્છાથી દુઃખો સહન કર.

( વિશેષ વર્ણન માટે ૪૧-૪૨ મા પેજમાં વાંચો )



ઉનાળાના ધોમધખતા તાપમાં આગ જેવા બળતા જેસલમેરના રણમાં ચાલીને બિચારો ઊંટ થાકી ગયો હોવા છતાં માલિક તેને દોરડાથી ખેંચીને પરાણે ચલાવે છે હે જીવ! તેં પરાધીનપણે આવાં જે દુઃખો સહન કર્યાં છે તેનું કેટલું વર્ણન થઈ શકે! હવે જો ભવિષ્યમાં આવાં દુઃખો સહન ન કરવાં હોય તો ધર્મ કરવા માંડ.

( વિશેષ વર્ણન માટે ૪૨ મા પેજમાં વાંચો )



આગળથી દોડીને આવેલા શિકારીના કૂતરાએ ભુંડને કાનથી પકડી લીધો. પછી તુરત શિકારીએ આવીને તેને ભાલાથી વીંધી નાખ્યો. આથી તે કરૂણ આક્રંદન કરે છે. પણ તેના આ કરૂણ આક્રંદનને સાંભળનાર કોણ છે?

( વિશેષ વર્ણન માટે ૪૭ માં પેજમાં વાંચો )



જીવતા માછલાને અગ્નિ ઉપર રાખીને ભડથું કરે છે.

( વિશેષ વર્ણન માટે ૫૦મા પેજમાં વાંચો )



બિચારો મફતલાલ લમણા ઉપર હાથ મૂકીને કુટુંબના નિર્વાહની ચિંતા કરી રહ્યો છે બિમાર પડેલી તેની સ્ત્રી ખાટલામાં સૂતી છે. પરણાવવા લાયક બનેલી છોકરી બાજુમાં ઉભી છે. સ્ત્રીની દવા માટે પણ પૈસા નથી તો છોકરીને પરણાવવા પૈસા ક્યાંથી લાવવા? તેની ચિંતામાં પડ્યો છે ક્ષણિક સુખ માટે આવી અનેક ઉપાધિઓ ઊભી કરીને આ જીવે આવાં દુઃખો અનંતવાર સહન કર્યાં છે. હે જીવ! આવા સંયોગોમાં તેં બીજાઓ પાસે પૈસા માટે કેટલી દીનતા કરી છે! આ વખતે તારૂં અભિમાન ક્યાં ગયું? માટે હવે અભિમાન છોડીને દેવ-ગુરુની ભક્તિ કર અને મા-બાપની સેવા કર.

(વિશેષ વર્ણન માટે ૬૨ મા પેજમાં વાંચો)

# ભવભાવના

## ભવભાવના ગ્રંથનો ગુજરાતીમાં સરળ અને સુબોધ ભાવાનુવાદ

જેમનાં ચરણકમલમાં દેવો પણ નમે છે એવા શ્રી વીરપ્રભુનાં ચરણકમળોને નમસ્કાર કરીને જૈન આગમમાં રહેલી સુંદર યુક્તિઓમાંથી ઉત્તમ વચનો લઇને નિર્મલ ભવભાવનાને=ભવભાવના નામના ગ્રંથને હું રચું છું. (૧-૨)

સંવેગ પામીને ભવસ્વરૂપને નિરંતર વિચારતા જીવોને અનુક્રમે કેવલજ્ઞાન થાય છે ત્યારે વિચારેલ તે ભવસ્વરૂપ પ્રત્યક્ષ દેખાય છે. ભવભાવનાનું એટલે કે સંસારના સ્વરૂપનું ચિંતન–મનન કરવાથી વિવેક (=સત્ય–અસત્યનો ખ્યાલ) આવે છે. શ્રી નેમિનાથ આદિ ધીરપુરુષોએ પણ સંસારના વિચિત્ર સ્વરૂપને વિચારીને સર્વસંગનો ત્યાગ કરીને તે તે અનુષ્ઠાનો કર્યાં હતાં. સંસારથી ઉદ્વેગ પામેલા જીવો પણ ભવભાવનારૂપી નિસરણીને પામ્યા વિના મોક્ષરૂપી મહેલમાં ક્યારે ય ચઢી શકતા નથી. આથી ઘર,

પરિવાર, સ્વજન આદિની અશુભ વિચારણાનો ત્યાગ કરી હંમેશાં સંસારના સ્વરૂપને વિચારવું જોઇએ. ઘર, પરિવાર, સ્વજન આદિની અશુભ વિચારણા સઘળાં દુઃખોને ઉત્પન્ન કરે છે. શાસ્ત્રોમાં બાર ભાવનાઓ કહેવામાં આવી છે. તે આ પ્રમાણે છે. (૧) અનિત્યતા (૨) અશરણતા (૩) એકત્વ (૪) અન્યત્વ (૫) સંસાર (૬) અશુચિ (૭) લોકસ્વભાવ (૮) આશ્રવ (૯) સંવર (૧૦) નિર્જરા (૧૧) ઉત્તમ-ગુણ (૧૨) બોધિદુર્લભ. બુદ્ધિમાન જીવે આ બાર ભાવના હંમેશાં ભાવવી જોઇએ. આ ગ્રંથમાં આ બાર ભાવનાઓનું વર્ણન છે. પણ મુખ્યતયા પાંચમી સંસારભાવનાનું વર્ણન છે. અનિત્ય વગેરે અગિયાર ભાવનાઓનું સંક્ષેપમાં અને પાંચમી સંસારભાવનાનું વિસ્તારથી વર્ણન છે. આથી આ ગ્રંથનું 'ભવભાવના' એવું નામ છે.

## ૧. અનિત્ય ભાવના

મનુષ્યલોક તો બધી રીતે અસાર અને અ-નિત્ય છે. આથી એની વાત તો દૂર રાખો, પણ દેવલોકમાં ય જીવન, શરીર, લક્ષ્મી વગેરે સઘળું અનિત્ય જ છે. નદીના કાંઠાની રેતીમાં બાળકો ખોટા હાથી, ઘોડા વગેરે બનાવીને તથા ઘર, રાજ્ય

વગેરેની જુઠી કલ્પના કરીને આનંદથી રમતા રમે છે. પછી એ હાથી, ઘોડા, ઘર, રાજ્ય વગેરે પોતાની મેળે જ નાશ પામી જાય છે, કે બાળકો જ ભૂંસી નાખે છે, અથવા એમ ને એમ મૂકીને રમત કરનારા તે બાળકો જુદી જુદી દિશાઓમાં ચાલ્યા જાય છે. એવી રીતે આ સંસારમાં પણ ઘર, રાજ્ય, વૈભવ, સ્વજન આદિમાં પાંચ દિવસની રમત કરીને જીવો પોતપોતાના કર્મ પ્રમાણે જુદી જુદી ગતિઓમાં ચાલ્યા જાય છે. (૧૧–૧૪)

જીવ જેમ સ્વપ્નમાં મળેલી રાજ્ય વગેરે સુંદર ઇષ્ટ વસ્તુઓથી ક્ષણવાર હર્ષ પામે છે, અને એ બધી વસ્તુઓ ચાલી જતાં ખેદ પામે છે; તેમ થોડા દિવસ માટે મળેલ રાજ્ય વગેરેથી હર્ષ પામે છે અને તે જતા રહે છે ત્યારે દીનતા પામે છે. અર્થાત્ જેમ સ્વપ્નમાં વસ્તુઓનો સંયોગ અને વિયોગ ક્ષણિક હોવાથી તેમાં હર્ષ અને ખેદ કરવો નિરર્થક છે, તેમ આ બાહ્ય દેખાતી ઇષ્ટ વસ્તુઓનો સંયોગ અને વિયોગ ક્ષણિક હોવાથી તેમાં હર્ષ અને ખેદ કરવો નિરર્થક છે. ઇંદ્રજાલ વિદ્યાથી સોનું, રૂપું વગેરે વસ્તુઓ ક્ષણવાર દેખાય છે અને પછી નાશ પામી જાય છે, એવી રીતે હે જીવ!

આ દેખાતા વૈભવ વગેરેમાં પણ જાણી લેજે. વૈભવ આદિ બધી વસ્તુઓ સંધ્યા સમયે થતા વાદળનાં રંગ અને ઈંદ્રધનુષ્યની જેમ ક્ષણિક છે એમ જાણવા છતાં હે જીવ ! એ વસ્તુઓમાં તું કેમ મૂંઝાય છે? આકાશમાં દેખાતા મહેલ કિલ્લા વગેરેથી શોભતાં ગંધર્વનગરોને જો તું કોઇ સ્થળે સ્થિર જુએ, તો તારી આ ઋદ્ધિ વગેરે સ્થિર થાય. (૧૫–૧૯)

હે જીવ ! ધન, સ્વજન અને શરીરબળ આદિથી નિરર્થક ગર્વ કરીને તું સંસારમાં ફર્યા કરે છે. કારણ કે પાંચ દિવસ પછી તું રહેવાનો નથી, અને ધન, સ્વજન વગેરે પણ કાંઇ રહેવાનું નથી. અનંતા કાળમાં અનંતા બળદેવો ચક્રવર્તીઓ અને વાસુદેવો થઇ ગયા. તે બધા અને તેમનો વૈભવ ન રહ્યો તો તું અને તારો વૈભવ કઇ ગણતરીમાં છે? મકાનો, બગીચા, શય્યા, આસન, ગાડી વાહન વગેરે કોઇના પણ નિત્ય નથી, એ બધાએ કોઇનું પણ રક્ષણ કર્યું નથી. માતા–પિતા, સાથે જ મોટા થયેલા મિત્રો, પુત્રો અને સ્ત્રી એ બધાનો સહવાસ, પ્રેમ અને સ્નેહ અનિત્ય છે. બલ, રૂપ, ઋદ્ધિ, યૌવન, પ્રભુતા, સૌભાગ્ય, આરોગ્ય, મનગમતી વસ્તુઓનો સંયોગ

અને જીવન આ બધું અનિત્ય છે. આ રીતે સંસારમાં જે જે સુંદર જણાય છે તે બધું અનિત્ય છે એમ સમજીને બલિરાજાની જેમ નિત્ય એવા ધર્મમાં ઉદ્યમ કર. (૨૦–૨૫)

## ૨ અશરણુ ભાવના

રોગ, જરા અને મૃત્યુના મુખમાં ગયેલા બળવ, ચક્રવર્તી અને વાસુદેવોને પણ આ ભુવનમાં એક જૈનશાસન સિવાય કોઇપણ શરણુ નથી. તાવ, ઉધરસ, દમ, શોષ વગેરે રોગોથી ઘેરાયેલા ઘરના માલિકને જોઇને પાસે રહેલ સ્ત્રી, માતા વગેરે કુટુંબ ખેદ પામે છે, પરંતુ કોઇ દુઃખમાં ભાગ લેતું નથી, કોઇ રોગથી મુક્ત કરી શકતું નથી, કોઇ ક્ષણવાર પણ શરણભૂત થતું નથી. બલ્કે તેના શરીરમાં વેદના અધિક વધે છે. જેના ઘણા સ્વજન સ્નેહીઓ હોય, અને જેનું કોઇ ન હોય તે બંને જ્યારે અસાધ્ય વ્યાધિથી પીડિત થાય છે ત્યારે વિલાપ કરે છે, આ વખતે તે બંને અશરણુ હોવાથી બંનેની અવસ્થા સરખી જ છે. કારણ કે અસાધ્ય રોગથી પીડાતા જીવને ઔષધ વગેરે સાધનો મળવા છતાં અને ઘણા સેવા કરનારા હોવા છતાં રોગની પીડાથી કોઇ બચાવી શકતું નથી. વૈભવવાળા

હોય કે ગરીબ હોય, પણ જે સ્વકર્મના ઉદયથી આવેલા રોગથી પીડાતા હોય અને પોતાના દુઃખને રોતા હોય, તે બંનેની અશરણતામાં કોઇ ભેદ નથી, અર્થાત્ બંને સમાનપણે અશરણ છે, વિશાળ, રાજ્ય, વિપુલ વૈભવ, હાથી ઘોડા, રથ અને પાયદળ રૂપ ચાર પ્રકારનું સૈન્ય અને અનેક સ્વજનો હોવા છતાં કોઇએ કૌશાંબી નગરીના રાજાનું રોગોથી રક્ષણ કર્યું નહિ. (૨૬-૩૧)

ભરયૌવનમાં વિલાસ કરતો જીવ અભિમાની બનીને ભુવનને તૃણ સમાન ગણે છે-માને છે, પરંતુ યૌવનનો નાશ કરનાર વૃદ્ધાવસ્થાનું (દૃષ્ટિમાં ખામી, દાંત પડી જવા, કાને ન સંભળાવું વગેરે) સૈન્ય, કે જે દોડીને આવી રહ્યું છે, તેને મૂઢ જીવ જોતો નથી. નવા નવા વિલાસની સંપત્તિથી સુખકારી યૌવન અવસ્થામાં રહેલા જીવને મનમાં પણ વિચાર આવતો નથી કે જરાનું સૈન્ય બહુ જ નજીકમાં રહેલું છે. તેવામાં એક દિવસ પલિતના (=સફેદ વાળના) બહાને કાન પાસે આવીને "ધર્મકરવા માંડ" એમ કહેતી જરાની ધાડ જલદી આવી પડે છે. આવતી જરાની ધાડને ચક્રવર્તીનું સૈન્ય પણ અટકાવી શકતું નથી, તો પછી ધન-

ધાન્ય વગેરે બીજી વસ્તુઓ શરણભૂત ન થાય એમાં શું નવાઇ છે? શરીરે કરચલીઓ પડી જવાથી અને વાળ ધોળા થઇ જવાથી જોવું ન ગમે, આંખમાંથી પાણી આવ્યે જતું હોય, મુખમાંથી લાળ પડતી હોય, સ્ત્રીઓ મશ્કરી કરતી હોય, આવું ઘડપણ અશરણ જીવને આવે છે. ઘડપણમાં અસાધારણ શક્તિ રહેલી છે. ઘડપણ પોતાની અસાધારણ શક્તિથી જીવની બધી આશાઓનો ભાંગીને ભુક્કો કરી નાખે છે, કાળા પણ કેશોને માલતીના પુલ જેવા ધોળા બનાવી દે છે, શરીરના બળનો નાશ કરી નાખે છે, કાનને બહેરાં બનાવી દે છે, દાંતને પાડી નાખે છે, આંખની શક્તિને અટકાવે છે, બળવાનની મજબૂત પીઠને ભાંગી નાખે છે. સ્વજનો પણ પરાભવ કરે, હાથ આદિ અંગો શૂન્ય થઇ જાય, શરીરે વાયુના દર્દો થાય, નાકમાંથી શ્લેશ્મ નીકળ્યા કરે વગેરે જરાનું સૈન્ય છે. ઘડપણ ભલભલાના બળના અભિમાનનું ખંડન કરે છે. (૩૨-૩૯)

જરાથી ભય પામેલા બિચારા જીવો રસાયણનું સેવન વગેરે ઉપચારો કરે છે, ધોળા વાળને કાળી વસ્તુઓથી ઢાંકે છે-છુપાવે છે, કરચલીઓ અને

ગાલના ખાડાઓને છુપાવવાનો પ્રયત્ન કરે છે, પોતાની જન્મતિથિ વગેરે ખોટી કહીને ઉંમરને છુપાવે છે. પરંતુ મૂઢ જીવો જાણતા નથી કે શ્રી જિનેશ્વરદેવના વચનરૂપી રસાયણ સિવાય બીજા કોઇ પણ ઉપાયથી અટકાવેલી જરા અવશ્ય આવે છે. હે જીવ! જો તને આ ભયંકર જરાનો ભય લાગતો હોય તો જિતશત્રુ રાજાની જેમ શ્રી જિનેશ્વરના ચરણકમળનું શરણ સ્વીકાર. (૪૦–૪૨)

હે જીવ ! જ્યારે મરણ આવી રહ્યું હોય અને સ્વજનો ગભરાઇને દોડાદોડ કરી રહ્યા હોય, તે વખતે "એક જિનધર્મ સિવાય તને કોણ શરણ થાય તેમ છે." તેનો તું વિચાર કર. સંપૂર્ણ ત્રણ લોકના નાથ, સઘળા ઉપાયોની વિધિને જાણનારા અને અનંતબળવાળા શ્રી તીર્થંકરોને પણ મરણ નામશેષ કરી નાખે છે, તો બીજાની શી વાત કરવી? ઘણી શક્તિવાળા, ક્રોડો દેવોના પરિવાર-વાળા, વજ્ર વડે પ્રચંડ બાહુદંડવાળા ઇંદ્રને પણ તેના સઘળા સત્ત્વને નકામું બનાવી દઇને મૃત્યુરૂપી સિંહ હરણની જેમ લઇ જાય છે. જે છ ખંડ પૃથ્વીનો સ્વામી છે અને સઘળા રાજાઓ જેના ચરણ

કમળમાં નમે છે એવા ચક્રવર્તીને પણ પરવશપણે યમરૂપી રાહુ ચંદ્રની જેમ ગ્રસિત કરી નાખે છે, અર્થાત્ જેમ રાહુ ચંદ્રને ગળી જાય છે, તેમ મૃત્યુ ચક્રવર્તીને પણ ખાઇ જાય છે. ડાબા હાથના તળિયાથી કોટિશિલાને પણ રૂના પુમડાની જેમ ઉપાડી લેનારા વાસુદેવોને પણ યમરૂપી પવન દીવાની જેમ બુઝાવી નાખે છે.

[કૂવાના કાંઠે બેઠેલા વાસુદેવના ડાબા હાથે સાંકળ બાંધેલી હોય, જમણા હાથથી લહેરથી ભોજન કરતો હોય. આવી સ્થિતિમાં તે સાંકળને પોતાના સૈન્ય સહિત સોળ હજાર રાજાઓ ખેંચે તો પણ વાસુદેવ જરાય ખેંચાય નહિ. ઊલટું જો વાસુદેવ ડાબા હાથે બાંધેલી સાંકળને ડાબા હાથથી જ ખેંચે તો ખેંચનારા બધા ખેંચાઇને પોતાની પાસે આવી જાય. આટલું બળ વાસુદેવમાં હોય છે. ચક્રવર્તીમાં તેનાથી બમણું બળ હોય છે. અર્થાત્ તેને સૈન્યસહિત બત્રીશ હજાર રાજાઓ ખેંચે તો પણ ન ખેંચાય.] આવા બળવાન આત્માઓને પણ મૃત્યુના મુખમાં જતાં કોઇ શરણ થઇ શકતું નથી તો કીડા જેવા બીજા લોકોની શી ગણતરી કરવી ? (૪૩-૪૮)

કદાચ તું સેંકડો ઔષધિઓનું સેવન કરીશ, (મંત્રલા) સેંકડો પથ્થરો તારા બાહુમાં બાંધીશ, અગ્નિમાં હોમ કરાવીશ, વિદ્યા, મંત્ર અને શાંતિ-કર્મ કરાવીશ, બીજાપણ જીવહિંસાથી ભરેલા કામણ–ટુમણ આદિ ઉપાયો કરાવીશ, તો પણ શરણરહિત તને યમરૂપી સર્પ અવશ્ય દંશ દેશે. તારા મરણકાળે તારી પાસે આવીને રોઇ રોઇને આંસુના પ્રવાહથી તારી છાતીને ભીની કરી નાખ-નાર કુટુંબ પોતાનાજ સ્વાર્થમાં તત્પર હોય છે, અર્થાત્ પોતાના સ્વાર્થ માટે જ રડે છે. આ જગ-તમાં ધન–ધાન્ય, રત્નો, સ્વજનો વગેરે મરણ સમયે કોઇનું પણ રક્ષણ કરી શકતા નથી. ઘણું ધન હોવા છતાં નંદરાજા બચી શક્યા નહિ ગાય વગેરે પશુઓ રૂપ ગોધન ઘણું હોવા છતાં કુચિકર્ણ શેઠનું રક્ષણ થયું નહિ. ધાન્ય ઘણું હોવા છતાં તિલકશેઠનું રક્ષણ થયું નહિ. સાઠ હજાર પુત્રો હોવા છતાં સગરરાજાને એકેય પુત્ર કામ આવ્યો નહિ. હે જીવ ! આ પ્રમાણે આત્માનું અશરણપણું જાણીને ગજપુરનગરના રાજપુત્રની જેમ જરા–મરણ રૂપી વેલડીને છેદી નાખનારા શ્રીજિનધર્મના પાલ-નમાં ઉદ્યમ કર. (૪૯–૫૪)

## ૩ એકત્વભાવના

જીવ એકલો કર્મોને બાંધે છે, કર્મનું ફળ પણ એકલો ભોગવે છે, એકલો જન્મે છે, એકલો મરે છે, અને એકલો પરભવ જાય છે. સ્વજનોની પાસે રહેલો હોવા છતાં રોગોથી હેરાન થયેલો જીવ એકલો દુઃખ ભોગવે છે. સ્વજનો પણ તેના રોગને વહેંચી લેતા નથી અને નથી તો રોગને દૂર કરતા. વૈભવ અને સ્વજનોને મૂકીને એકલા જીવને મૃત્યુ લઇ જાય છે, આ વખતે તેની ચારે બાજુ બેઠેલા બાંધવો કરુણ શબ્દોથી વિલાપ કરે છે પણ મૃત્યુથી બચાવી શકતા નથી. અલગ અલગ પોતાના કર્મફળને અનુભવતા જીવોને અહીં જગતમાં કોણ કોનો સ્વજન છે? અને કોણ કોનો પરજન છે? અર્થાત્ કોઇ કોઇનો સ્વજન પણ નથી અને પરજન પણ નથી; માત્ર મોહની ચેષ્ટા છે. (૫૫–૫૮)

મૂઢ લોક પરભવમાં ગયેલા અન્યજનનો શોક કરે છે, પણ સંસારમાં દુઃખ પામતા એક પોતાનો શોક કરતો નથી. જીવ પુત્ર, સ્વજનો તથા પરિજનો માટે અનેક પ્રકારનાં પાપો કરે છે. પણ નારકીમાં એકલો જ દારુણ વેદનાઓ સહન કરે છે.

હે જીવ! જેમના માટે તેં અસત્યવચન, છેતરપિંડી, વિશ્વાસઘાત વગેરે પાપો કર્યાં તેઓ પાપનું ફળ ભોગવતી વખતે નાહી ધોઇ કાંઠે ઊભા રહી જાય છે. અર્થાત્ તેં તેમના માટે પાપો કર્યાં તો પણ તેઓ પાપનું ફળ ભોગવવા સાથે આવતા નથી. (૫૯–૬૨)

તિર્યંચમાં (પશુમાં) પાડા, ઘોડા, આદિ જાતિમાં ઉત્પન્ન થયેલો જીવ એકલો જ ભારને વહન કરે છે, અને એકલો જ ચાબુક આદિ વડે માર ખાય છે. મૂર્ખ જીવ દુષ્ટ કુટુંબ માટે વિવિધ પ્રકારનાં પાપો કરે છે. પણ ભવચક્રમાં ભમતો એકલો જ દુઃખો સહન કરે છે. મારો સ્વજનાદિકનો વિસ્તાર આટલો બધો મોટો છે, એ પ્રમાણે હર્ષિત થઇને જેણે સ્વજનાદિ માટે વિવિધ પ્રકારનાં પાપો કર્યાં તેને પણ નરક, તિર્યંચ આદિમાં દુઃખો અનુભવતી વખતે પોતાના દુઃખના અંશને પણ ગ્રહણ કરે એવો બીજો કોઇપણ નથી દેખાતો. (૬૩–૬૬)

છ ખંડ પૃથ્વીની મધ્યમાં રહીને ચક્રવર્તીની ઋદ્ધિને ભોગવીને વૈભવ અને શરીરને અહીં મૂકીને જીવ એકલો ચાલ્યો જાય છે. જીવ એકલો જન્મ, વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મરણ પામે છે, એકલો

જાય છે. ખરેખર! આ સંસારમાં કોનો બીજો કોઇ છે? આ પ્રમાણે હે જીવ! શાશ્વત આત્માને ત્રણે ભુવનમાં એકલો જ સમજ. ક્રોડો સ્વજનો હોય તો પણ તે બધા અહીં જ રહે છે અને મધુરાજાની જેમ જીવ એકલો પરભવમાં જાય છે. (૬૭–૬૯) આ પ્રમાણે ત્રીજી એકત્વભાવના પૂર્ણ થઇ.

## ૪ અન્યત્વભાવના

જીવથી આ કુટુંબ અન્ય છે, લક્ષ્મી અન્ય છે, શરીર પણ અન્ય છે. જિનેશ્વરના ધર્મ સિવાય અન્ય કોઇપણ ભવાંતરમાં જીવ સાથે જતું નથી. આત્મા જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ પદાર્થોનો જ્ઞાતા છે. દેહ વગેરે વસ્તુ જડ છે. જીવ પરભવમાં જાય છે. શેષ દેહ વગેરે જડ પદાર્થો અહીં જ રહે છે. જીવ નિત્ય સ્વભાવવાળો છે. શેષ વસ્તુઓ વિનાશી છે. જીવ બાહ્ય કારણોથી ઉત્પન્ન થતો નથી, કિંતુ અનાદિથી છે. વૈભવ વગેરે વસ્તુ બાહ્ય કારણોથી ઉત્પન્ન થાય છે. જીવ કર્મ બાંધે છે, અને કર્મના ઉદયકાળે તેના ફળને ભોગવે છે.

પણ શેષ ધન, સ્વજન અને પરિજનાદિ તો કર્મના [1]કાર્ય અને [2]કારણ છે. (૭૦–૭૩)

હે જીવ ! આ પ્રમાણે જીવ અને પુદ્‌ગલાદિનો ભિન્ન સ્વભાવ હોવાથી વૈભવ અને સ્વજનોને વિષે તારી મૂર્ચ્છા શી ? અથવા શું એમનાઓથી તારું ભવાંતરમાં રક્ષણ થશે ? જીવ, શરીર, સ્વજન અને વૈભવાદિ પદાર્થોનું અન્યત્વ સિદ્ધ થવાથી તથા ઉપકાર અને [3]અપકારભાવનો સંદેહ હોવાથી સ્વજનોનેવિષે મમતા શું ? અને પરજનોને વિષે દ્વેષ શો ?

પવન જેમ સૂક્ષ્મ હોવાથી આકાશમાં દેખાતો નથી, તેમ આત્મા પણ રૂપ રહિત ઇંદ્રિયોથી

૧ શુભાશુભ કર્મના ઉદય પ્રમાણે ધન વગેરે મળે છે માટે ધન વગેરે કર્મનાં કાર્ય છે.

૨ ધનાદિને વિષે મમત્વ કરવાથી કર્મ બંધાય છે. આથી ધન વગેરે કર્મનાં કારણ છે.

૩ અહીં કોઈ કહે કે જીવથી સ્વજનાદિ ભિન્ન હોવા છતાં પણ પુત્ર વગેરે મોટા થતાં ભવિષ્યમાં સેવા આદિ વડે ઉપકાર કરશે તેથી તેમના ઉપર મમત્વ છે. પરજન કોઈ ઉપકાર કરતા નથી તેથી તેમના ઉપર દ્વેષ છે. તો તેને જણાવવા કહે છે કે ઉપકાર અને અપકાર ભાવમાં સંદેહ છે. એટલે કે કેટલીક વખત મોટા થયેલા પુત્રાદિ પણ સ્વાર્થ આદિના કારણે ઘાત વગેરે વડે પિતા ઉપર અપકાર કરે છે, અને કેટલીક વખત પાડોશી આદિ પરજન પણ પોતાની ઉન્નતિ થતાં ઉપકાર કરે છે.

દેખાતો નથી. ઇંદ્રિયોથી નહિ દેખાતો જીવ ધન અને સ્વજનના સમૂહને ઉપાર્જન કરીને ભવરૂપી વનને વિષે ભમે છે. અર્થાત્ ધન અને સ્વજનો ભવભ્રમણનું કારણ હોવાથી તેમનો ત્યાગ કરવો જોઇએ. (૭૪-૭૬)

જેમ જુદી જુદી દિશાઓમાંથી આવેલ મુસાફર લોક એક ધર્મશાળામાં સાથે રહીને પ્રભાત સમયે જુદી જુદી દિશાઓમાં ચાલ્યા જાય છે, અથવા જેમ રાત્રિના સમયે પક્ષીઓનાં ટોળાંઓ મોટા ઝાડ ઉપર સાથે રહીને સૂર્યોદય થતાં પોતપોતાની ઇચ્છા પ્રમાણે ભિન્ન ભિન્ન દિશાઓમાં ચાલ્યાં જાય છે, અથવા જેમ ગાયો ગોવાળની પાસે વનમાં સાથે ચરીને સંધ્યા સમયે જુદા જુદા ઘરોમાં ચાલી જાય છે, એ પ્રમાણે કર્મરૂપી બંધનમાંથી બંધાયેલા જીવો વિવિધ સ્થાનોથી આવીને એક કુટુંબમાં સાથે રહીને મૃત્યુ થતાં જુદી જુદી ગતિઓમાં ચાલ્યા જાય છે. હે જીવ ! આ પ્રમાણે ધન, સ્વજન વગેરે જીવથી જુદા છે એમ વિચારીને ઘર, સ્ત્રી અને સ્વજન ઉપર મમત્વનો ત્યાગ કરીને ધનસારની જેમ પોતાના સ્વભાવરૂપ ધર્મમાં ઉદ્યમ કર. (૭૭-૮૨) આ પ્રમાણે ચોથી અન્યત્વ ભાવના પૂર્ણ થઇ.

# ૫ ભવભાવના*

## નરકગતિનું સ્વરૂપ

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ સંસારની ચાર ગતિ છે. તેમાં નરકગતિનું સ્વરૂપ આ પ્રમાણે (હવે કહેવાશે તે પ્રમાણે) વિચારવું.

તે નરકગતિમાં આ રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓ છે. તે સર્વે સર્વ દિશાઓમાં લંબાઇ અને પહોળાઇમાં નીચે નીચે અધિક વિસ્તારવાળી છે. રત્નપ્રભાદિ સાત પૃથ્વીમાં અનુક્રમે ત્રીશ, પચીશ, પંદર, દશ, ત્રણ, પાંચન્યૂન એક લાખ અને પાંચ નરકાવાસો છે. સર્વ પૃથ્વીમાં કુલ ચોરાશી લાખ છે.

---

* આ ગ્રંથનો ખરો રસ આ ભવભાવનામાં છે. તે અહીંથી શરૂ થાય છે. ચારે ગતિમાં વર્ણવેલાં દુઃખો અત્યંત મનન કરવા લાયક છે. આપણો આત્મા અનંત વીર્ય (શક્તિ)નો ધણી હોવા છતાં અનાદિ કાળથી મોહના પંજામાં ફસાઇ ગયેલો હોવાથી પોતાના સ્વભાવને છોડીને વિભાવદશામાં રમી રહ્યો છે. તેથી તે સુખ ઉપર રાગ કરે છે અને દુઃખ ઉપર દ્વેષ કરે છે. આથી સુખો મેળવવા અને દુઃખો દૂર કરવા હિંસા, જુઠ, ચોરી વગેરે પાપો કરે છે. એ પાપોથી અશુભ કર્મ બંધાય છે. પછી અશુભ કર્મનો ઉદય થાય ત્યારે ઘોર દુઃખો ભોગવવાં પડે છે. જીવે સુખ મેળવવા અને દુઃખ દૂર કરવા પાપો કરીને જે દુઃખો ભોગવ્યાં છે તેનું આ ભાવનામાં બતાવ્યા પ્રમાણે એકાગ્ર ચિત્તે વારંવાર ચિંતન કરવામાં આવે તો રાગ કરાવનાર સુખ ઉપર અને સુખનાં સાધનો ઉપર દ્વેષ થાય અને દુઃખને આનંદથી સહન કરવાનું મન થાય.

તે નરકાવાસો અંદર ગોળ અને બહાર સમચોરસ છે. નીચે (ચાલવાની જગ્યાએ) અસ્ત્રાના[૧] આકારે રહેલા છે. અને અત્યંત દુર્ગંધમય છે. તથા સદા દુર્ગંધમય ચરબી[૨] માંસ અને લોહીના કીચડવાળા અપવિત્ર હોય છે. પ્રથમની ત્રણ નરકમાં સઘળા અને ચોથી–પાંચમીમાં કેટલાક નરકાવાસો સ્વભાવથી જ અત્યંત ઉષ્ણ હોય છે[૩].

ત્યાર પછીના નરકાવાસો[૪] સ્વભાવથી જ દુઃસહ અત્યંત શીતવેદનાવાળા હોય છે. તથા[૫] સઘળા નરકાવાસો સદા અત્યંત અંધકારવાળા અને સર્વ દુઃખોની ખાણરૂપ છે. (૮૩, ૮૭)

જો કોઇ દેવ મેરુપર્વત તેટલા હિમના પિંડને ઉષ્ણ નરકમાં નાખે તો તે પિંડ નરકમાં પડ્યા વિના

---

૧. આથી નરકાવાસની ભૂમિના સ્પર્શમાત્રથી નારકો ઘણુંદુઃખ પામે છે.

૨. ત્યાં ચરબી આદિ વસ્તુઓ પરમધામીઓએ વિકુર્વેલી જાણવી. કારણ કે ત્યાં તે વસ્તુઓ અહીંની જેમ સ્વાભાવિક હોતી નથી. તથા ચોથી આદિ નરકમાં પરમાધામીઓ જતા નથી. ત્યાં વિકુર્વેલા પણ માંસાદિ હોતા નથી. તો પણ તે નરકો સ્વભાવથી જ અત્યંત દુર્ગંધમય હોય છે.

૩. આથી ત્યાં ક્ષેત્રકૃત ઉષ્ણ વેદના હોય છે.

૪. ચોથી પાંચમી નરકના કેટલાક અને છઠ્ઠી સાતમીના સઘળા.

૫. આથી ત્યાં ક્ષેત્રકૃત શીત વેદના હોય છે.

પણ અંદરથી જ જલ્દી ઓગળી જાય એટલી ગરમી તેમાં હોય છે. અગ્નિના જેવા લાલચોળ અને મેરુ-પર્વત જેટલા મોટા તપાવેલા લોઢાના ગોળાને શીત નરકમાં નાખે તો હિમનો પિંડ થઈ જાય તેટલી ઠંડી ત્યાં હોય છે.

[ આ વર્ણનથી નરકમાં ઠંડી અને ગરમી કેવી હોય છે તેનો સામાન્ય ખ્યાલ આવે છે. બીજે પણ કહ્યું છે કે નારકીમાં એટલી બધી ઠંડી હોય છે કે જો તે ઠંડીથી પીડાતા નારકીના જીવને અહીં ભર-શિયાળામાં બરફના ઢગલા ઉપર મૂકવામાં આવે આવે તો તેને જાણે પોતે સગડીના તાપ પાસે બેઠો છે એમ લાગે. તથા ઉષ્ણ વેદના પણ એટલી બધી હોય છે કે ત્યાંની ગરમીથી પીડાતા નારકીના જીવને અહીં લાવીને અત્યંત ધગધગતી અંગારાની ભઠ્ઠીમાં સુવાડવામાં આવે તો પણ તેને જાણે પોતે સમુદ્રની ઠંડી હવાવાળા મેદાનમાં સૂતો છે એમ લાગે અને ઘસઘસાટ ઊંઘી જાય. આ ઉપરથી આપણે વિચારવાનું છે કે આપણો જીવ પણ ત્યાં અનેકવાર જઈ આવ્યો છે. તેથી અનેકવાર આવા નરકનાં દુઃખો સહન કર્યાં છે. પણ અત્યારે તેને ભૂલી ગયો હોવાથી સહેજ કષ્ટ આવતાં ગભરાય

છે આથી જ્યારે દુઃખ આવે ત્યારે આવાં દુઃખોને યાદ કરવાથી સમભાવે દુઃખ સહન કરવાનું બળ આવે છે. ] (૮૮-૮૯)

તે નરકોમાં ચારે બાજુ અતિ કઠણ વજ્રની ભીંતો હોય છે. તે ભીંતોમાં સાંકડા મુખવાળા ઘટિકાલયો (=ગોખલાના જેવાં છિદ્રો) હોય છે. મૂઢ જીવો સંસારમાં મહાઆરંભ, અતિઘોર પરિગ્રહ, પંચેન્દ્રિયવધ અને માંસાહાર આદિ પાપો કરીને પાપના સમૂહથી ભારે થયેલા અને શરણ વિનાના પાણીમાં પડેલા લોઢાના ગોળાની જેમ નીચે નરકમાં ઘટિકાલયમાં જાય છે, અને ત્યાં નરકના જીવરૂપે ઉત્પન્ન થાય છે. તે ઘટિકાલયમાં નારકીના જીવોનું શરીર (ઉત્પન્ન થતી વખતે) અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ (=આંગળીથી પણ ઘણું નાનું) હોય છે. પછી અંતર્મુહૂર્ત માત્રમાં (=લગભગ પોણા કલાકથી પણ ઓછા સમયમાં) તે મોટું થઇ જાય છે. તેથી સાંકડા ઘટિકાલયમાં નહિ સમાતો તે નારકનો જીવ દુઃખ પામે છે, અને ઘાણીમાં પીલાતા હાથીની જેમ કરુણ આક્રંદ કરે છે. (૯૦-૯૪)

નરકના જીવને આ પ્રમાણે ઉત્પન્ન થયેલો જોઇને આનંદ પામેલા પરમાધામીઓ "અરે પકડો પકડો આ દુષ્ટને" આ પ્રમાણે બોલતાં બોલતાં તેની પાસે દોડી આવે છે. પછી તેને છરામાં લઇને વાંસના સળીયાની જેમ ખેંચીને સાંકડા યંત્રમાંથી બહાર કાઢે છે. આ વખતે તેનું શરીર છોલાય છે. આથી બિચારો તે કરુણ વિલાપ કરે છે. અંબ, અંબર્ષિ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ. મહાકાલ, અસિ, પત્રધનુ, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ એ પ્રમાણે પંદર પ્રકારના પરમાધામીઓ છે. (૯૫-૯૮)

આ પરમાધામીઓ નવા ઉત્પન્ન થયેલા નરકના જીવને જોઇને ગર્જના કરતાં કરતાં ચારે બાજુથી તેની પાસે દોડી આવે છે. અને અરે અરે આ પાપીને જલદી મારો છેદો ભેદો એ પ્રમાણે બોલતાં નિષ્ઠુર હૃદયવાળા તે બાવલ્લ (શસ્ત્રવિશેષ), ભાલા, બાણ, તલવાર, અને કુંતાઓ વડે ઘટિકાલયમાંથી નીકળતા તેને વીંધે છે અને છેદે છે. ઘટિકાલયમાંથી નીચે પડતાં પણ કરુણ આક્રંદન કરતો હોવા છતાં પહેલો એક પરમાધામી તેને મોટી શૂળી

ઉપર ચડાવે છે. પછી બીજો તેને શૂળી ઉપરથી કાંટાઓના ઢગલામાં પછાડે છે. વળી બીજો પરમાધામી તેને વજ્રાગ્નિની ચિતામાં નાંખે છે. અંબ વગેરે જાતિના પરમાધામીઓ નરકના જીવોને જુદી જુદી રીતે નીચે પ્રમાણે દુઃખ આપે છે. (૯૯-૧૦૨)

અંબ જાતિના પરમાધામીઓ નારકીના જીવોને રમતથી વિવિધ પ્રકારના ભયો દેખાડીને દૂર સુધી પાછળ દોડીને કૂતરાની જેમ આમ તેમ દોડાવે છે. તથા આકાશમાં ઊંચે લઇ જઇને આકાશમાંથી ઉંધા મસ્તકે નીચે છોડી મૂકે છે. નીચે પડતા તેને વજ્રમય સળીઓ વડે વીંધે છે. તથા મુદ્દગર આદિ વડે પ્રહાર કરે છે. અંબજાતિના પરમાધામીઓથી મુદ્દગરાદિ વડે હણાયેલા અને અતિશય મારના કારણે મૂર્ચ્છિત થયેલા નારકીના જીવોને અંબર્ષિ જાતિના પરમાધામીઓ છરા જેવા હથિયારથી વિચિત્ર નાના મોટા ટુકડાઓ કરીને કાપે છે. શ્યામ જાતિના પરમાધામીઓ નરકના જીવોને તેમના અંગોપાંગ છેદીને ઘટિકાલયથી નીચે વજ્ર ભૂમિમાં ફેંકીને વજ્રમય અણીદાર દંડ વડે વીંધીને તથા દોરડાના અને પગના તળીયાના પ્રહારોથી તીવ્ર દુઃખ પમાડે છે. (૧૦૩-૧૦૫)

શબલ જાતિના પરમાધામીઓ નારકોના પેટ અને હૃદયને છેદી નાંખે છે, અને તેમાંથી આંતરડાં, ચરબી, માંસ વગેરે વારંવાર બહાર કાઢીને તેમને બતાવે છે. રુદ્રજાતિના દેવો નારકોને નિર્દયપણે તલવારોથી છેદે છે. ત્રિશૂળ, શૂળ. વજ્રમયશૂળી અને ભાલા વગેરેમાં પરોવે છે, અને ચિતામાં બાળે છે. ઉપરુદ્રજાતિના પરમાધામીઓ નારકોના અંગોપાંગોને ભાંગી નાખે છે. તથા સાથળ, બાહુ મસ્તક, હાથ અને પગના ખંડ ખંડ ટુકડા કરી નાંખે છે. કાલજાતિના પરમાધામીઓ પ્રલાપ કરતા નારકોને [1]મીરા, [2]શુંઠક, [3]કંડુ, [4]પરાનક, [5]કુંભી અને [6]લોહીમાં જીવતા માછલાની જેમ પકાવે છે. (૧૦૬–૧૦૯)

મહાકાલજાતિના પરમાધામીઓ નરકમાં નારકોને તેમનાં શરીરમાંથી સિંહના પુચ્છ સમાન આકારવાળા અને કોડી પ્રમાણ માંસના ટુકડાઓ

---

૧ વજ્રની અગ્નિથી ભરેલો મોટા ચુલો. ૨ વજ્રમય તીક્ષ્ણ ભાજન વિશેષ.

૩ અત્યંત તપેલી કડાઈ. ૪ પકાવવાનું પાત્ર વિશેષ. ૫ ઊંટડીની આકૃતિ સમાન પકાવવાનું સ્થાન વિશેષ. ૬ અત્યંત તપેલી લોહમય પૃથ્વી. એ પૃથ્વી અત્યંત ગરમ હોય છે. તેના ઉપર નારકોને મૂકીને પકાવે છે.

કાપીને ખવડાવે છે. અસિજાતિના પરમાધામીઓ તલવાર આદિ વડે નારકોના હાથ, પગ, સાથળ, બાહુ, મસ્તક તથા અન્ય અંગોપાંગોને સદા છેદે છે. પત્રધનુજાતિના પરમાધામીઓ નારકોને [1]અસિપત્ર વન વિકુર્વીને દેખાડે છે. છાયાના અભિલાષી નારકો ત્યાં જાય છે. આ વખતે પવનથી હાલેલા વૃક્ષ ઉપરથી પડેલા તલવાર આદિ હથિયારો વડે તેમનાં કાન, હોઠ, નાક, હાથ, પગ, સાથળ વગેરેને છેદે છે. [2]કુંભ જાતિના પરમાધામીઓ નારકોને કુંભી, પચનક, શુંઠક, કંદુ (કંડુ) અને લોઢાની [3]કુંભી ઉપર ઉકળતા તેલ આદિમાં ભજીયાની જેમ તળે છે. તથા વાલુકા જાતિના પરમાધામીઓ નારકોને તડતડ ફુટતા ચણાની જેમ ભઠ્ઠીની રેતી કરતાં અનંતગણી તપેલી કદંબ [4]વાલુકાના ઢગલામાં શેકે છે. (૧૧૦-૧૧૫)

---

૧ આ વનમાં તલવાર આદિ શસ્ત્રના આકાર સમાન પત્રોવાળા વૃક્ષો હોય છે. પણ અસિ(=તલવાર) આકારવાળા પત્રો વિશેષ હોય છે. માટે તેનું અસિપત્રવન નામ છે.

૨ નારકો વૃક્ષ નીચે આવે એટલે પરમાધામીઓ પવન વિકુર્વે છે. તેથી ઝાડો હાલે છે એટલે ઝાડ ઉપરથી તલવાર આદિના આકારવાળા પત્રો પડે છે. તેનાથી તેમના અવયવો છેદાય છે.

૩ આ શબ્દોના અર્થો માટે ૨૨ મા પેજના ટીપણુમાં જુઓ.

૪ વાલુકા એટલે રેતી. તે રેતી કદંબવૃક્ષના પુષ્પ સમાન આકૃતિવાળી હોવાથી તે કદંબવાલુકા કહેવાય છે.

વૈતરણીજાતિના પરમાધામીઓ ચરબી, પરૂ, લોહી, વાળ, અને હાડકાને વહન કરનારી, કકળતા ઉકળેલા લાક્ષારસના પ્રવાહવાળી, ઘણા ખારવાળી અને અત્યંત ગરમ પાણીવાળી વૈતરણી નામની નદી વિકુર્વીને તેમાં દુ:ખી નારકોને ચલાવે છે. અને તપાવેલી લોઢાની નાવમાં બેસાડે છે. કઠોર શબ્દનો પ્રલાપ કરતા ખરસ્વર જાતિના પરમાધામીઓ નારકોને કુહાડીઓથી નારકો પાસે પરસ્પર (=એક-બીજાની) ચામડી વગેરે અત્યંત છોલાવે છે. તથા જાતે પણ નિર્દયપણે કરવતો વડે બરોબર વચ્ચ-માંથી લાકડાની જેમ ફાડી નાંખે છે, વિકરાળ અને વજ્રના કાંટાઓથી ભયંકર મોટા શાલ્મલિવૃક્ષો ઉપર ચડાવે છે. મોટી બૂમો પાડતા મહાઘોષ જાતિના પરમાધામીઓ પોતે કરેલી કદર્થનાના ભયથી ગભરાઇને નાસી જતા નારકોને પશુઓની જેમ એકઠા કરીને ત્યાં રહેલા વધસ્થાનમાં રોકે છે. (૧૧૬–૧૨૦)

આ પ્રમાણે નારકોને પછાડવામાં આવે, કાપ-વામાં આવે, તળવામાં આવે, છેદવામાં આવે, ભેદવામાં આવે, બાળવામાં આવે, સેકવામાં આવે, બાળી નાંખવામાં આવે, તોડવામાં આવે, ઓગાળ-

વામાં આવે. તો પણ પાપના ઉદયથી ફરી પણ પારાના રસની જેમ તે જ પ્રમાણે મળી જાય છે. (=હતા એવા થઇ જાય.) બિચારા નારકો એવી વેદનાના કારણે મરવાને ઇચ્છતા હોવા છતાં કોઇ-પણ રીતે મરતા નથી. તેથી દીન થયેલા નારકો પરમાધામીઓને કહે છે કે–હે સ્વામી! હે પ્રભુ! હે નાથ! ન મારો, ન મારો, અમારા ઉપર પ્રસન્ન થઇને હવે અત્યંત દુઃસહ આ દુઃખને ન કરો, એ પ્રમાણે ફરી ફરી પણ પરમાધામીઓના પગમાં પડે છે, મોઢામાં આંગળી ઘાલે છે, અને દીન વચનો બોલે છે. (૧૨૧-૧૨૪)

પછી પરમાધામીઓ તેમને કહે છે કે–અરે! આજ તને દુઃખ દુઃસહ છે! પણ જ્યારે પાપો કર્યાં ત્યારે ખુશ થઇને કર્યાં. તું ખુશ થઇને વાચાળ-પણાથી જગતમાં સર્વજ્ઞ નથી, અથવા હું જ આ જગ-તમાં સર્વજ્ઞ છું, અથવા ખાઓ, પીઓ, પરલોક કોણે જોયો છે? પુણ્ય પાપ નથી, ચાર ભૂત સિવાય બીજો જીવ દેખાતો નથી, વગેરે બોલતો હતો. હવે તેનું ફળ ચાખ. માંસ રસમાં આસક્ત થઇને તું જ્યારે જીવોને નિર્દયપણે મારતો હતો ત્યારે વિધિએ આ જીવોને અમારા ભોજન માટે નિર્માણ કર્યા છે, અર્થાત્

વિધિએ આ જીવોને અમારા ખાવા માટે બનાવ્યા છે, એમ કહેતો હતો, અથવા વેદમાં કહેલી હિંસાથી દોષ લાગતો નથી એમ કહેતો હતો, આમ કહીને તું અનિયતપણે ચરતા જીવને મારીને તેનું માંસ ખાતો હતો, ઇંડાના રસ આદિમાં અત્યંત આસક્ત બનીને લાવરી અને તેતરના ઇંડાનો રસ અને ચરબી આદિ પીતો હતો. અને અત્યારે આ દુઃખ અત્યંત દુઃસહ છે એમ પોકાર કરે છે. (૧૨૫–૧૩૦)

પૂર્વભવમાં હોંશે હોંશે ખોટા વેપાર, ખોટી સાક્ષી આદિ અસત્યો વડે ભોળા લોકોને છેતરતો હતો, પૈશુન્ય આદિ પાપો કરતો હતો અને અત્યારે પ્રલાપ કરે છે. પૂર્વભવમાં પરધનમાં લુબ્ધ થઇને ખાતર પાડતો હતો, વિશ્વાસીને છેતરતો હતો, લોકના ધનને ચોરતો હતો. ઘણા દેશ, નગર, ગામ આદિ ભાંગતો હતો. ચોરી વગેરે ખોટા પુરુષાર્થથી ઉન્મત્ત બનેલો તું જગતને તૃણસમાન ગણતો હતો. પરના ધનથી વિલાસ માણતો હતો અને અત્યારે પોકાર કરે છે.

પારકા ધનને ન લે એમ મા–બાપ વગેરે પ્રેરણા કરતાં હતાં ત્યારે તું ધિટ્ઠાઇ પૂર્વક કહેતો હતો કે

બધાનું દ્રવ્ય પારકું જ છે. કારણ કે કોઇને પણ જન્મતા સાથે હોતું નથી. (૧૩૧-૧૩૪)

પૂર્વભવે પરસ્ત્રીમાં અત્યંત આસક્ત બનેલો તું પરસ્ત્રીઓનું અપહરણ કરીને તેમની સાથે કરેલી ક્રીડાઓને સુખદાયી માનતો હતો. તેમના પતિ આદિને મારતો હતો. સૌભાગ્યથી ઉન્મત્ત થઇને પરસ્ત્રીઓની સાથે દુષ્ટ ચેષ્ટાઓ કરતો હતો. અને અત્યારે તપાવેલ તાંબાની પૂતળીઓથી દૂર ભાગે છે. પરસ્ત્રીનો સંગ ન કરવો જોઇએ એ પ્રમાણે વડીલો શિખામણ આપતા હતા ત્યારે ખોટા અભિમાનથી ગર્વિષ્ઠ બનીને સ્ત્રી બીજાની જ હોય છે, અર્થાત્ કોઇ લગ્ન કરે છે તે પારકા ઘરની સ્ત્રી સાથે કરે છે, પોતાના તો માતા, બહેન વગેરે હોય છે, એમ ધિઠ્ઠાઇપૂર્વક બોલતો હતો. પૂર્વભવે મૂઢ અને લોભી તું બહુ-પાપવાળા પરિગ્રહને એકઠો કરતો હતો, અને આરંભો વડે ખુશ થતો હતો. તો પછી અહીં દુઃખોથી કેમ ખેદ પામે છે. (૧૩૫-૧૩૮)

પૂર્વભવે ગુરુઓ જ્યારે તને આરંભ અને પરિગ્રહથી બહુ પાપ થાય છે માટે ન કરવા જોઇએ, અથવા અલ્પ કરવા જોઇએ એમ ઉપદેશ આપતા હતા ત્યારે તેં આરંભ અને પરિગ્રહ વિના

અમારું કુટુંબ નભતું નથી એમ જેના માટે કહ્યું હતું તેને તારું આ દુઃખ વહેંચવા માટે અહીં લઇ આવ. જો અત્યારે અમે કીડી વગેરે ભરીને તારું મોઢું સીવી દઇએ તો મોઢું ફેરવી દે છે. પણ પૂર્વભવે રાત્રે હોંશે હોંશે ખાતો હતો. હે હતાશ! પૂર્વ ભવે ગાયન કરતો કરતો દારૂની પ્રશંસા કરતો કરતો અને ભુજાઓ વડે નાચ કરતો કરતો દારૂને પીતો હતો. અને 'હવે અહીં તપેલું તેલ તામ્ર અને સીસાના ઉકળતા રસને તું કેમ નથી પીતો? રાજ્યવ્યાપારમાં કોઇને શૂળીએ ચઢાવવો, કોઇની આંખો ફોડવી, કોઇના હાથપગ છેદવા, લાંચ લેવી વગેરે પાપો કરીને અત્યારે દુ:ખી કેમ થાય છે? પૂર્વભવે કોટવાળ બનીને જીવોને બાંધવા, મારી નાખવા, માર મારવો, પીડા કરવી વગેરે અનેક પ્રકારનાં પાપો કરીને અત્યારે આક્રંદન શું કરે છે ? દેવ-ગુરુની મશ્કરી અને આશાતના કરી, વ્રત ભાંગ્યું, ગામનો મુખી હતો ત્યારે લોકોને સંતાપ પમાડ્યો, તો પછી અત્યારે આક્રંદન શું કરે છે? (૧૩૯–૧૪૪)

આ પ્રમાણે તારા હાથે જે પાપવૃક્ષો વાવેલાં છે તેજ પાપવૃક્ષનાં ફળોને ભોગવે છે તેથી અહીં

અમારો શો દોષ ? ઇત્યાદિ પૂર્વભવનાં દુષ્કૃત્યો યાદ કરાવીને પરમાધામીઓ ફરી પણ વિવિધ પ્રકારે વેદનાઓ કરે છે. તડફડતા એવા તેમના શરીરમાંથી માંસ વગેરે ઉતરડીને અગ્નિમાં પકવીને તેમનાજ મોઢામાં બળાત્કારે ઘાલે છે. અરે રે ! દુષ્ટ ! પૂર્વભવે તને માંસનો રસ પીવામાં આનંદ થતો હતો એમ કહીને તેનું જ માંસરસ લઇને તેનેજ પાય છે ચારે બાજુથી એકઠા થયેલા દાવાનળની મોટી જ્વાળાઓમાં નારકોને બાળીને પરમાધામીઓ તેમણે પૂર્વભવે કરેલા દવદાનનું સ્મરણ કરાવે છે, અર્થાત્ તમે પૂર્વે દવદાન કર્યું હતું એનું આ ફળ છે એમ કહે છે. [દવદાન એટલે જંગલમાં અગ્નિ સળગાવવો કેટલાક અજ્ઞાન લોકો જંગલમાં અગ્નિ સળગાવવાથી ધર્મ થાય એમ માનીને જંગલમાં અગ્નિ સળગાવીને બાળે છે. આજે પણ ઘણા ઠેકાણે આવા અજ્ઞાન લોકો ધર્મ બુદ્ધિથી જંગલને બાળે છે.] (૧૪૫-૧૪૯)

અનેક પ્રકારની શિકારની ચેષ્ટાઓ યાદ કરાવીને દોરડાઓ વડે બાંધીને વજ્રની ભીંતોમાં પછાડે છે, વજ્રની જાળમાં નાંખે છે, લોઢાની લાકડીઓ વડે પીટે છે. શૂળના અગ્રભાગમાં પરો-

વીને બળતા અગ્નિમાં શેકે છે. અધોમુખ લટકાવીને નીચે પ્રજ્વલિત અગ્નિમાં ભડથું કરીને (શેકીને) શસ્ત્રો વડે ખંડ ખંડ કાપે છે. ચિત્તો, વરૂ, વાઘ અને સિંહ વગેરે વિકુર્વીને પંજાઓ વડે પ્રહાર કરે છે. તેમના શરીરને ખેરના લાકડાની જેમ કુહાડાઓથી કાપે છે. વજ્રમય ચાંચવાળા અનેક પ્રકારના પક્ષીઓ વિકુર્વીને તીક્ષ્ણ ચાંચો વડે તેમની આંખો ખોદે છે, મસ્તક છોલે છે, અને માંસ આદિ ચૂંટે છે. પરમાધામીઓ અગ્નિને વર્ષાદ કરતા વાદળાને વિકુર્વે છે. તેમાંથી વર્ષતા અગ્નિથી નારકોના સર્વ અંગો બળી જાય છે. અગ્નિના વર્ષાદથી બચવા નારકો પરમાધામીઓએ કરેલી પર્વતની ગુફામાં જાય છે. પણ ત્યાં પર્વતની શિલાઓ પડવાથી સર્વ અંગો ચૂર્ણ થઇ જવાથી કરુણ આક્રંદન કરતા નારકો પાપડના ચૂર્ણની જેમ ચારે બાજુ ફેલાઇ જાય છે. (૧૫૦–૧૫૬)

પૂર્વભવે કરેલા પશુઓ ખમી ન શકે તેટલો ભાર તેમના ઉપર નાખવો વગેરે પાપો યાદ કરાવીને પરમાધામીઓ સ્કંધ ઉપર ચડીને ભારથી તેમના અંગોને ભાંગે છે. પરમાધામીઓ પર્વત વગેરે જેટલો પોતાનો ભાર કરીને તેમની ખાંધ

ઉપર ચડે છે. અને વજ્રના સળીઆઓથી પકડે છે, તથા ચાબુકાદિ વડે મારે છે. પૂર્વભવે શબ્દાદિ વિષયોમાં અતિશય આસક્તિવાળાઓને પણ પરમાધામીઓ નીચે કહેવા પ્રમાણે દુઃખી કરે છે. શબ્દવિષયમાં અત્યંત આસક્ત બનેલાઓને કાનમાં તપાવેલ કલઇરસ વગેરે રેડે છે. રૂપવિષયમાં અત્યંત આસક્ત બનેલાઓને તપેલા ત્રાંબાની ચારે બાજુ પ્રજ્વલિત જ્વાળાઓવાળી પુતળી આદિના રૂપો બતાવે છે. આ જોઇને નારકો અત્યંત સંતાપ ઉદ્વેગ અને ભય પામે છે. જે ગંધવિષયમાં અત્યંત આસક્ત હતા તેમના શરીરે ચરબી, માંસ, અગ્નિ આદિના વિલેપનો કરે છે. રસવિષયમાં અત્યંત આસક્ત બનેલાઓના દાંત અને જીભ ઉખેડીને મોઢામાં ભયંકર સર્પ, કીડી વગેરે તથા વિષ્ટાથી અનંતગણી અશુભ અન્ય વસ્તુઓ નાંખે છે. જે સ્પર્શવિષયમાં અત્યંત આસક્ત હતા તેમને અગ્નિથી તપાવેલી તાંબાની પુતળીઓ સાથે વજ્રના કાંટાની શય્યામાં સુવાડે છે. પરમાધામીઓથી થયેલી આવી અનેક પ્રકારની વેદના નારકોને હોય છે.

પૂર્વભવના વૈરી બે જણા નરકમાં એક સ્થાને ઉત્પન્ન થયા હોય અથવા એક સ્થાને ઉત્પન્ન ન થયા

હોય તો પણ કર્મવશથી આ મારો પૂર્વનો વૈરી છે એમ પોતાના મનમાં અસત્ય કલ્પના કરીને નારકના જીવો જેમ બે કૂતરા પરસ્પર લડીને એક-બીજાને દુ:ખ આપે તેમ પરસ્પર પણ હથિયારોથી એક બીજાને હણે છે.

બીજી પણ ક્ષેત્રના કારણે થયેલી શીત, ઉષ્ણ આદિ દશ પ્રકારની વેદના શાસ્ત્રમાં કહેલી છે.

[દશ પ્રકારની વેદના આ પ્રમાણે છે:-શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ખણુજ, દાહ, પરાધીનતા, તાવ, ભય, અને શોક. શીત અને ઉષ્ણ વેદના કેવી હોય છે. તે સત્તરમાં અને અઢારમાં પેજમાં કહેવાઇ ગયું છે. ક્ષુધા વગેરે વેદના નીચે પ્રમાણે હોય છે. સંપૂર્ણ જગતનું ધાન્ય ખાય તો પણ ન મટે તેવી ક્ષુધા વેદના સદા રહ્યા કરે છે. સઘળા સમુદ્રો પી જાય તો પણ ન મટે તેવી તૃષા વેદના સદા રહ્યા કરે છે. અત્યંત તીક્ષ્ણ છુરીથી ખણવામાં આવે તો પણ શાંત ન થાય તેવી ખણુજની વેદના સદા રહ્યા કરે છે. અનંતગણી દાહની વેદના સદા રહ્યા કરે છે. તથા (પરમાધામી વગેરેની) પરાધીનતા, તાવ, ભય અને શોક પણ સદા રહ્યા કરે છે.]

આ પ્રમાણે નરકમાં પરમાધામીઓએ કરેલી, નારકોએ પરસ્પર કરેલી, નરકની તેવી ભૂમિના કારણે થયેલી એમ ત્રણ પ્રકારની વેદના હોય છે. નારકોનું શરીર કાળું, બીભત્સ, અપવિત્ર અને સડેલું હોય છે. આંતરડા શરીરથી બહાર લટકતા દેખાયા કરે છે. કપાળ ભેદાયેલું હોય છે. બધાં અંગો કપાયેલાં હોય છે. બિચારા નારકો દીન, બધી રીતે તુચ્છ, નપુંસક, શરણરહિત અને ક્ષીણ હોય છે. બહુ કહેવાથી શું? રાત-દિવસ વેદનાથી સેકાતા નારકોને નરકમાં આંખ મીંચાય તેટલો ટાઇમ પણ સુખ નથી, કેવળ દુઃખ જ લાગેલું છે. (૧૬૩-૧૬૭)

### વેદનાથી પીડાતા સમ્યગ્દષ્ટિની વિચારણા

નરકમાં વેદનાથી પીડાયેલ સમ્યગ્દૃષ્ટિ (=અરિહંત ભગવાને કહેલો ધર્મ જ સાચો ધર્મ છે એવી શ્રદ્ધાવાળા) નારકો પોતાના પાપને વિચારે છે. તે આ પ્રમાણેઃ-હે જીવ! તારી જાતે જ બાંધેલા અશુભ કર્મોનું આ ફળ છે. માટે તું તારા કર્મ સિવાય અન્ય ઉપર રોષ ન કર. જિનેશ્વરોએ કહ્યું છે કે બધા પૂર્વે કરેલા કર્મોનાં ફળો ભોગવે છે.

ઉપકાર અને અપકારમાં અન્ય તો નિમિત્તમાત્ર થાય છે. જેણે તરંગોથી કિનારાનાં પર્વતો પણ ભેદી નાખ્યા છે એવો સમુદ્ર આવતો રોકી શકાય છે, પણ અન્ય જન્મમાં થયેલા શુભાશુભ ભાગ્યનાં ફળો રોકી શકાતાં નથી. ખરેખર ! નહિ કરેલા કર્મને કોણ ભોગવે છે ? અર્થાત્ નહિ કરેલા કર્મને કોઇ ભોગવતું નથી. કરેલા જ કર્મને ભોગવે છે. સ્વયં કરેલું કર્મ કોને પ્રાપ્ત નથી થતું ? અર્થાત્ બધા જીવોને સ્વયં કરેલાં કર્મો ભોગવવા પડે છે. તેથી સ્વયં કરેલ કર્મને ભોગવતાં લોક કેમ મનને બગાડે છે ? અર્થાત્ સમતાથી કેમ સહન નથી કરતો ? લોકમાં જેમ જે સુખનું કારણ છે તે મિત્ર અને દુઃખનું કારણ છે તે શત્રુ કહેવાય છે. તેમ આપણો આત્મા જ સુખનું અને દુઃખનું કારણ હોવાથી આપણો આત્મા જ મિત્ર અને શત્રુ છે. એટલે કે કુમાર્ગમાં પ્રવર્તેલો આત્મા દુઃખનું કારણ હોવાથી શત્રુ છે, અને સુમાર્ગે પ્રવર્તેલો આત્મા સુખનું કારણ હોવાથી મિત્ર છે. (૧૬૮-૧૭૨)

હે જીવ ! પૂર્વભવે ગુરુઓ તને પાપકાર્યથી રોકતા હોવા છતાં તું પાપો કરતો હતો. તેથી જાતે જ દુઃખો ખરીદીને હવે કોના ઉપર રોષ કરે છે ?

સાતમીથી અન્ય આઠમી નરક પૃથ્વી નથી વગેરે અવળા ઉત્તરો આપતો હતો. આથી અત્યારે શા માટે ખેદ કરે છે? સમ્યગ્દૃષ્ટિ જીવો આ પ્રમાણે શુભ વિચારણાથી તથા વેદના સહન કરવાથી અશુભ કર્મો ખપાવીને નરકનું આયુષ્ય પૂર્ણ થતાં રાજ-ભવન આદિમાં ઉત્પન્ન થાય છે. ક્રમશઃ જિનેશ્વર-દેવની આરાધના કરીને મોક્ષમાં જાય છે. (૧૭૩–૧૭૫)

[સમ્યગ્દૃષ્ટિ નારકોની આ વિચારણા અત્યંત મનનીય છે. આપણે આ વિચારણાનું મનન કરીને વર્તમાન ભવમાં જે કંઇ શારીરિક કે માનસિક દુઃખ આવે તેને સમભાવે સહન કરવું જોઇએ. દુઃખને સમભાવે સહન કરવું એટલે દુઃખ આવે ત્યારે હાય–વોય, ચિંતા, દીનતા, શોક, રુદન, દુઃખમાં નિમિત્ત બનનાર ઉપર ક્રોધ વગેરે ન કરવું. દુઃખને સમભાવે સહન કરવાથી નીચે પ્રમાણે લાભ થાય–

(૧) દુઃખ દુઃખરૂપ લાગે નહિ.

(૨) નવાં પાપો ન બંધાય.

(૩) પૂર્વે બાંધેલાં પાપો પણ ઘણાં ખપી જાય.

(૪) પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય.

દુઃખને સમભાવે સહન ન કરવાથી એટલે કે દુઃખ આવે ત્યારે હાય-વોય, ચિંતા, દીનતા, શોક,

રુદન, દુઃખમાં નિમિત્ત બનનાર ઉપર ગુસ્સો વગેરે કરવાથી નીચે પ્રમાણે નુકશાન થાય.

(૧) ચિંતા વગેરેથી દુઃખ વધે.

(૨) નવાં પાપો બંધાય.

(૩) પૂર્વે બાંધેલાં પાપો મજબૂત બને.

અહીં જે લાભ અને નુકશાન જણાવેલ છે તે સ્થૂલપણે છે. બહુ ઊંડા ઊતરીને વિચારવામાં આવે તો દુઃખને સમભાવે સહન કરવાથી આ સિવાય બીજા પણ અનેક લાભો થાય છે, અને દુઃખને સમભાવે સહન ન કરવાથી આ સિવાય બીજા પણ અનેક નુકશાનો થાય છે.]

મિથ્યાદૃષ્ટિ (અરિહંત ભગવાને કહેલા ધર્મને નહિ માનનારા) નારકો પરસ્પર કલહ કરવાથી તથા પરમાધામીઓ ઉપર અત્યંત કોપ કરવાથી નવાં અશુભ કર્મો બાંધીને તિર્યંચગતિમાં જન્મે છે, પશુ વગેરે થાય છે. ત્યારબાદ અનંતા ભવો સુધી સંસારમાં ભમે છે. પ્રાણીઓના વધથી ભીમ, માંસાહારથી કુંજર રાજા, અને આરંભથી અથલ નરકમાં ગયો. આ પ્રમાણે સંક્ષેપથી નરકગતિના સ્વરૂપનું વર્ણન કર્યું. નરકગતિમાંથી નીકળીને

જીવો મોટે [1]ભાગે તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે. તેથી હવે તિર્યંચગતિના સ્વરૂપનું વર્ણન કરીશ. (૧૭૬-૧૭૮)

---

## તિર્યંચગતિનું સ્વરૂપ

તિર્યંચગતિમાં જીવો એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, અને પંચેંદ્રિય એમ પાંચ પ્રકારના છે. તે જીવો નીચે પ્રમાણે દુઃખ પામે છે.

---

૧ અહીં પ્રશ્ન એ થાય છે કે બિચારા નારકો આવી અસહ્ય વેદનાઓ સહન કરતા હોવા છતાં મરીને મનુષ્યગતિમાં જ ઉત્પન્ન ન થતાં મોટે ભાગે તિર્યંચગતિમાં કેમ ઉત્પન્ન થાય છે? આનું સમાધાન એ છે કે નારકો મનુષ્યગતિમાં ગર્ભજ પર્યાપ્ત મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. તે ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો સંખ્યાતા જ છે. જ્યારે નારકો તો એક સમયે એકી સાથે અસંખ્યાતા પણ ચ્યવે છે. તેથી એક સમયે મરણ પામેલા નારકોને પણ મનુષ્યોમાં સ્થાન નથી તો પછી અન્ય સમયોમાં મરણ પામેલા નારકોને સ્થાન ક્યાંથી હોય? તથા અન્ય પણ કારણ છે કે મનુષ્યગતિમાં જન્મ શુભભાવથી થાય છે. જ્યારે ઘણાખરા નારકો અશુભભાવનાવાળા હોય છે. આથી શુભભાવવાળા થોડા નારકો મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. શેષ સઘળા નારકો તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. હવે અહીં બીજો પ્રશ્ન થાય છે કે આ પ્રમાણે નારકો મનુષ્યગતિમાં થોડા અને તિર્યંચગતિમાં ઘણાં ઉત્પન્ન થાય છે એમ માની લઈએ તો પણ તે ફરી નરકગતિમાં કે દેવગતિમાં કેમ ઉત્પન્ન ન થાય? આનું સમાધાન એ છે કે નારકો તેવા ભવસ્વભાવથી જ નરકગતિમાં કે દેવગતિમાં ઉત્પન્ન થતા નથી.

## એકેંદ્રિય જીવોના દુઃખોનું વર્ણન.

ભૂમિને [1]ફાડવાથી, ભેગી કરવાથી, મસળવાથી, ખોદવાથી, એમ અનેક રીતે પૃથ્વીકાયના જીવો સદા દુઃખી રહે છે. પાણીને પીવાથી, ઉકાળવાથી, હલાવવાથી, સૂર્ય આદિથી તપવાથી એમ અનેક રીતે અપ્કાયના જીવો સદા દુઃખી રહે છે. અગ્નિકાયના જીવો પરસ્પર અથડાવાથી તથા ચૂર્ણ આદિ શસ્ત્રો વડે હણાવાથી સદા દુઃખી રહે છે, વાયુકાયના જીવો પંખા આદિના આઘાતથી તથા ઉષ્ણપવન આદિ શસ્ત્રવડે હણાવાથી સદા દુઃખી રહે છે. વનસ્પતિકાયના જીવો છેદવાથી, સુકાવાથી, ભાંગવાથી, ખાંડવાથી, અત્યંત દળવાથી, ચોળવાથી, મસળવાથી, કાપવાથી, ઉખેડવાથી, તથા બાળવાથી સદા દુઃખી રહે છે. આ લોકમાં અસંખ્યાતા (નિગોદના) ગોળા છે એક ગોળામાં અસંખ્ય નિગોદો છે. એક એક [2]નિગોદમાં અનંતા જીવો

---

૧ એકેંદ્રિય જીવોના પૃથ્વીકાય (ભિની માટી), અપ્કાય (કાચું-પાણી, બરફ, હિમ વગેરે), તેઉકાય (અગ્નિ, બત્તી, વિજળી વગેરે), વાઉકાય (પવન), અને વનસ્પતિકાય (લીલી વનસ્પતિ, અનાજ, ઝાડ. છોડ વગેરે) એમ પાંચ ભેદ છે. તે પાંચને જે દુઃખો પડે છે તેનું અહીં ક્રમશઃ વર્ણન છે.

૨ અનંતા જીવોનું સાધારણ એક શરીર તે નિગોદ.

હોય છે. આ નિગોદના જીવોમાં કોઇ જીવ [1]ક્ષુલ્લકભવ પ્રમાણ આયુષ્ય પામીને એક શ્વાસો-શ્વાસમાં સત્તરવાર મરે છે. આ નિગોદમાં જીવો અનંતીવાર ઉત્પન્ન થાય છે. પુત્રાદિ ઉપર અત્યંત મમત્વવાળા, અજ્ઞાન, અને પ્રમાદયુક્ત જીવો ધનપ્રિયવણિકની જેમ વારંવાર એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. (૧૭૯–૧૮૫)

## વિકલેંદ્રિય જીવોના દુખોનું વર્ણન

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિંદ્રિય જીવો અવ્યક્ત શબ્દ કરે છે. મન ન હોવાથી કોઇપણ જાતનો વિચાર કર્યા વિના શૂન્યપણે ફરે છે. કોઇ વખત એક જ સ્થાને રહે છે. કાદવ આદિમાં આળોટે છે. પગલે પગલે ઠોકર ખાય છે. ઉંચા નીચા સ્થાનમાં અથડાય છે. તથા ભૂખને વશ થયેલા ઘી, તેલ, ગરમ ઓસામણ આદિ પદાર્થોમાં પડે છે. તેમાં ચોંટી જવાથી બિચારા મરણ પણ પામે છે. જિનધર્મના અવર્ણવાદથી, શબ્દ વગેરે

---

૧ અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ છે. તેમાં જે જીવનું ક્ષુલ્લક ભવરૂપ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય હોય છે તે જીવ એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તરભવ કરે છે. એટલે સોળવાર જન્મે છે અને સત્તરવાર મરે છે. આ પ્રમાણે જીવો અનંતીવાર તેમાં ને તેમાં જ ઉત્પન્ન થાય છે અને મરે છે.

વિષયોમાં આસક્તિથી, માયાથી, ઉન્માર્ગની પ્રરૂપણાથી, સદા ભાંડભવાઇ વગેરે ક્રીડા કરવાથી દગાથી ખરીદ કરવા રૂપ અસત્યથી, પરનિંદાથી અને પૈશુન્યથી જીવો પ્રિયંગુવણિકની જેમ બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયમાં જાય છે. (૧૮૬-૧૮૮)

## પંચેંદ્રિય તિર્યંચોનાં દુઃખોનું વર્ણન.

પંચેન્દ્રિય તિર્યંચો પણ ઠંડી, ગરમી, તીવ્રક્ષુધા, તીવ્રતૃષા આદિથી તથા પરસ્પર ભક્ષણ, તાડન અને ભારવહન વગેરેથી સદા દુઃખી રહે છે. બિચારા ગધેડા બળદ વગેરે પશુઓની પીઠ ઘણા ભારથી, ચાબુક આદિના પ્રહારથી કે અવસ્થાના કારણે ઘસાઇ ગઇ હોય છે. તેમાં ચાંદા પડવાથી કૃમિઓનો સમૂહ ખદ-બદતો હોય છે. તથા ઉપર માખીઓ બણ-બણતી હોય છે. તો પણ પરાધીનપણે ભાર વહન કરવો પડે છે. અત્યંત ઘણો ભાર વહન કરાવીને પાણી કે ચારો આપ્યા વિના ખીલાઓમાં બંધાયેલા બળદ ઘોડા વગેરે પ્રાણીઓ ક્ષુધા અને તૃષાથી લાંબા કાળ સુધી ખેદ કરીને અંતે મરણ પામે છે. કેટલીકવાર માલિક બળદ આદિ પ્રાણીઓં પાસે તેમની શક્તિ જોયા વિના ભાર વહન કરાવે છે. તેથી ચાલવાને અસમર્થ

તેમના ઉપર ગુસ્સે થઇને લોઢાની સળી વગેરેથી તડ–તડ અવાજ થાય તેવો માર મારે છે. જેથી તે બિચારા મરણ પામે છે. આ વિષયમાં ભારવહન ક્ષુધા, અને તૃષાથી દુઃખી થઇને મરણ પામનાર ધનદેવ શ્રેષ્ઠીના બળદનું તથા કંબલ અને સંબલનું ઉદાહરણ છે. (૧૮૯–૧૯૩)

### પાડાનાં દુઃખોનું વર્ણન.

પાડાઓને નિર્દયપણે ચાબૂકના પ્રહાર કરે છે તેથી જંઘા અને પીઠ ફાટી જવાથી તેમાંથી અતિશય લોહી નીકળે છે. તથા વહન ન કરી શકે તો પણ પાણીની સંપૂર્ણ ભરેલી પખાલ વહન કરાવે છે. તેથી તેમની પીઠ અને બીજાં અંગો ભાંગી જાય છે. જીભ બહાર નીકળી જાય છે. આંખોમાંથી અશ્રુની ધારા વહેવા માંડે છે. આંખો અને ડોક લાંબી થઇ જાય છે. તેથી એ બિચારા દીનતાથી જોયા કરે છે. હે જીવ ! તું આ દુઃખનો વિચાર કર. જેઓ દુઃખરૂપી કાષ્ઠના સમૂહને બાળવા માટે દાવાનળ સમાન ચારિત્ર ગ્રહણ કરીને પ્રમાદ કરે છે, અર્થાત્ વિહિત અનુષ્ઠાનોનો અનાદર કરે છે, કેવળ મિષ્ટાન્ન, સારાં પાત્રાં, મુલાયમ વસ્ત્રો, કોમળ આસન, સારો નિવાસ, સ્નાન, અભ્યંગ

વગેરેથી થતા સુખને જ ઇચ્છે છે, તથા પોતે નિર્ગુણ એટલે કે ચારિત્રના પરિણામ રહિત હોવા છતાં દંભથી (આહાર આદિથી) પારકા ધનને ગ્રહણ કરે છે, તેઓ પશુજાતિમાં પાડાના ભવમાં પરાધીનપણે ક્ષુલ્લકની જેમ ભાર વહન કરે છે. સમુદ્ર વણિકની જેમ કુટુંબ માટે વિવિધ પ્રકારનાં પાપો કરીને પાડાના ભવમાં તે જ કુટુંબ વડે મારીને ખવાય છે. (૧૯૪-૧૯૭)

### ઊંટના દુઃખોનું વર્ણન

ઊંટના પેટ ઉપર ઊંટના હાડકાં બાંધે છે. જેથી થાક લાગ્યો હોવા છતાં પણ બેસી ન શકે. કારણકે બેસે તો હાડકાં વાગે. પીઠ ઉપર અતિશય ભાર મૂકે છે. ડોક ઉપર ઘી આદિ સ્નિગ્ધ પદાર્થથી ભરેલ કુતુપ (=ઘી વગેરે ભરવાનું વાસણ) મૂકે છે. ભારવહન ન કરી શકવાથી ઊંટ પોકાર કરે છે તો પણ પરોણું વગેરે મારીને ચલાવે છે. ઊંટ કરુણ આક્રંદન કરતો હોવા છતાં પણ રસ્તામાં ખાવા ઊભો ન રહે તે માટે તેના નાકની સાથે હોઠ બાંધીને તથા નાકમાં નાથ પરોવીને દોરડા વડે ચલાવે છે. ખરેખર પોતાના કર્મના દોષથી ખેદ પામતો બિચારો ઊંટ ઉનાળામાં મારવાડ

ભૂમિની અગ્નિ સમાન ગરમ રેતીમાં ઘણો જ ભાર વહન કરે છે. વ્રત ગ્રહણ કરવા છતાં જિનમતમાં શ્રદ્ધા નહિ રાખતા, તેથી જ કેવળ માયાવી, તથા સારાં વસ્ત્રો, પાત્રાં, મિષ્ટાન્ન વગેરે ગ્રહણ કરવાથી પારકાના ધનમાં જ જેનું મન લુબ્ધ છે એવા અંગારમર્દક આચાર્ય વગેરે અનેકવાર ઊંટપણાને પામે છે. (૧૯૮–૨૦૧)

## ઘેટાં–બકરાંનાં દુઃખોનું વર્ણન

હે જીવ! પશુના ભવમાં અનાર્યોએ તારા જીવતાં જ ચામડી ઉખેડીને અને માંસ કાપીને ભક્ષણ કર્યું. તેને તું કેમ યાદ નથી કરતો? હે જીવ! પશુના ભવમાં અનંતવાર ચાંડાલોએ તને અદ્ધર લટકાવીને કાતરથી ગળાને કાપીને તારી ચામડી અને માંસ લઇને વેચેલ છે. તું બેં–બેં એમ કરુણ આક્રંદન કરતો હોવા છતાં અનેકવાર બલિમાં દેવતાઓને અપાયો છે. તથા તને પુષ્ટ કરીને અનેકવાર અતિથિના ભોજનમાં તારો ઉપભોગ કર્યો છે. અજ્ઞાનથી આંધળા અને માંસમાં આસક્ત (બ્રાહ્મણ વગેરે) કેટલાકોએ ધર્મના બહાને યજ્ઞમાં સત્ત્વહીન તને ડોક મરડીને અનેકવાર હણ્યો છે. નિર્દય લોકો હથીયાર રહિત અનાથ અને દીન

એવા ઘેટાં, બોકડા આદિને ખાય છે, અને બલિમાં આપે છે; પણ નખ–દાંતવાળા વાઘ, સિંહ આદિ પ્રાણીઓને ખાતાં નથી, અને બલિમાં પણ આપતા નથી. કારણ કે તેમનાથી તેમને ભય છે. જીવ પશુની હિંસાથી મધુ બ્રાહ્મણની જેમ નરકાદિ દુર્ગતિમાં ભમીને પશુના યજ્ઞ વગેરેમાં અનંતવાર હણાય છે. (૨૦૨–૨૦૭)

### હરણનાં દુઃખોનું વર્ણન

ખરેખર! જંગલમાં દાવાનળની જ્વાળાઓથી સર્વ અંગે બળી ગયેલા દુઃખી હરણોને કોણ શરણભૂત છે? હે જીવ! હરણના ભવમાં નિર્દય પારધીના તીક્ષ્ણબાણથી ક્ષીણ થયેલ શરીરથી તેં જે દુઃખ સહન કર્યું છે તે યાદ કર. હરણના ભવમાં અજ્ઞાન એવો તું પાશમાં બંધાયો. માયાજાળમાં પડ્યો. પછી પરવશ બનેલા તને કાપીને કેવી કેવી રીતે તારું ભક્ષણ નથી કર્યું? બાણના પ્રહારથી ફાટી ગયેલ પેટવાળી અને ગળી ગયેલ ગુહ્યભાગવાળી તારી હરણીને જોઇને જાતે પણ પ્રહારથી વિહ્વલ થવાથી તું જે પ્રમાણે હૃદયમાં ખેદ પામતો હતો તે પ્રમાણે યાદ કર. માયાવી શિકારીઓએ શરૂ કરેલ મધુર ગીતના મધુર ધ્વનિમાં મોહ પામવાથી સાંભ-

ળવામાં એકાગ્રચિત્તવાળો અને અજ્ઞાનથી મૂંઝાયેલ તું મૃત્યુ પામ્યો. [શિકારીઓ હરણને પકડવા જંગલમાં વાંસળી આદિનાં મધુર ગીતો શરૂ કરે છે. જેથી મધુર સ્વરમાં આસક્ત બનેલાં હરણો ત્યાં એકઠાં થાય છે, અને એકચિત્તે સાંભળે છે. એટલે શિકારીઓ સાવચેતીથી અચાનક તેમને પકડી લે છે.] (૨૦૮-૨૧૨)

શિકારીઓએ ગોઠવેલ કૃત્રિમ હરણીને જોઇને સ્પર્શેન્દ્રિયથી ઠગાયેલ તું તે કૃત્રિમ હરણીમાં આસક્ત થયો, તેથી શિકારીના બાણથી વીંધાયેલ તું ચક્કર ખાઇને મરણ પામ્યો. (કેટલાક શિકારીઓ હરણોને પકડવા કૃત્રિમ હરણી જંગલમાં મૂકે છે. અને પોતે વૃક્ષ આદિ ઉપર છુપાઇ જાય છે. સ્પર્શ વિષયમાં આસક્ત બનેલાં હરણો આ કૃત્રિમ હરણીને જોઇને તેની પાસે આવે છે. એટલે છુપાયેલ શિકારીઓ તેમને બાણથી ઘાયલ કરે છે. હરણો ચક્કર ખાઇને નીચે પડે છે. અંતે મરણ પામે છે.) (૨૧૩)

હે જીવ! ચિત્તો અને સિંહ આદિ ક્રૂર પ્રાણીના પગના તીક્ષ્ણ નખના કઠોર પ્રહારથી પીડિત અંગવાળા તને હરણના ભવમાં જે દુઃખ થયું છે તે અમે કેટલું કહીએ? અર્થાત્ તે દુઃખનું પૂર્ણ વર્ણન થઇ

શકે તેમ નથી. જવ અને ચણા ચરવામાં આસક્ત બનેલા તેં વાડીમાં જવા માટે વાડીના પોલાણમાંથી કુદકો માર્યો, એટલે ગુપ્ત રાખેલા સળીયાઓથી વીંધાયેલા તને મારીને ખાઇ ગયા. (કોઇ પ્રદેશમાં જવ અને ચણાના ખેતરોનું રક્ષણ કરવા ગાઢ અને ઊંચી ચારે બાજુ વાડ કરે છે. પણ માંસ ખાવામાં આસક્ત કેટલાક લોકો તે વાડ નીચી કરે છે અને તે વાડની મધ્યમાં નીચે સાંકડો અને ઉપર પહોળો ખાડો ખોદે છે. તે ખાડાની મધ્યમાં અત્યંત તીક્ષ્ણ સળીયો ઉભો રાખે છે. પરમાર્થને નહિ જાણતાં હરણો જવ અને ચણા ખાવાની લાલચથી વાડીમાં ઝંપાપાત કરે છે. એટલે ખાડામાં પડીને સળીયાથી વીંધાય છે. લોકો તેને મારીને તેના માંસનું ભક્ષણ કરે છે. (૨૧૪-૨૧૫)

હરણના ભવમાં જ મત્ત બનેલા તેં તારા પોતાના પ્રમાદથી વૃક્ષની સાથે શિંગડાને ઘસ્યું. તે શિંગડું વૃક્ષમાં ભરાઇને ભાંગી જવાથી અત્યંત કંપતો તું ત્યાં જ મરણ પામ્યો. હે જીવ! તારી આ સ્થિતિને તું યાદ કેમ કરતો નથી? હરણને ઉનાળામાં ધીચ જંગલ આદિમાં તૃષા લાગવાથી પાણી માટે નજર કરતાં મૃગતૃષ્ણા દેખાય છે, તેને

પાણી સમજીને હર્ષ પામતો હરણ એ તરફ દોડે છે. ઘણું દોડવા છતાં પાણી ન મળવાથી આંખો ફુટે છે, અને અંતે હરણ મરણ પામે છે. ક્યારેક પાણી બહુ થોડું હોવાથી હરણ હરણી માટે પાણી નથી પીતો અને હરણી હરણ માટે પાણી નથી પીતી. આથી થોડા પાણીમાં મોઢું બોળીને પાણી પીધા વિના ઊભા રહેલા તે બન્ને એકી સાથે મરણ પામે છે. હે જીવ! અહીં હરણના ભવમાં પોતાની પત્ની સહિત પુષ્પચૂલ કુમારે જે પ્રમાણે દુ:ખ અનુભવ્યું હતું તે પ્રમાણે મહર્ષિઓએ કહ્યું છે. તેને તું સાંભળ. (૨૧૬-૨૧૯)

### ડુક્કરનાં દુ:ખોનું વર્ણન

હે જીવ! ડુક્કરના ભવમાં તને ધગધગતા અગ્નિની જ્વાળાઓ ઉપર લટકાવી જીવતો જ શેકીને (અનાર્યો) ખાઇ ગયા તે કેમ યાદ કરતો નથી? શિકારીનો કુતરો તારા કાનને પકડી કુદીને ડાબી બાજુથી જમણી તરફ ગયો એટલે ત્યાં તું ભાલા વડે વિંધાયો અને મરણ પામ્યો. (શિકારીનો કુતરો ડુક્કરને જોઇને દોડતો તેની પાસે જાય છે. પછી દાંતો વડે ડાબા અથવા જમણા કાનને પકડે છે. પછી જો જમણા કાનને પકડે તો તે જમણાથી ડાબા પડખે અને જો ડાબા કાનને પકડે તો ડાબાથી જમણા

પડખે પીઠ ઉપરથી કુદકો મારીને જાય છે. પછી દાંત વડે પકડેલા કાનને મજબુત રીતે પકડી રાખે છે. જેથી ભુંડ જરા પણ ખસી ન શકે. તેટલામાં ઘોડા ઉપર બેઠેલો શિકારી ત્યાં આવી ચડે છે. અને ઘોડા ઉપર બેઠા બેઠા જ ભાલાથી વીંધીને ડુક્કરને મારી નાખે છે.) ભવના પરિવર્તનથી ડુક્કર-પણે ઉત્પન્ન થયેલ પિતાની પણ પીઠનું માંસ ખાનાર રાજપુત્રને મુનિએ પ્રતિબોધ પમાડ્યો. (૨૨૦–૨૨૨)

## હાથીનાં દુઃખોનું વર્ણન

હાથણીના સ્પર્શમાં આસક્ત થવાથી ખાડામાં પડીને દુઃખી થયેલ તથા સુકા ઝાડમાં દોરડાવડે બંધાયેલ હાથી ઝૂરે છે. (હાથીને પકડવા જંગલમાં મોટો ખાડો ખોદવામાં આવે છે. ખાડામાં ઉપર હલકાં લાકડાં ગોઠવી તેના ઉપર ઘાસ પાથરીને તે ખાડાને પૂરી દેવામાં આવે છે. તે ખાડાની સામી બાજુ કૃત્રિમ બનાવેલી હાથણી ઊભી રાખવામાં આવે છે. એટલે હાથણીના સ્પર્શમાં લુબ્ધ હાથી તે હાથણીને જોઇને તેની પાસે દોડી આવે છે. પણ ત્યાં પહોંચતાં પહેલાં જ ખાડામાં પડે છે. પછી તેને આહાર પાણી આપ્યા વિના કેટલાક દિવસ ખાડામાં જ રાખે છે. તેથી તે અતિશય દુબળો

થઇ જાય છે. પછી તેને ખાડામાંથી બહાર કાઢીને રાજાની પાસે લઇ જાય છે. અને ત્યાં સુકા ઝાડમાં ચામડાના મોટા દોરડાથી બાંધી દે છે. આ પ્રમાણે પરાધીન થવાથી તે દિવસે દિવસે ક્ષીણ થતો જાય છે.) (૨૨૩)

હે જીવ! હાથીના જન્મમાં તીક્ષ્ણ અંકુશ વડે મસ્તકમાં હણાયેલ અને મજબૂત સાંકળથી બંધાયેલ તું વિંધ્યાચળ પર્વતની મસ્ત રમતોને યાદ કરીને ક્ષીણ થતો જતો હતો. હાથીના ભવમાં તીક્ષ્ણ અંકુશથી હણાઇને સાંકળમાં બંધાયો ન હતો ત્યારે પણ માત્ર સિંહની ગર્જના સાંભળીને તેં જીવનની આશા મૂકી દીધી હતી. તથા સિંહે તને નખોથી ફાડી ખાધો હતો. તારા દુઃખને અમે શું કહીએ? (૨૨૪-૨૨૫)

માનવને આધીન બન્યા પછી પૂર્વે જંગલમાં ભક્ષણ કરેલ કમલિનીના તંતુઓને અને સલ્લકી વૃક્ષનાં પાંદડાંઓને યાદ કરીને જીર્ણ ઘાસના કોળિયાને મોઢામાં ન નાખવાથી તું અંકુશોવડે કેવી રીતે નથી હણાયો? હાથીના ભવમાં પ્રતિપક્ષી હાથીએ તેના દંતૂશળ વડે તને ઘાયલ કર્યો,

તેથી તારા શરીરમાં ચાંદાં પડ્યાં. તે ચાંદાંઓમાંથી અત્યંત દુર્ગંધ લોહી નીકળવા લાગ્યું. તેમાં કીડા પડી ગયા અને અંતે તું મરણ પામ્યો. હાથીના ભવમાં દાવાનળ સળગતાં આધાર વિના પગ ઉંચો રાખનાર મેઘકુમારના જીવની જેમ તને અનંતવાર દુઃખ ઉત્પન્ન થયું છે. (૨૨૬–૨૨૮)

### માછલાનાં દુઃખોનું વર્ણન

હે જીવ! માછલાના ભવમાં અનાર્યો તને જાળમાં ફસાવીને, શસ્ત્રથી છેદીને અને અગ્નિમાં પકાવીને ખાઇ ગયા તેને તું યાદ કર. માછલાના જ ભવમાં તને જોઇને આનંદ પામેલા અનાર્યો તને તીક્ષ્ણ શસ્ત્રથી ખંડ ખંડ કાપી ઊકળતા તેલમાં ભજીયાની જેમ તળીને ખાઇ ગયા. માછલાનાં જ ભવમાં તે જ અનાર્યો પાણીમાંથી બહાર કાઢ-વાથી દુઃખી બનેલા તને જીવતાં જ અગ્નિ ઉપર રાખી ભડથું કરીને ખાઇ ગયા. (૨૨૯–૨૩૧)

એક–બીજાનું ભક્ષણ કરવામાં તત્પર અને અત્યંત ક્રૂર જલચર પ્રાણીઓએ તને ત્રાસ પમાડવાની શરૂ-આત કરી તેથી તું ત્રાસ પામ્યો. પછી દોડીને તને ગળી જવાની શરૂઆત કરી. પણ તારા અનુકૂળ ભાગ્યથી તું મુક્ત થયો. પછી ભયથી પાણીમાં સંતાઇ ગયો, પણ

ફરી તારા પ્રતિકૂળ ભાગ્યથી સપડાયો, અને આખરે તને ગળી ગયા. માછલાના ભવમાં રસનેંદ્રિયને આધીન બનવાથી અનાર્યોએ કાંટાના અગ્રભાગમાં રાખેલા માંસના ટુકડામાં આસક્ત બનેલ તું ગળામાં વીંધાયો, પછી તને શસ્ત્ર વડે કાપી અગ્નિમાં શેકીને ખાઇ ગયા. સુમિત્ર શેઠે માછલાના ભવમાં ઉત્પન્ન થયેલ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય પુત્રને કાંટાથી ગળામાં પકડ્યો, જ્ઞાની મુનિએ તેને છોડાવ્યો. (૨૩૨–૨૩૪)

### પક્ષીનાં દુઃખોનું વર્ણન

હે જીવ! પક્ષીના ભવમાં તારાથી નિર્બળ પક્ષીઓનું ભક્ષણ કરતો, અને તારાથી અધિક બળવાળા અન્ય પક્ષીઓથી ભક્ષણ કરાતો, તારાથી નિર્બળ પક્ષીઓને દુઃખ ઉત્પન્ન કરતો, અને તારાથી અધિક બળવાળા અન્ય પક્ષીઓથી દુઃખી થતો, તું અનેકવાર ભમ્યો છે. કઠોર પગની લાતોથી તથા ચાંચના પ્રહારોથી તારાથી નિર્બળ પક્ષીઓનો નાશ કરતો અને તારાથી અધિક બળવાન પક્ષી-ઓથી નાશ પામતો તું બાજ આદિ પક્ષીના ભવોમાં લાંબો કાળ રહ્યો છે. અજ્ઞાનથી અંધ બનેલો તું પાશાઓમાં બંધાયો, ધગધગતા સળ-

ગેલ અગ્નિમાં પડ્યો, માંસના ટુકડાવાળા કૃત્રિમ-યંત્રોમાં પૂરાયો અને ભક્ષણ કરાયો. હે જીવ! કુકડાના ભવમાં કેવળ અન્યના [1]કૌતુક માટે પ્રતિ-પક્ષી કુકડાના તીક્ષ્ણ નખના પ્રહારથી અનેકવાર તારી આંખો ફૂટી ગઇ, સર્વ અંગો ભેદાઇ ગયાં, અને અંતે તું મરણ પામ્યો. (૨૩૫–૨૩૬)

ખરેખર! પોપટના ભવમાં જાણે કેદખાનામાં નાખેલ ન હોય એ પ્રમાણે પાંજરામાં રહેલ તું પૂર્વે ચોખાના ખેતરમાં તારી પ્રિયપત્નીની સાથે કરેલી રમતોને યાદ કરીને ક્ષીણ થતો હતો. પાંજ-રામાં રહેલ તું પૂર્વે સ્વતંત્ર હતો ત્યારે આંબાનાં વનોમાં તારી પ્રિયપત્નીઓના સમૂહ સાથે સ્વ-તંત્રપણે કરેલ પરિભ્રમણને યાદ કરીને બહુ ખેદ પામ્યો અને અંતે મરણ પામ્યો. પોપટના ભવમાં કઠોર નખવાળી બિલાડીએ તને ડોકમાંથી પકડ્યો, અને પછી કંપતા અને વિલાપ કરતા તને તે ખાઇ ગઇ, પૂર્વે થયેલી તારી આ સ્થિતિને તું યાદ કર. પોપટના જ ભવમાં દ્રાક્ષની વેલડીઓના મંડપોમાં સ્વછંદપણે ફરતા તને પૂર્વભવના તારા પિતાએ પાશાઓથી બાંધ્યો અને બિલાડી થયેલી

૧ કેટલાક લોકો તમાસો જોવા બે કુકડાને લડાવે છે.

પૂર્વભવની તારી માતાએ તારું ભક્ષણ કર્યું. (૨૩૯–૨૪૨)

આ પ્રમાણે તિર્છા લોકમાં, અસંખ્ય દ્વીપ–સમુદ્રોમાં, ઊર્ધ્વલોકમાં અને અધોલોકમાં ભિન્ન–ભિન્ન પ્રકારના તિર્યંચો છે અને તેમને અનેક દુઃખો છે. અમે અહીં કેટલું કહીએ? ઠંડીથી હિમરૂપે થઇ ગયેલ નદી અને સરોવરમાં ઠંડા હિમથી સંકુચિત અંગવાળા ઘણા તિર્યંચો હૃદય બંધ થવાથી મરી ગયેલા દેખાય છે. વર્ષાઋતુમાં વૃક્ષની નીચે જમીનમાં રહેલા અસંખ્ય તિર્યંચો જંગલના પાણીના પ્રવાહોમાં તણાઇ જાય છે. ઠંડીથી ઠરીને મરણ પામે છે. સર્પ આદિથી ડંસાયેલા અને વ્યાધિથી પીડાયેલા અનાથ તે તિર્યંચોની ચિકિત્સા કે મંત્ર કોણ કરે છે? (૨૪૩–૨૪૬)

તિર્યંચોમાં વૃષણછેદ, નાકનું વીંધાવું, પુચ્છ તથા કાનનું કાપવું, બંધન, તાડન અને ડામ વગેરેના અનંતા દુઃખો છે. ભોળા લોકોને છેતરવાથી, ખોટાં તોલ–માપ કરવાથી, આર્તધ્યાન કરવાથી પરાધીનતાના કારણે દુઃખી થવાથી, શરીર-ઘર આદિના રક્ષણની ચિંતાથી, કપટથી ખરીદ કરવાથી, માયાથી અને વ્યાકુળ ચિત્તવાળા થવાથી

શ્રાવસ્તીનગરીના વણિકની જેમ તિર્યંચનું આયુષ્ય બંધાય છે. અનંતકાળ એકેંદ્રિય જાતિમાં અને સંખ્યાતકાળ ત્રસજાતિમાં સ્થિતિ કરીને આ તિર્યંચગતિમાંથી નીકળીને કેટલાક જીવો મનુષ્યો થાય છે, આથી હવે હું મનુષ્યગતિના સ્વરૂપને કહું છું. (૨૪૭-૨૫૦)

આ પ્રમાણે તિર્યંચગતિનું વર્ણન સમાપ્ત થયું.

---

## મનુષ્યગતિનું સ્વરૂપ

કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ અને અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ વગેરે ભેદથી મનુષ્યો અનેક પ્રકારના છે. તેમને પણ જો પરમાર્થથી કંઇ પણ સુખ હોય તો તું વિચાર. ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ પ્રમાણે ચારે અવસ્થાઓમાં તેનું સ્વરૂપ સૂક્ષ્મબુદ્ધિથી વિચાર. મોહરાજાવડે રાગ-દ્વેષ, મનુષ્યગતિ, મનુષ્યનું આયુષ્ય વગેરે બંધનોથી બંધાયેલ હોવાથી પરવશ બનેલો જીવ ગમે ત્યાંથી નરકાદિ ગતિમાંથી ખેંચાઇને ચોર કેદખાનામાં પૂરાય તેમ (કેદખાનાથી પણ અધિક દુઃખદ) માતાના અશુચિમય ગર્ભમાં ઉત્પન્ન થયેલ જીવ પ્રથમ મિશ્ર થયેલ માતાનું

લોહી અને પિતાનું વીર્ય એ બેનો આહાર કરે છે અને એનાથી પોતાનું શરીર બનાવે છે. (૨૫૧-૨૫૪)

ગર્ભમાં આવેલા જીવની શરીર રચનાનું વર્ણન.

એ શરીર સાત દિવસ સુધી (=પ્રવાહી) રૂપે હોય છે. પછીના સાત દિવસ અર્બુદ (=કાંઇક ઘટ) રૂપે હોય છે. થોડા દિવસ પછી અર્બુદમાંથી પેશી થાય છે. પછી પેશીમાંથી ઘન થાય છે. પહેલા મહિને માંસપેશી એક કર્ષ ન્યૂન એક પલ પ્રમાણ (=લગભગ ૩ાા તોલા) થાય છે. બીજા મહિને પેશી ઘન થાય છે. ત્રીજા મહિને માતાને દોહલો ઉત્પન્ન કરે છે, ચોથા મહિનાથી માતાના અંગોપાંગને વિકસાવે છે. પાંચમા મહિને બે હાથ, બે પગ અને મસ્તક એ પાંચ અંકુરા ફૂટે છે. છઠ્ઠા મહિને લોહી અને પિત્ત થાય છે. સાતમે મહિને બરોબર વ્યવસ્થિત થઇને ૫૦૦ પેશીઓ, ૭૦૦ નસો, ૯ ધમનીઓ (=મોટી નસો) દાઢી અને વાળ વિના ૯૯ લાખ રુંવાટી (=ચામડી ઉપર બારીક છિદ્રો), દાઢી અને વાળ સહિત ૩ાા ક્રોડ રુંવાટી આ બધાની રચના કરે છે. આઠમા મહિને શરીર લગભગ તૈયાર થઇ જાય છે. (૨૫૫-૨૬૦)

ઓજાહાર આદિથી શરીર સંપૂર્ણ બનાવે છે. જીવ લગભગ ૨૭૭ાા (બસો સાડી સત્યોતેર)

અહોરાત્ર, અર્થાત્ નવ મહિના અને સાડી સાત દિવસ ગર્ભમાં રહે છે. એક ગર્ભમાં ઉત્કૃષ્ટથી નવ લાખ જીવો ઉત્પન્ન થાય છે. ગર્ભમાં રહેલા જ કેટલાક જીવો યુદ્ધ આદિ મોટા પાપો કરીને નરકે જાય છે, અને કેટલાક જીવો (ધર્મની લેશ્યાથી) દેવલોકમાં [1]જાય છે. નવ લાખમાંથી પ્રાયઃ એક કે બે જન્મે છે. શેષ (સઘળા) જીવો ગર્ભમાં જ એમ જ નાશ પામી જાય છે ગર્ભ માતા સૂવે ત્યારે સૂવે છે, જાગે ત્યારે જાગે છે. માતા સુખી હોય તો સુખી થાય છે. અને દુઃખી હોય તો દુઃખી થાય છે. માતાની ચેષ્ટાના અનુસાર ક્યારેક ચત્તો થાય છે, ક્યારેક એક પડખે થાય છે, ક્યારેક વાંકો થાય છે, આમ ચારે બાજુથી બંધાયેલ જીવ અશુચિમય કોથળામાં રહે તેમ તમિસ્રા ગુફા સમાન ગાઢ અંધકારવાળા ગર્ભમાં અત્યંત દુઃખી રહે છે. (૨૬૧-૨૬૭)

---

૧. પૂર્વ ભવની વૈક્રિયલબ્ધિથી યુક્ત કોઈ જીવો રાણી આદિના ગર્ભમાં અવતરે. ત્યાં અન્યદેશનું સૈન્ય ચડી આવ્યું છે એમ સાંભળતાં ગર્ભમાં રહીને જ પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી વૈક્રિયલબ્ધિથી હાથી ઘોડા વગેરે વિકુર્વીને લડાઈ કરે. તેથી રૌદ્રધ્યાનના પરિણામમાં મરણ પામી નરકે જાય. જ્યારે કોઈ જીવો મુનિ આદિ પાસે ધર્મ સાંભળતી માતાના ગર્ભમાં જ ધર્મ સાંભળે છે. શુભ અધ્યવસાયથી મરણ પામી દેવલોકમાં જાય છે.

## ગર્ભાવસ્થાનાં દુઃખોનું વર્ણન

અગ્નિથી તપાવવાથી અગ્નિના વર્ણ સમાન અત્યંત લાલ બનેલી સોયો વડે નિરંતર ભેદાતા જીવને જેવું દુ:ખ થાય છે. તેનાથી અનેકગણું દુઃખ ગર્ભમાં થાય છે. હે જીવ ! નરક સમાન ગર્ભમાં અપવિત્ર પિત્ત, ચરબી. માંસ, લોહી, ચરબી, લોહી, વીર્ય, હાડકાં, વિષ્ઠા, અને મૂત્રમાં તું કેવી રીતે રહે છે? આ પ્રમાણે કોઇ પાપી જીવ અશુચિમાંથી ઉત્પન્ન થયેલ અને અશુચિમય ગર્ભમાં ઉત્કૃષ્ટથી બાર વર્ષ[1] પણ રહે છે. તે જીવ ગર્ભમાંથી યોનિ દ્વારા પગથી અથવા મસ્તકથી નીકળે તો મરણ પામે છે, અને માતાને પણ મૃત્યુ પમાડે છે ગર્ભમાં જ જાતિ-સ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વનો દેવતાનો ભવ જાણનાર શ્રીતિલક શ્રેષ્ઠીના પુત્રે ગર્ભનાં દુઃખો જોઇને ગર્ભમાં જ અભિગ્રહ કર્યો કે હું પ્રવ્રજ્યા યોગ્ય બનું એટલે મારે પ્રવ્રજ્યા લેવી. (૨૬૮-૨૭૨)

---

૧. આ વાત ભવસ્થિતિની અપેક્ષાએ છે. કાયસ્થિતિની અપેક્ષાએ તો બાર વર્ષ માતાના ગર્ભમાં જ મરણ પામી તેવા પ્રકારના અશુભ કર્મના ઉદયથી તે જ ગર્ભમાં ફરી જન્મે છે અને બાર વર્ષ સુધી ગર્ભમાં રહે છે. આ પ્રમાણે ચોવીસ વર્ષ સુધી ગર્ભમાં રહે છે.

ગર્ભગત જીવ ઉં ઉં એમ અત્યંત ખરાબ શબ્દ કરતો માતાને અને પોતાને પણ અત્યંત પીડા ઉત્પન્ન કરતો ઘણા કષ્ટપૂર્વક યોનિરૂપ યંત્રમાંથી બહાર નીકળે છે. જન્મતાં અને મરતાં જીવને જે દુઃખ થાય છે તે દુઃખથી સંતાપ પામેલ જીવ પોતાની જાતિને યાદ કરતો નથી. માતાના પેટમાં જમણા પડખે રહેલ જીવ પુત્રપણે, ડાબા પડખે રહેલો જીવ પુત્રીપણે અને બન્ને પડખાની મધ્યમાં રહેલો જીવ નપુંસકપણે ઉત્પન્ન થાય છે. બાલ-પણામાં જીવ ક્ષુધા અને તૃષા લાગવા છતાં ક્ષુધા-તૃષા અને વ્યાધિને કહી શકતો નથી. એટલે બીચારો દુઃખથી રડતો રડતો જ કાળ પસાર કરે છે. (૨૭૩-૨૭૬)

### બાલ્યાવસ્થાનાં દુઃખોનું વર્ણન

ખરેખર! બાલપણામાં મુખ શ્લેષ્મથી ખરડાયેલું રહે છે, સર્વ અંગ મૂત્ર અને વિષ્ઠાથી લેપાય છે, ધૂળમાં રમવાથી શરીરે ધૂળ લાગેલી હોય છે. આવો બાળક શું સુખનો અનુભવ કરે છે? અર્થાત્ તેને કોઇ જાતનો અનુભવ થતો નથી. અજ્ઞાન દોષથી બાળક અગ્નિમાં પણ હાથ નાખે છે, કાળા સર્પને પણ મુખમાં નાખે છે, નહિ પીવા લાયક પણ પીએ છે અને નહિ ખાવા લાયક પણ

ખાય છે. બાળક નિરર્થક ચંચળતા કરે છે. નિરર્થક ફરે છે, નિરર્થક અવાજ કરે છે, નિરર્થક સંબંધ વિનાનું બહુ બોલે છે, દોડાદોડ કરીને નિરર્થક કીડી વગેરે પ્રાણીઓના સમૂહને હણે છે. આ પ્રમાણે અયોગ્ય આચરણ, અજ્ઞાન અને અવિવેકના સમૂહનું ઘર બાળપણ જીવે સેંકડો પાપો કરતાં પસાર કર્યું. પોતાના બાલપુત્રનાં તીવ્ર દુ:ખોને જોઇને બલસાર રાજા સંસારવાસથી નિર્વેદ પામ્યો. (૨૭૭–૨૮૧)

## યૌવનાવસ્થાનાં દુ:ખોનું વર્ણન

યૌવનાવસ્થા પામેલ જીવ તરફ ધનનો સંગ્રહ કરવાની તૃષ્ણા દોડે છે. આથી તે દેવ, ગુરુ, ધર્મ અને તત્ત્વને ગણકારતો નથી. પછી જો કષ્ટો સહન કરીને કોઇ પણ રીતે ધનનો સંગ્રહ કરે છે તો તેનું જ રક્ષણ કરતો તે મૂંઝાય છે. અર્થાત્ ધનના રક્ષણની અનેક માનસિક ચિંતાઓ અનુભવે છે. સદા રાજા, ચોર, ભાગીદાર આદિથી ડરે છે. કોઇ પણ રીતે જેમ જેમ તેને ધન વધે છે તેમ તેમ ઇચ્છા પણ અતિશય વધતી જાય છે. [ઇચ્છા શકોરા સમાન છે. શકોરું શરૂઆતમાં સાંકડું હોય છે, પણ ઉપર ઉપર પહોળું હોય છે. તેમ ઇચ્છા શરૂ-

આતમાં થોડી હોય છે, પણ પછી જેમ જેમ ધના· દિની પ્રાપ્તિ થાય છે તેમ તેમ વધતી જાય છે. શરૂઆતમાં તો એક સારું મકાન મળી જાય તો બસ એટલી જ ઇચ્છા હોય છે. પણ મકાન મળતાં જ એક મોટર મળી જાય તો બસ એમ થાય છે. મોટર મળતાં ઘરમાં એક ટેલીફોન આવી જાય તો બસ એવી ઇચ્છા થાય છે. એ પ્રમાણે એની બસ આગળ ને આગળ ચાલ્યા જ કરે છે. એનું જીવન થોભી જાય છે તો પણ એની બસ થોભતી જ નથી. આખરે જીવ એની બસમાં જ પીલાઇને મરે છે. ] તેથી મમ્મણ વણિકની જેમ ધન હોવા છતાં દુઃખી થાય છે. (૨૮૨–૨૮૪)

વ્યાધિથી પીડિત કોઇ જીવનું ચિત્ત પથ્ય આહાર અને ઔષધ આદિમાં ચોંટેલું રહે છે. તેથી મેળવેલા પણ ધનને ભોગવવાને સમર્થ થતો નથી. પણ કેવળ આંખો વડે ટગમગ જોયા કરે છે, અને આર્તધ્યાનરૂપી અગ્નિમાં સળગ્યા કરે છે. તથા ધન હોવા છતાં જો પુત્ર ન હોય, અથવા પુત્ર હોય પણ દુરાચારી હોય, તો જે પ્રમાણે શરીરે ક્ષીણ થાય છે તે પ્રમાણે કહેવાને કેવળી જ સમર્થ થાય છે. (૨૮૫-૨૮૬)

જે યુવાનોનું શરીર અત્યંત સુંદર છે, શરીરનાં નખથી મસ્તકના વાળ સુધી સઘળાં અંગો અને ઉપાંગો અતિશય સુંદર છે, દેવ સમાન રૂપ છે, કોયલ સમાન મધુર કંઠ છે, સૂર્ય સમાન કાંતિ છે, ચંદ્ર સમાન સૌમ્યતા છે, દર્શનમાત્રથી લોકોના મનને આનંદ પમાડે છે, અતિશય બલવાન છે, ધન-વૈભવથી યુક્ત છે, વિશાળ સ્વજન પરિવાર છે, કાલની જેને ચિંતા નથી, અતિશય સુખમાં લીન છે, દુઃખ શું વસ્તુ છે એવો ખ્યાલ પણ નથી, આવા પણ યુવાનો યૌવનના પ્રારંભમાં જ તેવા અશુભ કર્મના ઉદયથી ક્ષણવારમાં નૃપવિક્રમ નામના રાજ-પુત્રની જેમ કોઢ, ક્ષય વગેરે ભયંકર રોગોથી પીડાય છે. (૨૮૭-૨૯૬)

કેટલાક યુવાનો રૂપાદિ ગુણોથી યુક્ત હોવા છતાં પાછળથી અકસ્માત્ વૃદ્ધાવસ્થા આવવાથી તેમના શરીરના સર્વ અંગો દૂષિત થાય છે. તેથી રમણીઓને હાસ્યાસ્પદ અને સ્વજનોને શોકાસ્પદ બને છે. જેઓ વૈભવયુક્ત અને નીતિમાન છે તેમને પણ યૌવનાવસ્થા વિડંબનાસ્પદ બને છે. તો પછી જેઓ દરિદ્ર અને અનીતિમાન છે, તથા પરસ્ત્રી-સેવન, પરદ્રવ્યહરણ, વધ, વૈર અને કલંક કરવામાં

તત્પર છે તેવા દુર્જન યુવાન માણસોનાં નિત્ય દુ:ખોને કહેવાને કોણ સમર્થ થાય છે? (૨૯૭–૨૯૯)

### દરિદ્રીનાં દુઃખોનું વર્ણન

હાય! નગરમાં ઉત્સવ છે, લોકો વિલાસ કરે છે, પણ મારા ઘરે ધન નથી. ઘરમાં બાળકો રડે છે. મારી સ્ત્રીને હું શું આપું? પોતાની ઋદ્ધિથી ગર્વિષ્ઠ થયેલા સ્વજનો મારું આપેલું પણ ધન વગેરે આપતા નથી. અન્ય શ્રીમંતો પણ પરાભવ કરે છે અને કયાંય પણ સ્થાન આપતા નથી આજે ઘરમાં ઘી, તેલ, માખણ, બળતણ અને વસ્ત્ર નથી, આજે સ્ત્રી બીમાર છે, કાલે કુટુંબ કેવા પ્રકારનું થશે? અર્થાત્ કાલે કુટુંબની કેવી સ્થતિ થશે. ઘરમાં કન્યા મોટી થઇ રહી છે છોકરો તો હજુ બાળક છે, તેથી ધન કમાતો નથી. કુટુંબ રોગથી ભરેલું છે. ઔષધ માટે પૈસા આદિ કંઇ નથી. (૩૦૦–૩૦૩)

આજે એક તરફ ઘરે ઘણા મહેમાનો આવ્યા છે, બીજી તરફ સ્ત્રી રીસાણી છે. ઘર જીર્ણ થઇ ગયું છે. દુકાન પડતી જાય છે. તેમાં બધે પાણી ચુએ છે. મારી સ્ત્રી કજીયાખોર છે. સઘળો પરિવાર પાપ કરે છે. સ્વામી કઠોર છે. આ દેશ રહેવા લાયક નથી. તેથી બીજે ઠેકાણે જઉં છું. ધન

મેળવવા માટે શું હું સમુદ્રમાં મુસાફરી કરું? પૃથ્વી ઉપર ફરું? ઔષધિ આદિથી તાંબા આદિનું સોનું બનાવવાનો પ્રયત્ન કરું? અથવા વિદ્યા કે મંત્રની સાધના કરું? અથવા દેવની પૂજા કરું? આજે પણ મારા શત્રુ જીવે છે. સ્નેહીઓ મરણ પામ્યા છે. મારો સ્વામી રોષવાળો થયો છે. ધનાઢ્ય લેણદારો લેણું માંગે છે. તેથી હું કયાં જાઉં? હંમેશા આવી આવી મોટી ચિંતા રૂપી તાવથી સપડાયેલા દરિદ્રો કોશાંબી નગરીના બ્રાહ્મણની જેમ કયા સુખને અનુભવે છે? અર્થાત્ કેવળ દુઃખ જ અનુભવે છે. (૩૦૪–૩૦૮)

## વૃદ્ધાવસ્થાનાં દુઃખોનું વર્ણન

આ પ્રમાણે શ્રીમંતો કે દરિદ્રોને યૌવનાવસ્થામાં શું સુખ છે? કારણ કે ક્રોડો દુઃખોનું ઘર વૃદ્ધપણું બધાને આવવાનું છે. આ વૃદ્ધાવસ્થાના સ્વરૂપનું પૂર્વે જ અશરણ ભાવનામાં સંક્ષેપથી વર્ણન કર્યું છે. તો પણ સ્થાનની શૂન્યતા ન રહે એ માટે ફરી અલ્પ પણ કહું છું. વૃદ્ધાવસ્થામાં બન્ને જંઘાઓ થરથરે છે. આંખે દેખાતું નથી, કાને સંભળાતું નથી. શરીર તુટે છે, કફ પણ અત્યંત ઘણો થઇ જાય છે, લોકમાં અનાદેય હાસ્યાસ્પદ અને

શોકાસ્પદ બને છે. ખાંખાં કરતો ઘરના ખુણામાં ખાટલા ઉપર પડ્યો રહે છે. વૃદ્ધાવસ્થામાં પુત્રો, પત્ની, પુત્રી અને છોકરાઓની વહુઓ પણ જિનદત્ત શ્રાવકની જેમ બિલકુલ સહન ન થઇ શકે તેવો પરાભવ કરે છે. આ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી વિચારનારાઓને મનુષ્યોની ચારે અવસ્થાઓમાં કેવળ ગર્વથી ઉત્પન્ન થયેલ સુખ સિવાય અન્ય સુખ નથી. અર્થાત્ અભિમાનથી હું સુખી છું એમ માને છે, પણ વાસ્તવિક સુખ હોતું નથી. (૩૦૯-૩૧૪)

### મનુષ્યની દશ અવસ્થાઓનું વર્ણન

શાસ્ત્રમાં મનુષ્યોની દશ અવસ્થાઓ પ્રસિદ્ધ છે. તે દશે અવસ્થાઓનો અહીં કહેલી ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા, વૃદ્ધાવસ્થા એ ચારે અવસ્થાઓમાં જ સમાવેશ થઇ જાય છે. શાસ્ત્રમાં કહેલી દશ અવસ્થાઓ આ પ્રમાણે છે. બાલ, ક્રીડા, મદ, બલ, પ્રજ્ઞા, કાયની, પ્રપંચા, પ્રાગ્ભાર, મુમ્મુહી, શાયની અને કાલ. આ પ્રત્યેક અવસ્થાઓ દશ વર્ષ પ્રમાણવાળી છે. એટલે કે દશ વર્ષે એક અવસ્થા પૂરી થાય છે. તેમાં પહેલી અવસ્થા બાળકની અને બીજી રમતા બાળકની છે. ત્રીજી અવસ્થામાં રહેલ મનુષ્ય ભોગને સમર્થ થાય છે. ચોથીમાં અતિશય

બળ પ્રાપ્ત થાય છે. પાંચમીમાં બુદ્ધિ વધે છે. છઠ્ઠીમાં ઇંદ્રિયોની હાનિ થાય છે. સાતમામાં ખાંખાં કરે છે, અને ચીકણા કફને થૂંકે છે. આઠમીમાં શરીરની ચામડી સંકોચાય છે, અને યુવતિઓને ગમતો નથી. નવમીમાં શરીર વાંકું વળી જાય છે, અને જીવ અનિચ્છાએ શરીરમાં રહે છે. દશમીમાં વ્યાકુળ, દીન, મંદ અવાજવાળો અને ક્ષીણ થયેલ જીવ શોક કરે છે. (૩૧૫-૩૨૦)

પ્રાયઃ પંચાવન વર્ષ પછીથી સ્ત્રી પેટમાં ગર્ભધારણ કરતી નથી. પંચોતેર વર્ષ પછી પુરુષ વીર્ય વિનાનો થાય છે. ગર્ભધારણનો આ નિયમ સો વર્ષના આયુષ્ય સંબંધી છે, સો વર્ષ પછી પૂર્વકોટિ આયુષ્ય સુધી આયુષ્યના અર્ધા ભાગ સુધી સ્ત્રી ગર્ભધારણ કરવાને સમર્થ થાય છે. પુરુષોના સર્વ આયુષ્યનો વીસમો ભાગ વીર્ય વિનાનો થાય છે. તેથી હું અસાર મનુષ્યગતિમાં પણ જિનશાસન, જિનેશ્વરો અને જ્ઞાન-ચારિત્રરૂપી ધનવાળા મહામુનિઓ એટલો જ સાર જોઉં છું. કોઇ ધન્ય જીવો મનુષ્યગતિમાં ચારિત્ર સ્વીકારીને મોક્ષસુખને પામે છે, કોઇ દેવગતિમાં જાય છે. તે પણ સાર છે.

મનુષ્યગતિમાં જિનશાસન આદિ સારભૂત છે. મોક્ષમાં પણ મનુષ્યગતિમાંથી જ જવાય છે. તેથી જ સ્વભાવે સરળ, વિનયમાં તત્પર, ઇર્ષા રહિત અને દયાળુ જીવ ધરણીધર અને સુનંદની જેમ મનુષ્યનું આયુષ્ય બાંધે છે. (૩૨૧-૩૨૫)

આ પ્રમાણે મનુષ્યગતિનું સ્વરૂપ પૂર્ણ થયું.

## દેવગતિનું સ્વરૂપ.

હવે હું સંક્ષેપમાં દેવગતિનું વર્ણન કરીશ. દેવોના ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એમ ચાર ભેદો છે.

### ભવનપતિ દેવોનાં નિવાસનું વર્ણન

ભવનપતિ દેવો ભવનમાં રહે છે અર્થાત્ ભવનપતિ દેવોનાં નિવાસસ્થાનોને ભવનો કહેવામાં આવે છે. ભવનપતિ દેવોનાં કુલ ભવનો સાતક્રોડ ને બહોંતેર લાખ છે. તે ભવનો બહારથી ગોળ, અંદરથી સમચોરસ અને નીચે કર્ણિકા સમાન છે. આ ભવનો સર્વ પ્રકારના રત્નોથી નિર્મિત ઝરૂખાથી વિભૂષિત છે. ઊંચા અને સેંકડો યંત્રોથી શોભા પામેલા કિલ્લાઓથી વીંટાયેલાં છે. ચારે તરફ ઊંડી ખાઇથી વીંટાયેલાં છે. પહેરીગરોના સમૂહથી રક્ષણ

કરાયેલાં છે. પોળના દરવાજામાં દેદીપ્યમાન રત્નોથી મનોહર બારણાં છે. (૩૨૬–૩૩૦)

ભવનોના મોટાં (મુખ્ય) દ્વારો અને નાનાં (અવાંતર) દ્વારો, તોરણો, ચંદનના કળશો, રત્નનિર્મિત પૂતળીઓ, થાંભલાઓ, શયનો અને આસનોથી વિભૂષિત છે. ભવનોમાં મનોહર અને તેજસ્વી સ્ફટિક આદિ રત્નોના ઢગલાઓ છે. સર્વત્ર પંચરંગી ફૂલોની[1] રચના કરવામાં આવી છે. ઘણા સુગંધી દ્રવ્યોથી મિશ્રિત સુગંધી [2]ગોશીર્ષચંદનના રસનો છંટકાવ કરેલો છે. ભૂમિના તળિયામાં બધા સ્થળે હરિચંદનના[3] થાપા આપેલા છે. બળી રહેલા ઊંચી જાતના દિવ્ય ધૂપથી ભવનો મઘમઘે છે. આથી જ બધાં ભવનો જાણે શ્રેષ્ઠ ગંધની ગોળી જ ન હોય તેવાં લાગે છે. બધાં ભવનોમાં પાંચે ઇંદ્રિયોને સુખ મળે તેવી વસ્તુઓ રહેલી છે. (૩૩૧–૩૩૪)

---

૧. અહીં જેમ શુભ પ્રસંગે વિવિધરંગી કાગળના કૃત્રિમ ફુલોની રચનાઓ કરવામાં આવે છે, તેમ ત્યાં ભવનોમાં ઠેક–ઠેકાણે પંચરંગી ફુલોની વિવિધ પ્રકારની રચનાઓ સદા હોય છે.

૨. ગોશીર્ષચંદન એ ચંદનની એક જાત છે. તેનો રસ ભવનમાં સર્વત્ર છાંટવામાં આવે છે, જેથી તે ભવનો વિશેષ સુગંધી બને છે.

૩. હરિચંદન એ ચંદનની એક જાત છે. જેમ અહીં ભીંતોમાં ગુલાલ આદિ રંગના થાપાઓ આપવામાં આવે છે, તેમ ત્યાં હરિચંદનના થાપાઓ આપવામાં આવે છે.

તેમાં સેંકડો કમલિનીઓથી શોભિત ઉપવનો અને ઉદ્યાનો છે. એ ઉપવનો અને ઉદ્યાનોના મનોહર પ્રદેશોમાં ક્રીડા કરવાના સ્વભાવવાળા દેવતાઓ પોતાની દેવીઓ સહિત હજારો પ્રકારની ક્રીડા કરે છે. ઠેકઠેકાણે શરૂ કરેલાં ગીતોનો મધુર ધ્વનિ દેવતાઓને શ્રવણેન્દ્રિયનું સુખ આપે છે. વાગી રહેલી વાંસળી વેણુ અને મૃદંગોનો મધુર ધ્વનિ દેવતાઓને હર્ષ ઉત્પન્ન કરે છે. નૃત્યમંડપમાં મણિના કંકણોથી વિભૂષિત સેંકડો અપ્સરા હર્ષથી નૃત્ય કરે છે. સદા આનંદિત થયેલા દેવતાઓ દુંદુભિ વગાડીને મધુર ધ્વનિ ફેલાવે છે. (૩૩૫-૩૩૭)

તે ભવનોમાંથી દશે દિશાઓમાંથી નિર્મલ અને સૂર્યથી પણ અધિક તેજ પ્રસરે છે. આથી તેમની સામે મુશ્કેલીથી જોઇ શકાય છે. તેથી તેમાં રહેલા જીવો પુણ્યવાન છે. દરેક ભવનમાં મણિરત્નની એકસો આઠ પ્રતિમાઓથી યુક્ત જિનમંદિર છે. જિનમંદિરથી પવિત્ર બનેલાં ભવનો મન અને આંખને સુખ આપે છે. (૩૩૮-૩૩૯)

### વ્યંતર-જ્યોતિષ્કોના નિવાસનું વર્ણન.

વ્યંતર દેવોનાં નિવાસસ્થાનને નગર કહેવામાં આવે છે. વ્યંતર દેવોનાં નગરો ભવનપતિ દેવોનાં

ભવનોના આકારે રહેલાં છે. તે કુલ નગરો અસંખ્યાતા છે, અને રત્નનિર્મિત છે. નગરનું સ્વરૂપ પૂર્વે કહેલ ભવનપતિ દેવોના ભવન સમાન સમજી લેવું. જ્યોતિષ્ક દેવો વિમાનોમાં રહે છે. તેમનાં વિમાનો તિર્ચ્છાલોકમાં જ હોય છે. તે વિમાનો અસંખ્યાતા છે, સ્ફટિક રત્નોથી નિર્મિત છે, અને અડધા કોઠાના આકારે રહેલાં છે. (૩૪૦-૩૪૧)

### વૈમાનિક દેવોના નિવાસનું વર્ણન

વૈમાનિક દેવો પણ વિમાનોમાં રહે છે. વૈમાનિક દેવોનાં કુલ વિમાનો ચોરાશીલાખ સત્તાણુંહજાર ને ત્રેવિસ (૮૪૯૭૦૨૩) છે. કેટલાક સંખ્યાત યોજન વિસ્તારવાળાં અને કેટલાક અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. તે વિમાનોની અંદર હારબંધ રત્નોના મોટા પ્રાસાદો છે. ઠેર ઠેર હારબંધ વિવિધ પ્રકારની ધ્વજાઓ છે, પદ્મવર નામની સુંદર વેદિકા (માંગલિક કાર્યો માટે માટી વગેરેથી બનાવવામાં આવતી ચોખંડી નાની ઓટલી) છે. વિમાનો ગોળ, સમચોરસ વગેરે વિવિધ આકારવાળાં છે. આ રીતે સઘળાં વિમાનો અતિશય મનોહર છે. વિમાનોની સમૃદ્ધિ પૂર્વે વર્ણવેલ ભવનોની સમૃદ્ધિથી અનેક ગણી છે. તેથી વિમાનો તેની સમૃદ્ધિને માત્ર સાંભળનારાઓને

પણ સુખ આપે છે. તો પછી એ સમૃદ્ધિનો ઉપભોગ કરનારાઓની તો વાત જ શી કરવી? (૩૪૨–૩૪૫)

છદ્મસ્થચારિત્ર, દેશવિરતિ, અકામનિર્જરા અને અજ્ઞાનતપથી જીવો દેવલોકમાં જાય છે. દેવલોકમાં જવાના વિષયમાં ક્રમશઃ શ્વેતાંબિકા નગરીનો રાજા, વિશાળા નગરીનો ધનંજય શેઠ, શિયાળ અને તામલી તાપસ વગેરે ઉદાહરણો છે. ક્ષમામાં તત્પર, શીલમાં રત, દાનરુચિ, વિનયી, દયાયુક્ત, મંદ કષાયવાળા અને સરળ અન્ય જીવો પણ ભુવન નામના શ્રેષ્ઠિપુત્રની જેમ દેવલોકમાં જાય છે.(૩૪૬-૩૪૮)

## દેવોના જન્મ આદિની વિગત

દેવોનો જન્મ કેવી રીતે થાય છે, જન્મ થયા પછી શું કરે છે, વગેરે વિગત નીચે પ્રમાણે છે :–

શ્રેષ્ઠ રત્નોની બનાવેલી ઉપપાત સભા દેવોનું ઉત્પત્તિ સ્થાન છે. ઉપપાત સભાની મધ્યમાં મણિની પીઠિકા ઉપર રત્નમય શય્યા હોય છે. તે શય્યા ઉપર રહેલ ઉત્તમ અને મુલાયમ દેવદુષ્યની નીચે દેવ ઉત્પન્ન થાય છે. અંતમુર્હૂર્તમાં સંપૂર્ણ શરીરવાળો અને પોતાના તેજથી સઘળી દિશાઓને પ્રકાશિત કરતો તે ક્ષણવાર સૂઇને જાગેલાની જેમ બેઠો થઇને

આજુ-બાજુ જુએ છે. ત્યારબાદ તેનો સામાનિક દેવ વગેરે સઘળોય પરિવાર આવીને અંજલિપૂર્વક 'જય વિજય' શબ્દોથી અભિનંદન આપે છે, અને નીચે મુજબ વિનંતિ કરે છે. કે- મહાનુભાવ! આપે ઇંદ્ર સમાન આ દૈવી ઋદ્ધિ પ્રાપ્ત કરી છે. સ્વપુણ્યથી ઉપસ્થિત થયેલી આ ઋદ્ધિને ઇચ્છાનુસાર ભોગવો. (૩૪૯-૩૫૪)

હવે તે દેવ દૈવી ઋદ્ધિ જોઇને આશ્ચર્ય પામે છે, અને વિચારે છે કે પૂર્વભવે મેં દાન, શીલ કે તપ વગેરેમાંથી કયું સુકૃત કર્યું હતું ? કે જેથી આ દૈવી ઋદ્ધિ પ્રાપ્ત થઇ છે. આ પ્રમાણે પોતાના પૂર્વભવની વિચારણામાં ઉપયુક્ત તે પોતાના પૂર્વ ભવને જુએ છે. ત્યારબાદ અહીં મારું પ્રથમ કર્તવ્ય શું છે? એ વિચારે છે. આ વખતે પરિજન કહે છે કે- હે સ્વામી! દેવો આપનો અભિષેક કરે એટલે આપ સિદ્ધાયતનમાં રહેલી જિનેશ્વરદેવની એક સો આઠ પ્રતિમાનું તથા સુધર્મ સભામાં રહેલી તીર્થંકરોની દાઢાઓનું પૂજન કરો. દેવોનાં સઘળાં કર્તવ્યોમાં આ પ્રથમ કર્તવ્ય છે. હવે તે શય્યામાંથી ઊભો થઇને બે દેવદુષ્ય વસ્ત્ર પહેરે છે. ત્યારબાદ વાજિંત્રોના મંગલ શબ્દોપૂર્વક મંગલ શબ્દોને બોલતા મંગલ-

પાઠક દેવતાઓના સમૂહ સાથે સ્વચ્છ પાણીથી પૂર્ણ સરોવર પાસે આવે છે, અને સ્નાન કરે છે. ત્યારબાદ પ્રદક્ષિણા આપીને પૂર્વના દરવાજાથી અભિષેકસભામાં પ્રવેશ કરે છે. (૩૫૫–૩૫૯)

### દેવોના અભિષેકનું વર્ણન.

હવે આભિયોગિક દેવતાઓ સ્વાભાવિક તેમજ વિકુર્વેલ (=દૈવી શક્તિથી નવા બનાવેલ) મણિમય કળશા, [૧]ભૃંગાર આદિ ઉપકરણો લઇને ક્ષીરોદધિ અને પુષ્કરવર સમુદ્રમાં જાય છે. બંને સમુદ્રોમાંથી પાણી અને વિશિષ્ટ જાતિનાં શ્રેષ્ઠ કમળો લે છે. ત્યારબાદ મનુષ્યક્ષેત્રમાં આવેલ માગધ, વરદામ અને પ્રભાસતીર્થનું પાણી અને માટી લે છે. ત્યારબાદ ભરત આદિ ક્ષેત્રની ગંગા. સિંધુ, રક્તા અને રક્તવતી નદીઓની, તથા હૈમવત આદિ ક્ષેત્રોમાં આવેલી અન્ય પણ સઘળી મોટી નદીઓની બંને કિનારાની માટી તથા પાણી લે છે. (૩૬૦–૩૬૩)

ત્યારબાદ લઘુ હિમવંત આદિ કુલગિરિ પર્વતોમાં જઇને સર્વ પ્રકારનાં [૨]તુવર, ઔષધી, સર્ષપ, [૩]ગંધ

૧. અભિષેકમાં ઉપયોગી વાસણ વિશેષ.

૨. શરીરની ચીકાશ દૂર કરનારું તૂરા રસવાળું સુગંધી દ્રવ્ય.

૩. સુગંધી દ્રવ્ય વિશેષ.

અને પુલોને લે છે. એ જ પ્રમાણે ચાર ગોળ વૈતાઢ્ય પર્વતોમાં પણ જઇને તુવર આદિ લે છે. પાંચ મહાવિદેહના વિજયોમાં આવેલ માગધ, વરદામ અને પ્રભાસ તીર્થોમાંથી પણ પાણી અને માટી લે છે. વિજયોમાં રહેલી નદીઓનું કેવળ પાણી લે છે. ત્યાર બાદ વક્ષસ્કાર પર્વતોમાંથી અને ભદ્રશાળ વનમાંથી તુવર આદિ લે છે. ત્યારબાદ નંદન વનમાંથી તુવર આદિ અને ગોશીર્ષચંદન, સૌમનસવનમાંથી તુવર આદિ અને પુષ્પોની માળાઓ, પંડગ વનમાંથી તુવર આદિ અને સુગંધી દ્રવ્યો લે છે. પછી તુવર આદિ દ્રવ્યોનું મિશ્રણ કરે છે.[૧] (૩૬૪-૩૬૭)

ત્યારબાદ પોતાના સ્થાને જઇને નવા ઉત્પન્ન થયેલા તે દેવને સિંહાસન ઉપર બેસાડીને શ્રેષ્ઠ પુષ્પમાળાથી સુશોભિત, ચંદનથી વિલિપ્ત, અને ઢાકણ ઉપર કમળના ચિત્રવાળા કળશો વડે સ્નાન કરાવે છે. આ વખતે આનંદ પામેલા કોઇ દેવ મધુર ગીતો ગાય છે, કોઇ દુંદુભિઓ વગાડે છે, કોઇ સ્તુતિપાઠકની જેમ સ્તુતિ બોલે છે, કોઇ રત્ન અને સુવર્ણ વગેરેની વૃષ્ટિ કરે છે. બીજા દેવો સિંહની

---

૧. તીર્થંકરોના અભિષેકમાં પણ અભિષેક યોગ્ય પાણી આદિ વસ્તુ લાવવાનો આ જ ક્રમ છે.

ગર્જના સમાન ગર્જનાઓ કરે છે. આમ અતિશય હર્ષપૂર્વક અભિષિક્ત તે દેવ સિંહાસન ઉપરથી ઊઠીને મૃદંગ અને દુંદુભિના પ્રચંડ ધ્વનિપૂર્વક હજારો દેવોના પરિવાર સાથે અલંકારસભામાં જઇને અલંકારો પહેરે છે. ત્યારબાદ વ્યવસાયસભામાં જઇને દેવોનાં કર્તવ્યો અને નીતિમાર્ગને જણાવનારા પુસ્તકને વાંચે છે. આ પુસ્તક રત્નમય હોય છે. તેમાં અક્ષરો સુવર્ણમય હોય છે ત્યારબાદ નંદા પુષ્કરણીમાં (=અંદર ઉતરવાના પગથિયાવાળી વાવડીમાં) પાણીથી શુદ્ધિ કરીને હાથમાં પૂજાના ઉપકરણો લઇને સિદ્ધાયતનમાં રહેલા જિનબિંબોને ભક્તિથી પૂજે છે, અને વંદન કરે છે. ત્યારબાદ દેવસભામાં જઇને જિનેશ્વરોની દાઢાઓને પૂજે છે. પછી તે જ સભામાં ઇંદ્રની જેમ સિંહાસન ઉપર બેસે છે. (૩૬૮–૩૭૪)

## દેવોનાં આભૂષણોનું વર્ણન

આ પ્રમાણે દેવલોકમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ દેવતાઓ સુખી હોય છે. તેમણે પૂર્વભવે સુકૃત કર્યું હોય છે. તેમના મસ્તકે રત્નનો વિશાળ મુકુટ હોય છે. મસ્તકનો અગ્રભાગ ચૂડામણિથી અલંકૃત હોય છે. તેમના કુંડળો ગાલના તળીયાને અડકે તેટલાં લાંબા અને મોટાં હોય છે, ડોકમાં વનમાળા નાખેલી

હોય છે. છાતી હારથી શોભિત હોય છે. તથા હાથમાં [1]બાહુરક્ષક અને બાજુબંધથી શોભા કરેલી હોય છે. તેમના હસ્તનો અગ્રભાગ મણિનાં કડાં અને સુવર્ણનાં કંકણોથી અલંકૃત હોય છે. સઘળી આંગળીઓ રત્નની વીંટીઓથી અલંકૃત હોય છે. કેડમાં રત્નનો કંદોરો હોય છે. કેડે પુષ્પમાળા ધારણ કરેલી હોય છે. સુવર્ણ સમાન કાંતિવાળાં દેવદૂષ્ય વસ્ત્રો પહેરે છે. શ્રેષ્ઠ સુગંધી દ્રવ્યોથી શરીર વિલેપન કરેલું હોય છે. શ્વાસ પણ સુગંધી હોય છે. (૩૭૫-૩૭૮)

## દેવોનાં સુખોનું વર્ણન

જન્મ પર્યંત વ્યાધિ અને વૃદ્ધાવસ્થાની દુષ્ટ સ્થિતિથી રહિત હોય છે. યૌવન સદા સ્થિર હોય છે. દેવાંગનાઓ સાથે અનુપમ સુખોને ભોગવે છે. વિવિધ પ્રકારની શક્તિથી મેરુપર્વતને તોલે છે, ભૂમિતળને કંપાવે છે, સમુદ્રોને પણ ઉછાળે છે, ઇચ્છા પ્રમાણે રૂપો કરે છે, ઇચ્છાનુસાર ફરે છે, દેવાંગનાઓ સાથે વનોમાં ક્રીડા કરે છે, ઘડીભર નાના થાય છે, ઘડી-ભર મોટા થાય છે, ઘડીભર હલકા થાય છે, ઘડીભર ભારે થાય છે, ઘડીભર દૃશ્ય થાય છે, ઘડીભર

---

૧. રક્ષક અને બાજુબંધ એ બંને હાથનાં આભૂષણો છે.

અદૃશ્ય થાય છે, બત્રીશ પાત્રબદ્ધ વિવિધ પ્રકારના નાટકોને જુએ છે. આ પ્રમાણે આનંદ પામેલા દેવો રત્નોનાં ભવનોમાં અસંખ્યાત કાળ પણ પસાર કરે છે. (૩૭૯–૩૮૨)

## દેવોનાં દુઃખોનું વર્ણન

[૧]આ પ્રમાણે ઋદ્ધિસંપન્ન દેવોનાં પણ અંગો

---

૧. અહીં પ્રશ્ન થશે કે આ ગ્રંથ ભવ્ય જીવોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા અને ઉત્પન્ન થયેલા વૈરાગ્યને પ્રબળ બનાવવા રચાયેલો છે. તો પછી આ દેવલોકની ઋદ્ધિનું વર્ણન શા માટે? તે વર્ણનથી કંઈ જીવોને વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. બલ્કે થયેલ વૈરાગ્ય પણ નાશ પામી જવાનો સંભવ છે. તો તેના સમાધાન તરીકે જણાવવાનું કે જેમ કોઈ માણસને નદીના પાણી આદિને ટપી જવા બરાબર ફાળ મારવા પાછા હઠવું પડે છે. પાછા હઠીને જોરથી દોડીને કૂદકો મારવામાં આવે તો જ બરાબર ફાળ મારીને ટપી શકાય છે. અન્યથા પાણી આદિમાં પડી જવાય છે. તેમ અહીં ગ્રંથકાર મહર્ષિ ભવ્ય જીવોને સંસારરૂપી સમુદ્રને ટપી જવા અધિક ફાળ રૂપી ઉત્કટ વૈરાગ્ય ઉત્પન્ન કરવા દેવલોકની ઋદ્ધિનું વર્ણન કરવા દ્વારા થોડા પાછા હઠાવે છે. તેથી વૈરાગ્ય ઉત્પન્ન કરવા જે હકીકત કહેવી છે તેમાં ફોર્સ આવે છે. આ હકીકત આપણને પછીની ગાથાઓમાં "આ પ્રમાણે ઋદ્ધિસંપન્ન દેવોના પણ" ઇત્યાદિ વર્ણનથી સ્પષ્ટ જણાશે. એટલે કે આ સંસારમાં જો આવા પ્રકારની દેવલોકની ઋદ્ધિ પામેલા દેવતાઓ પણ દુઃખી છે, તો પછી અન્ય જીવોની શી વાત કરવી. આ સંસારમાં ક્યાંય સુખ નથી. જેમ ફૂટબોલની રમતમાં દડો મેદાનમાં ચારે બાજુ અથડાય છે, અને જે બાજુ જાય છે તે બાજુ પગથી માર જ ખાય છે, તેમ આ જીવરૂપી બોલ ચાર ગતિરૂપી મેદાનમાં અથડાયા કરે છે, અને જે ગતિમાં જાય છે તે ગતિમાં બિચારો માર જ ખાય છે.

પોતાની ઋદ્ધિથી અન્ય દેવની અધિક ઋદ્ધિ જોઇને કંપે છે. અન્ય દેવની ઊંચા અને પહોળા સ્તનવાળી, કાળાકમળ સમાન આંખોવાળી અને ચંદ્રસમાન મુખવાળી દેવાંગનાઓને જોઇને ખેદ ઉત્પન્ન થાય છે. કોઇ દેવ વિચારે છે કે મેં અને એણે એક ગુરુની પાસે તપ આચર્યું હતું તો પણ મારી ઋદ્ધિથી તેને અધિક ઋદ્ધિ મળી. તેથી નક્કી થાય છે કે મેં પ્રમત્તપણે ચારિત્રાદિનું પાલન કર્યું હતું અને તેણે અપ્રમત્તપણે ચારિત્રાદિનું પાલન કર્યું હતું. આ પ્રમાણે પોતાની બહુનિંદા કર્યા પછી કોઇ મૂઢદેવ પોતાનાથી અધિક ઋદ્ધિવાળા દેવની દેવી તથા રત્નોનું અપહરણ કરીને પલાયન થઇ જાય છે. તેથી એ દેવ તેની પાછળ પડીને તેને વજ્રથી મસ્તકમાં મારે છે. તેથી વિલાપ કરતો અને દીન બનેલ તે ઉત્કૃષ્ટથી છ મહિના સુધી વેદના ભોગવે છે. કોઇ દેવ ઇર્ષાથી દુ:ખી થાય છે, કોઇ દેવ વૈરીઓના કોપથી સંતાપ પામે છે, કોઇ દેવ દ્વેષથી દુ:ખી થાય છે, કોઇ દેવ માયાથી વિડંબના પામે છે, કોઇ દેવ રત્નો, સ્ત્રીઓ, અને ભવનોમાં આસક્ત બનીને દુઃખ પામે છે. કોઇ દેવ બળાત્કારથી થયેલ દાસપણાથી અત્યંત દુઃખી બને છે. (૩૮૩-૩૮૯)

અંતે આયુષ્યનો ક્ષય થતાં શરીરમાં કંપ થવા લાગે છે, તેજ ઘટતું જાય છે, બધી રીતે ઉલટું થવા લાગે છે. સકળ પરિજન આજ્ઞાનું ઉલ્લંઘન અને અનાદર કરે છે. આથી તે સમયે દેવ અતિશય દુઃખી બને છે. દેવની ઋદ્ધિ મૂકીને જ્યાં જવાનું છે. ત્યાંની અતિશય દરિદ્રતા જોઇને દુઃખી દુઃખી બની જાય છે.

## દેવોનાં ચ્યવનચિહ્નોનું વર્ણન

[ દેવતાઓનું આયુષ્ય છ મહિના બાકી રહે ત્યારે નીચે મુજબ ચિહ્નો થાય છે. (૧) પુષ્પમાળાઓ કરમાવા લાગે છે. (૨) કલ્પવૃક્ષો કંપવા લાગે છે. (૩) દેહ કાંતિ રહિત બનતો જાય છે. (૪) દેવ લજ્જા રહિત બનીને અનુચિત વર્તન કરે છે. (૫) સદા નિર્મલ રહેતાં વસ્ત્રો મલિન બની જાય છે. (૬) વાણીમાં અને દૃષ્ટિમાં હીનતા દેખાવા લાગે છે. (૭) નિદ્રા આવે છે. (૮) વિષયસુખોમાં અધિક આસક્ત બને છે. (૯) શરીરનાં અંગો તૂટે છે. સાંધાઓમાં કળતરા થાય છે. (૧૦) દૃષ્ટિ ઝાંખી થાય છે. આંખોમાં તેજ ઘટવાથી બરોબર ન દેખાય, વિપરીત દેખાય, ભ્રમ થાય વગેરે વિકારો થાય છે. (૧૧) શરીર થરથર ધ્રુજે છે. હૃદયમાં ગભરામણ થાય છે.

(૧૨) દિલમાં અરતિ થાય છે. આથી વિષયસુખનાં સાધનોથી પણ શાંતિ મળતી નથી.[1]

હવે દેવલોકની રત્નમય પુતળીઓ સમાન અને સુવર્ણ સમાન કાંતિવાળી દેવાંગનાઓનો વિયોગ થશે અને કાણી, કુબડી, અપવિત્ર, બિભત્સ, ઉદ્ધત અને કષ્ટથી મેળવી શકાય તેવી સ્ત્રીનો સંયોગ કરવો પડશે એમ જાણીને અતિશય સંતાપ પામે છે. દેવલોકનાં મનોવાંછિત આહાર, વિષય અને વસ્ત્રાદિનાં સુખો છોડીને જ્યાં ઉત્પન્ન થવાનું છે ત્યાં અન્ય ઘરના દાસપણાથી પેટ ભરવું પડશે એમ જાણીને બહુ અરતિ થાય છે. દેવલોકમાં મનોહર કલ્પવૃક્ષના ગહન પ્રદેશોમાં ક્રીડાઓને બદલે ચંડાલ જાતિની સ્ત્રીના કે ગધેડીના ગર્ભમાં રહેવાનું જોઈને દેવોને ઉત્પન્ન થતા દુઃખને સર્વજ્ઞ જ જાણી શકે. (૩૯૦–૩૯૫)

વિમાન વગેરેમાં રાગવાળા, મારી સમૃદ્ધિ, મારી પત્ની મારું ભવન ઇત્યાદિ મમત્વ રૂપ મોહથી

---

૧. દેવોનાં બાર ચિહ્નોનું વર્ણન મૂળ ગ્રંથોમાં નથી. પણ અહીં ઉપયોગી હોઈ નીચેની ગાથાના આધારે લખેલ છે.

माल्यम्लानिः कल्पवृक्षप्रकंपः, श्रीह्रीनाशो वाससां चोपरागः।
दैन्यं तन्द्रा कामरागाङ्गभङ्गौ, दृष्टिभ्रान्तिर्वेपथुश्चारतिश्च ॥

મૂંઝાયેલા, કર્મવશ અને અજ્ઞાન દેવોના દુઃખ વિષે આજે પણ શું શંકા છે? અર્થાત્ દેવો પણ દુઃખી છે એમાં આજે પણ કોઇ શંકા નથી. સમ્યગ્દૃષ્ટિ દેવોને પણ ગર્ભાવાસ વગેરે દુઃખ નક્કી જ છે. તથા ગોશાળા સમાન કોઇ સમ્યગ્દૃષ્ટિ દેવો અનંત ભવો સુધી સંસારમાં ભ્રમણ કરે છે. તેથી અસાર દેવ-ગતિમાં પણ તીર્થંકરોના સમવસરણાદિ અને વૈયા-વચ્ચ વગેરે જે ધર્મ થાય છે તે જ સાર છે. (૩૯૬-૩૯૮)

## નરકાદિ ચારેય ગતિઓની અસારતાનું વર્ણન

ચારગતિ રૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતા સઘળા જીવો અનંતવાર જન્મ મરણ પામ્યા છે, અને અનંતવાર શારીરિક–માનસિક ઘણાં દુઃખો સહન કર્યાં છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે ભુવનમાં જ્યાં ચોરાશી લાખ જીવયોનિમાં જીવ ઉત્પન્ન થયો ન હોય તેવો તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ પ્રદેશ નથી. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવો સંપૂર્ણ લોકમાં રહેલા સર્વ રૂપી દ્રવ્યોને [1]શરીર, [2]ઉપસ્કાર [3]પરિભોગ

૧. ઔદારિકાદિ શરીરરૂપે પરિણમાવીને.

૨. શય્યા, આસન, પાત્ર આદિરૂપે.

૩. વસ્ત્ર, સુવર્ણ, સ્ત્રી, આદિરૂપે.

અને ભોજનપણે અનંતવાર ભોગવ્યાં છે. તો પણ પાણીથી સમુદ્રની જેમ આ આત્મા ધરાતો નથી. તેથી વિષયરૂપી માંસમાં આસક્ત થયેલ આત્મા ભવે ભવે તૃપ્તિ પામતો નથી. હે જીવ! આ પ્રમાણે તેં સર્વ પ્રકારનું વિષયસુખ ભોગવ્યું અને તેના કારણે તે વિષયસુખથી અનંતગણું દુઃખ ભોગવ્યું. તેથી હવે સંસારનાં દુઃખનો નાશ કરનાર જિન-ધર્મમાં ઉદ્યમ કર. (૩૯૯—૪૦૩) આ પ્રમાણે દેવ-ગતિનું સ્વરૂપ પૂર્ણ થયું. તેની સાથે પાંચમી સંસારભાવના પણ પૂર્ણ થઇ.

### ૬ અશુચિ ભાવના

શરીરની ઉત્પત્તિનાં કારણોને, ઉત્પત્તિના સ્થા-નને, શરીરને વધારવાનાં અને ટકાવવાનાં કારણોને, તથા શરીરના સ્વરૂપને વિચારીને જેમણે શરીરનું વાસ્તવિક સ્વરૂપ જાણી લીધું છે તે જીવો શરીરને પવિત્ર માનતા નથી. પિતાનું વીર્ય તથા માતાનું લોહી એ બે શરીરનું બીજ (શરીરની ઉત્પત્તિનું કારણ) છે. માતાનું ઉદર શરીરની ઉત્પત્તિનું સ્થાન છે. વીર્ય અને લોહીના મિશ્રણરૂપ ઓજ શરીરની વૃદ્ધિનું કારણ છે. શરીરનું સ્વરૂપ નીચે પ્રમાણે છે. :–

મનુષ્યના શરીરમાં પીઠના ભાગમાં વાંસની ગાંઠો જેવી હાડકાની અઢાર ગાંઠો (=બે હાડકાના સંયોગરૂપ સંધિઓ) હોય છે. તેમાં બાર ગાંઠોમાંથી બાર પાંસળીઓ રૂપ હાડકાં નીકળે છે. તથા અન્ય છ ગાંઠોમાંથી છ પાંસળીઓ નીકળે છે. જીભ સાત આંગળ લાંબી અને વજનમાં [1]ચાર પલ પ્રમાણ હોય છે. આંખો બે પલ પ્રમાણ હોય છે, અને મસ્તક ચાર [2]કપાલથી બનેલું છે (૪૦૪–૪૦૭)

(છાતીમાં રહેલ માંસના ટુકડારૂપ) હૃદય સાડા ત્રણ પલ પ્રમાણ હોય છે. બત્રીશ દાંત હાડકાના (બત્રીશ) ટુકડા છે. (છાતીની અંદર ગુપ્ત રહેલ માંસરૂપ) કાળજું આગમમાં પચીશ પલ પ્રમાણ કહ્યું છે. શરીરમાં બે આંતરડાં છે. દરેક આંતરડું પાંચ વામ લાંબુ છે. એકસો આઠ સંધિઓ છે. એકસો સાત મર્મસ્થાનો છે. (૪૦૮–૪૦૯)

મનુષ્યના શરીરમાં કુલ સાતસો નસો છે. તેમાંથી રસહરણી નામની એકસો સાઠ નસો નાભિમાંથી નીકળીને મસ્તકમાં જાય છે. તેમના અનુગ્રહ અને ઉપઘાતમાં કાન, આંખ, નાક અને

૧ ૩૨ રતિ (=તોલાના $\frac{1}{3}$ ભાગ) નો એક પલ થાય.

૨ કપાલ એટલે હાડકાનો ટુકડો.

જીભનો અનુગ્રહ અને ઉપઘાત થાય છે. અર્થાત્ તે નસોમાં રોગાદિથી કોઇપણ જાતનો બગાડ ન થયો હોય તેમને પોષણ મળતું હોય તો કાન આદિમાં પીડાદિ કંઇ થતું નથી; અને પોતપોતાનું કાર્ય બજાવે છે. પણ જો તે નસોમાં રોગાદિથી કોઇ પણ જાતનો બગાડ થાય તો કાન આદિમાં પણ રોગાદિ થાય છે, અને પોતપોતાનું કાર્ય બજાવી શકતા નથી. અહીં આગળ પણ અનુગ્રહ અને ઉપઘાતનો અર્થ આ પ્રમાણે સમજી લેવો. (૪૧૦)

તથા નાભિમાંથી નીકળીને નીચે જનારી બીજી પણ એકસો આઠ નસો છે. પગના તળીયા સુધી ગયેલી તે નસોમાં ઉપઘાત ન થયો હોય તો જંઘામાં બળ આપે છે. જો ઉપઘાત થયો હોય તો મસ્તકમાં વેદના તથા આંખમાં અંધાપો કરે છે. તથા નાભિમાંથી નીકળીને ગુદામાં ગયેલી અન્ય પણ એકસો સાઇઠ નસો છે. તેમના બળથી (અધો) વાયુ, પેશાબ અને મળ બરાબર થાય છે. તે નસોનો ઉપઘાત થાય તો હરસની વ્યાધિઓ, પાંડુ રોગ અને [૧]વેગનો નિરોધ થાય છે. (૪૧૧-૪૧૪)

૧ વેગ એટલે શરીરમાં થતી કુદરતી હાજતો. તે ૧૩ છે. તે આ પ્રમાણેઃ—અધોવાયુ, ઝાડો, પેશાબ, છીંક, તૃષા, ભૂખ, ઊંઘ, ઉધરસ,

તે સિવાય બીજી નાભિમાંથી નીકળીને વાંકી જનારી એકસો સાઠ નસો છે. તે નસો બાહુમાં બળ આપે છે. તેમનો ઉપઘાત થાય તો પેટના પડખાંઓમાં તથા પેટમાં પીડાઓ કરે છે. બીજી પચીશ નસો કફને ધારણ કરે છે. પચીશ નસો પિત્તને ધારણ કરે છે. દશ નસો વીર્યને ધારણ કરે છે. આ પ્રમાણે નાભિમાંથી નીકળનારી સાતસો નસો પુરુષને હોય છે. સ્ત્રીને તેમાંથી ત્રીસ ઓછી હોય છે, અને નપુંસકને વીશ ઓછી હોય છે. મનુષ્યના શરીરમાં નવસો સ્નાયુઓ અને નવ નાડીઓ હોય છે (૪૧૫-૪૧૭)

શરીરમાં મૂત્ર એક આઢક, લોહી એક આઢક, ચરબી અર્ધો આઢક, અને મસ્તકમાં રહેલ મજ્જા (મગજ) એક પ્રસ્થ પ્રમાણ હોય છે. વિષ્ઠા છ પ્રસ્થ, પિત્ત એક કુડવ, કફ એક કુડવ અને વીર્ય અર્ધ કુડવ હોય છે. વાતાદિથી દૂષિત આ વસ્તુઓનું પ્રમાણ હીન કે અધિક હોય છે.[1] અર્થાત્ કોઇ શરીરમાં આ સઘળી

શ્વાસ, બગાસું, આંસું, ઉલટી અને વીર્યપાત. આ વેગોમાંથી કોઈ પણ વેગનો નિરોધ થાય તો રોગો થાય છે અને મૃત્યુ પણ નીપજે છે.

૧ અહીં કહેલ સર્વ માપ પૂર્વે મગધ દેશમાં પ્રસિદ્ધ હતા. વર્તમાનમાં એક કુડવ=પાશેર-સવાસો ગ્રામ. પ્રસ્થ=એક શેર-અર્ધો કિલો. ચાર પ્રસ્થનો એક આઢક થાય.

વસ્તુઓ કહેલ પ્રમાણથી ન્યૂન કે અધિક હોય તો તે વાતાદિ દોષના કારણે જાણવું. (૪૧૮-૪૧૯)

સ્ત્રીને [1]અગ્યાર અને પુરુષને (બે સ્તન રહિત) નવ અશુચિ નીકળવાનાં છિદ્રો હોય છે. આ પ્રમાણે હાડકાં, માંસ, મળ અને લોહીના જથ્થારૂપ શરીરમાં કઇ પવિત્રતા છે? અર્થાત્ કોઇ જાતની પવિત્રતા નથી. આ શરીર કાગડા અને કૂતરાઓને ખાવા લાયક છે, કૃમિઓના સમૂહનું ઘર છે, રોગોનું સ્થાન છે, મરણ અવસ્થામાં કાર્ય કરવાને અસમર્થ છે, અંતે સ્મશાન ભેગું થવાવાળું છે. આવા શરીરમાં જિનેશ્વરનું શાસન જેમના હૈયે વસ્યું છે તેમને રાગ ન હોય. શરીરના સંયોગને પામેલાં વસ્ત્ર. આહાર, વિલેપન, તંબોલ વગેરે અતિશય ઉત્તમ દ્રવ્યો ક્ષણવારમાં પણ અપવિત્ર થઇ જાય છે. પાણી, કોદરા, વસ્ત્ર વગેરે સઘળાં અશુભ દ્રવ્યો પણ કોઇ પ્રક્રિયાથી સંસ્કારિત કરવાથી અર્ધ ક્ષણમાં શુભ થાય છે. (૪૨૦-૪૨૩)

આ પ્રમાણે ક્ષણવારમાં પરાવર્તન પામતા પુદ્ગલ સમૂહમાં જે જિનધર્મમાં ઉપકારક થાય છે

૧ બે કાન, બે આંખ, નાકના બે નસકોરાં, મુખ, બે સ્તન, મૂત્રદ્વાર અને મળદ્વાર.

તે જ વસ્તુને હું પવિત્ર અને ઉત્તમ માનું છું. જે વસ્તુ જિનધર્મમાં ઉપકારક છે તે જ પવિત્ર અને ઉત્તમ હોવાથી ઉન્માદ કરનારી ધૃણાનો ત્યાગ કરીને કદંબ બ્રાહ્મણની જેમ શરીર અને (વસ્ત્ર આભૂષણ વિલેપનાદિ) બાહ્ય વસ્તુને જિનધર્મમાં ઉપકારક કર, અર્થાત્ જિનધર્મમાં તેનો ઉપયોગ કર, પણ વિષયના ઉપભોગમાં ન કર. (૪૨૪-૪૨૫)

[અશુચિ :-શરીરમાં અશુચિનો=અપવિત્રતાનો વિચાર કરવો તે અશુચિ ભાવના છે. તે આ પ્રમાણે (૧) બીજ (૨) ઉપષ્ટંભ સ્થાન (૩) ભાજન (૪) સ્થાન (૫) નળ (૬) અશક્ય પ્રતીકાર (૭) કારક આ સાત મુદ્દાની ટૂંક વિચારણા.

(૧) બીજ એટલે ઉત્પત્તિનું કારણ. શરીર માતાનું લોહી અને પિતાનું શુક્ર એ બેના સંયોગથી ઉત્પન્ન થાય છે. એ બંને પદાર્થો અશુચિમય છે. (૨) શરીર આહારાદિથી ટકે છે. આહાર ગળામાંથી પસાર થઇ પેટમાં આવેલા શ્લેશ્માશયમાં (હોજરીમાં) પ્રવેશે છે. ત્યાં શ્લેશ્મ (=કફ) એ આહારને પ્રવાહી રૂપે બનાવી દે છે. તે પ્રવાહી અત્યંત અશુચિ હોય છે. બાદ તે પ્રવાહી પિત્તાશયમાં આવે છે. ત્યાં તેનું પાચન થાય છે. બાદ

તે પક્વાશયમાં આવે છે. ત્યાં વાયુથી તેના બે ભેદ પડે છે. જેટલા પ્રવાહીનું પાચન થઇ ગયું તેટલાનો રસ બને છે. જે પ્રવાહીનું પાચન ન થયું હોય તે ખલ (=નકામો કચરો) બને છે. આ ખલભાગમાંથી મૂત્ર વગેરે અશુચિ પદાર્થો ઉત્પન્ન થાય છે. પ્રવાહી ખોરાક બનેલ [1]રસ શરીરની સાત ધાતુઓમાંની પ્રથમ ધાતુ છે. રસમાંથી લોહી,[2] લોહીમાંથી માંસ,[3] માંસમાંથી મેદ[4] (ચરબી), મેદમાંથી હાડકાં,[5] હાડકાંઓમાંથી મજ્જા[6] મજ્જામાંથી શુક્ર[7] બને છે, (સ્ત્રીને રજસ્ બને છે.) આ રસ આદિ સર્વ પદાર્થો અશુચિ છે. આ રસ આદિ ધાતુઓથી શરીર ટકે છે, માટે રસ આદિ સાત ધાતુઓ શરીરનો ઉપષ્ટંભ=ટેકો છે. શરીરના ઉપષ્ટંભ (=ટેકા) રૂપ રસ આદિ પદાર્થો અશુચિ હોવાથી શરીર અશુચિ છે.

(૩) શરીર સ્વયં અશુચિનું ભાજન (=સ્થાન) છે. કારણ કે મળ-મૂત્ર-મેલ વગેરે અનેક અશુચિ પદાર્થો તેમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. શરીર અશુચિથી ભરેલી પેક કોથળી અગર ગટર છે. (૪) શરીર માતાના ઉદરમાં ઉત્પન્ન થાય છે. માતાનું ઉદર અત્યંત અશુચિ પદાર્થોથી ભરેલું છે. આથી શરીરનું ઉત્પત્તિસ્થાન પણ અશુચિથી ભરેલું છે.

(૫) નળ ખોલતાં જેમ પાણી નીકળે છે તેમ શરીરમાંથી મળ–મૂત્ર–મેલ વગેરે અનેક અશુચિ પદાર્થો દરરોજ વહ્યા કરે છે. માટે શરીર અશુચિ પદાર્થોનો નળ છે. (૬) શરીરની અશુચિને દૂર કરવા ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તેની અશુચિ દૂર થતી જ નથી. એને દરરોજ સાફ કરવાની ગદ્ધાપચીસી કરવી પડે છે. ગદ્ધા પચીસી કરીને શરીરને બહારથી સાફ કરવા છતાં થોડી જ વારમાં મૂળ સ્થિતિમાં આવી જાય છે. શું કોલસો કદી ધોળો થાય? જો કોલસો ઉજળો થાય તો કાયા પવિત્ર બને! (૭) આગળ વધીને કાયા શુચિ પદાર્થોને પણ અશુચિ બનાવી દે છે. જે વસ્તુ પ્રથમ સુંદર અને સ્વાદિષ્ટ લાગતી હોય તે જ વસ્તુ પેટમાં ગયા પછી બહાર કાઢવામાં આવે તો જોવી પણ ગમતી નથી. તો ફરી મોઢામાં તો શી રીતે નંખાય? એને હાથ લગાડવાની પણ ઇચ્છા થતી નથી. સુગંધી વસ્તુ પણ પેટમાં જતાં જ દુર્ગંધવાળી બની જાય છે. આથી કાયા સ્વયં અશુચિ હોવા ઉપરાંત અશુચિકારક પણ છે.[1]]

આ પ્રમાણે છઠ્ઠી અશુચિભાવના પૂર્ણ થઇ.

---

૧ કાઉંસમાં બતાવેલા સાત મુદ્દાનું વર્ણન મૂળ ગ્રંથમાં નથી. પણ ઉપયોગી હોવાથી પાતંજલયોગ દર્શન આદિના આધારે અહીં લીધું છે.

## ૭ લોકસ્વભાવ ભાવના

આ લોક ચૌદરાજ પ્રમાણ ઉંચે લાંબો છે, અને પહોળાઇમાં કોઇ સ્થળે એક રાજ, કોઇ સ્થળે બે રાજ, અને કોઇ સ્થળે સાત રાજ પ્રમાણ છે. લોકસ્વભાવ ભાવનામાં એકાગ્રચિત્તે નરકવાસ, દેવલોક અને અસંખ્ય દ્વીપ સમુદ્રોથી યુક્ત લોકનું સ્વરૂપ વિચારવું જોઇએ. અથવા લોક સ્વભાવ ભાવનામાં નીચે પ્રમાણે વિચારવું. કેવલજ્ઞાનીને પ્રત્યક્ષ દેખાતા આ સંસારમાં અનંતવાર એક ભવમાંથી મરણ પામીને ભવાંતરમાં માતા પણ પુત્રી થાય છે, પુત્રી પણ પત્ની થાય છે, પુત્ર પિતા થાય છે, પિતા પણ પોતાનો પુત્ર થાય છે, મિત્રો પણ શત્રુ થાય છે, અને શત્રુઓ પણ મિત્ર ભાવને પામે છે. સંસારના પરિવર્તનમાં જેમ સુકોશલ મુનિવરની માતાએ તેના માંસ આદિનું ભક્ષણ કર્યું હતું તેમ માતા પ્રિય પુત્રના પણ માંસ આદિનું ભક્ષણ કરે છે. ખરેખર સંસારમાં દુઃખ જ છે. (૪૨૬-૪૩૦)

આ પ્રમાણે સાતમી લોકસ્વભાવ ભાવના પૂર્ણ થઇ.

## ૮ આશ્રવ ભાવના

કેવળ દુઃખરૂપ આ સંસારસાગરમાં પડેલો જીવ રોગ, જન્મ, જરા, મરણ આદિ શારીરિક

અને શોક, દરિદ્રતા, દૌર્ભાગ્ય, અન્યથી પરાભવ, વિષાદ આદિ માનસિક દુઃખો સહન કરે છે. તે દુઃખો રાગદ્વેષાદિ આશ્રવોથી આવે છે. રાગ, દ્વેષ, કષાય, પાંચ ઇંદ્રિયો, હિંસા, અસત્ય આદિ આસ્રવો છે=કર્મને આવવાનાં બારણાં છે. જેમ અપથ્ય-ભોજનના પરિણામે દારુણ ફળને જાણતો હોવા છતાં રોગી વૈદ્ય આહારલોલુપતાથી અપથ્ય ભોજ-નમાં રતિ કરે રાગ-દ્વેષના પરિણામે દારુણ ફળને જાણતા હોવા છતાં જીવો તેમ રાગ-દ્વેષથી અનીતિ, ચોરી આદિ પાપોમાં રતિ કરે છે. આવા રાગ-દ્વેષને ધિક્કાર થાઓ. (૪૩૧-૪૩૩)

ક્રોધી જીવ ધર્મ, અર્થ, કામ એ ત્રણે પુરુ-ષાર્થનો ત્યાગ કરે છે, તથા આ ભવમાં અને પરભવમાં દુઃખી થાય તેવું આચરણ કરે છે. અભિમાની જીવો જગતમાં અપજશ, ઉન્મત્તપણું અને પોતાના ગુણોના વિનાશને પામે છે, લોકમાં ઉપહાસ્ય બને છે. માયાવી જીવ માયાથી ઘણા પ્રપંચો કરીને જેમ જેમ લોકોને ઠગે છે, તેમ તેમ કર્મમળને એકઠો કરે છે, અને ઘોર ભવરૂપી સાગરને બાંધે છે, અર્થાત્ સંસાર વધારે છે. લોભને વશ બનેલો જીવ પોતાના કર્તવ્યનો ત્યાગ કરે

છે, પાપને આચરે છે, અને અતિલોભથી ગલને (માછલાં મારવાના કાંટામાં મૂકેલ માંસના ટુકડાને) ગળીને મરણને શરણ થનાર માછલાની જેમ મરણ પામે છે. ક્રોધ ઉપર સૂર બ્રાહ્મણનું, માન ઉપર ઉજ્જિત કુમારનું, માયા ઉપર વણિક પુત્રીનું, અને લોભ ઉપર લોભનંદનું ઉદાહરણ છે. (૪૩૪–૪૩૮)

જેમ મંત્ર કે ઔષધિ વિના પકડેલા તીવ્ર વિષવાળા સર્પો પકડનારનો વિનાશ કરે છે, તેમ તે તે ઇંદ્રિયના સંતોષ આદિ પ્રતિકાર વિના શ્રોત્ર વગેરે પાંચ ઇંદ્રિયો પ્રમાદી પુરુષનો વિનાશ કરનારી થાય છે. પ્રમાદના કારણે ઇંદ્રિયોથી થતા અનિષ્ટ વિષે અનુક્રમે રાજપુત્ર, શ્રેષ્ઠિપુત્ર, ગંધપ્રિય, મધુપ્રિય, અને મહેન્દ્ર એ પાંચનાં દૃષ્ટાંતો છે. જેમ સમુદ્રના મધ્ય ભાગમાં રહેલ નાવ અનેક પ્રકારનાં છિદ્રોથી પાણીના સમૂહને ગ્રહણ કરે છે, તેમ જીવ હિંસા, અસત્ય આદિ વિવિધ પ્રકારના આશ્રવો વડે કર્મને ગ્રહણ કરે છે. વિદ્વાનોએ હિંસા, અસત્ય, અદત્તાદાન મૈથુન અને પરિગ્રહમાં અનુક્રમે લલિતાંગ, ધનાકર વણિક, વજ્રસાર, વણિકપુત્ર અને સુંદર વગેરેનાં દૃષ્ટાંતો જાણવાં. (૪૩૯–૪૪૨)

આ પ્રમાણે આઠમી આશ્રવ ભાવના પૂર્ણ થઇ.

## ૯ સંવર ભાવના

જે પૃથ્વીકાય આદિ સર્વ જીવોને આગમ આદિથી જાણીને જીવોને વિષે આત્મતુલ્ય થાય છે, અર્થાત્ સર્વજીવોનું પોતાની જેમ કે પોતાનાથી પણ અધિક રક્ષણ કરે છે, તે પ્રાણાતિપાતની વિરતિના સ્વીકારથી પ્રાણાતિપાત રૂપ આશ્રવદ્વારને બંધ કરે છે. તેથી તે કર્મરૂપી મળથી લેપાતો નથી. હે જીવ! જો તું મોક્ષસુખને ઇચ્છે છે તો ત્રણે ભુવનના વૈરી હિંસાદિ પાંચ પાપો, પાંચ ઇંદ્રિયો, ચાર કષાય અને ત્રણ યોગરૂપ કર્મના આશ્રવમાર્ગોને તે તે આશ્રવના વિપક્ષ અહિંસાદિના સેવનરૂપ બારણાથી બંધ કરી દે. જેમ અપથ્ય આહારનો ત્યાગ થતાં રોગી માણસના રોગો અટકી જાય છે, તેમ નિગ્રહ કરાયેલા કષાયોથી સર્વ આશ્રવો મૂળથી અટકી જાય છે. કારણકે કષાયો જ સર્વ અનર્થોનું કારણ છે જેમ કાળો સર્પ મંત્રોથી થંભી જાય છે, તેમ અતિશય પ્રબલ પણ તે કષાયો તપ, સમતા, ધ્યાન, સમ્યગ્‌જ્ઞાન અને ચરણ કરણથી (=મૂલગુણ અને ઉત્તરગુણથી) અટકી જાય છે. (૪૪૩-૪૪૬)

હે જીવ! ગાડીમાં જોડાયેલા ઘોડાઓની જેમ સંતોષ રૂપી દોરડાથી કાબુમાં રાખેલી તારી પોતાની

ઇંદ્રિયો તને અત્યંત લાભકારી થાય છે. સારી રીતે અંકુશમાં રાખેલા મન–વચન–કાયાના યોગો પણ લાભકારી થાય છે. પણ અંકુશમાં નહિ રાખેલા યોગો ઉન્મત્ત હાથીઓની જેમ શીલરૂપી-વનને ભાંગી નાંખે છે. જે જીવને જેમ જેમ રાગ-દ્વેષાદિ આશ્રવરૂપ દોષોની નિવૃત્તિ થતી જાય છે, અને જેમ જેમ શબ્દાદિ વિષયોને વિષે વૈરાગ્ય થતો જાય છે, તેમ તેમ તે જીવનું મોક્ષસ્થાન નજીક જાણવું. અહીં તે જ ક્ષણે આશ્રવદ્વારો બંધ કરનારમાં વિજયરાજા અને ચિલાતિપુત્રનું દૃષ્ટાંત જાણવું (૪૪૭–૪૫૦)

આ પ્રમાણે નવમી સંવર ભાવના પૂર્ણ થઇ.

## ૧૦ નિર્જરા ભાવના

કનકાવલિ, રત્નાવલિ, મુક્તાવલિ, સિંહક્રીડિત વગેરે તપ લાંબા કાળથી એકઠાં કરેલાં અશુભ-કર્મોનો નાશ કરે છે. વૈરાગ્યને પામેલો અને દૃઢ પ્રતિજ્ઞાવાળો જીવ જેમ જેમ તપ કરે છે તેમ તેમ સૂર્યથી ઠંડી નાશ પામે તેમ તેનાં અશુભ કર્મો નાશ પામે છે. જ્ઞાનરૂપી પવનથી સહિત અને શીલથી ઉજ્જવળ તપોમય અગ્નિ દાવાનળની જેમ સંસારરૂપી વૃક્ષનાં મૂળિયાંઓને બાળી નાંખે છે.

તપરૂપી તીક્ષ્ણ તલવારના મારથી મોહના સૈન્યને હણી નાખનાર તે સાધુસુભટોનો હું દાસ છું. અને તેમને નમેલો છું. હે મુનિ! દઢ સંયમરૂપી બારણાથી બંધ કરેલ મલિન આત્મારૂપી ભવનમાં દીવો પ્રગટાવીને તપ વડે કર્મરૂપી મલને દૂર કર. તપરૂપી દાવાનળમાં નાખીને સુવર્ણની જેમ આત્માને શુદ્ધ કરનાર અતિમુક્ત અને કુરુદત્ત વગેરે મુનિઓને હું નમસ્કાર કરું છું. (૪૫૧-૪૫૬)

આ પ્રમાણે દશમી નિર્જરા ભાવના પૂર્ણ થઇ.

## ૧૧ ઉત્તમગુણ ભાવના

જેમ ઉત્તમ હાથી ખાડામાંથી નીકળી જાય છે. તેમ ઉત્તમ પ્રકારના સત્ત્વયુક્ત જેઓ સ્ત્રીરૂપી બેડી તોડીને ગૃહવાસમાંથી નીકળી ગયા છે તેઓ ધન્ય છે. =ભાગ્યશાળી છે. ગૃહરૂપી કેદખાનાના બંધનથી મુક્ત થયેલા અને સંગરહિત બનીને જિનેશ્વરોએ કહેલા ચારિત્રને સ્વભાવથી શુદ્ધભાવવડે આચરણ કરનારા ધન્ય છે. જિનવચનોને સાંભળનારાઓ ધન્ય છે. સાંભળેલું કરનારાઓ ધન્ય છે. કર્મનો નાશ કરીને મોક્ષમાં ગયેલા મુનિઓ ધન્ય છે. ભરજુવાનીમાં સંતોષરૂપી કિલ્લા ઉપર ચઢી ઇંદ્રિયોના સૈન્યને ભાંગી નાખનારાઓએ દુષ્કર કર્યું

છે. જેમના યૌવનથી ભરપૂર શરીરમાં પ્રગટેલ ધ્યાનરૂપી (પ્રબલ) અગ્નિમાં કામદેવ બરફની જેમ ઓગળી ગયો છે તેમના જન્મની પણ અમે પ્રશંસા કરીએ છીએ.

જેઓ કષાયરૂપી સમુદ્રના સામા પારને લીલાપૂર્વક પામ્યા છે. તેથી મોક્ષરૂપી રત્નદ્વીપમાં પહોંચ્યા છે, તે શ્રેષ્ઠ મુનિઓનું કલ્યાણ થાઓ. મોહરાજાના સુભટોના અહંકારનો લીલાપૂર્વક નિગ્રહ કરનારા ધનુ અને સ્કંદ વગેરે સાધુઓનાં ચરણકમળોને પ્રણામ કરું છું. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનાદિ ઉત્તમગુણોરૂપી રત્નોના આભૂષણોથી જેમનું શરીર અલંકૃત છે, ત્રણે લોકને નમસ્કાર કરવા લાયક તે ધીરપુરુષોને અમે નમસ્કાર કરીએ છીએ.(૪૫૭–૪૬૪)

આ પ્રમાણે અગિયારમી ઉત્તમગુણ ભાવના પૂર્ણ થઈ.

## ૧૨ બોધિદુર્લભ ભાવના

ખરેખર! અનંત ભવરૂપી અરણ્યમાં સેંકડો કુમાર્ગોથી ઠગાયેલા મેં ઘણું કષ્ટ વેઠીને પુણ્યથી જિનશાસનરૂપી સુગતિનો માર્ગ પ્રાપ્ત કર્યો છે. દુઃખથી રહિત, શાશ્વત, અને સંપૂર્ણ સુખ મોક્ષમાં જ છે. આથી આવા સુખના અભિલાષી જીવોએ

મોક્ષ જ મેળવવા લાયક છે. જિનોક્ત ધર્મનો ભાવથી સ્વીકાર કરવાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. જેનો સંસારકાળ અર્ધપુદ્ગલ પરાવર્તથી પણ ઓછો હોય તે જ જીવ જિનેશ્વરે કહેલા ધર્મને ભાવથી સ્વીકારે છે. આથી દૂરભવી કે અભવીને જિનધર્મની પ્રાપ્તિ દ્રવ્યથી થાય છે, પણ ભાવથી થતી નથી. તે જિનધર્મ મનુષ્યક્ષેત્ર આદિ અનેક પ્રકારની સામગ્રીથી પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં મનુષ્યપણું આદિ ધર્મસામગ્રી અત્યંત દુર્લભ કહી છે. સંસારમાં મનુષ્યપણું, આર્યક્ષેત્ર આર્યજાતિ, આર્યકુળ, રૂપ, આરોગ્ય, દીર્ઘઆયુષ્ય, સૂક્ષ્મબુદ્ધિ, જિનવાણીશ્રવણ, જિનવાણી ઉપર શ્રદ્ધા અને સંયમ દુર્લભ છે. (૪૬૫-૪૬૫)

જો કોઇ દેવ સમુદ્રની પશ્ચિમ દિશામાં સમિલા (=ધૂંસરીમાં નાખવાની લાકડાની ખીલી.) અને પૂર્વ દિશામાં ધૂંસરી નાખે તો તેમનો સંયોગ દુર્લભ છે. કદાચ સમુદ્રોના મોટા કલ્લોલોથી હડસેલાઇને સમિલા ધૂંસરીના છિદ્રોમાં પ્રવેશ કરે તો પણ પુણ્યહીન જીવોને ફરી મનુષ્યપણું દુર્લભ છે. એ પ્રમાણે આર્યક્ષેત્રાદિ પણ શાસ્ત્રમાં દુર્લભ કહ્યાં છે. દુર્લભ પણ મનુષ્યપણું વગેરે મેળવીને જે

જિનધર્મમાં પ્રમાદ કરે છે તે જીવ મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને વ્યાધિરૂપ મહાન પાપના સૈન્યથી ઘેરાઇ જવાથી રક્ષણ કરનારની અપેક્ષા રાખે છે, કોઇ રક્ષણ કરી શકતું નથી. આથી પોતાના કર્મથી વિડંબના પામેલો તે ઝૂરે છે. (૪૬૯-૪૭૨)

આળસ, મોહ, અવજ્ઞા, માન, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિક્ષેપ, કુતુહલ અને રમત આ તેર કારણોથી જીવ અત્યંત દુર્લભ પણ મનુષ્યપણું મેળવીને હિતકારી તથા સંસારસાગરથી પાર ઉતારનાર જિનવચનને સાંભળી શકતો નથી. મનુષ્યપણું આદિ દુર્લભ ધર્મસામગ્રી પ્રાપ્ત થઇ ગયા પછી પણ ઘણા કુમાર્ગો હોવાથી અને વિષય સુખમાં મશગુલ બની જવાથી જિનેશ્વરનો ધર્મ દુર્લભ જ છે. (૪૭૩-૪૭૫)

હે જીવ! જેને મોટાભાગના જીવોએ પ્રાપ્ત કર્યો નથી અને તેં પણ ઘણો કાળ પ્રાપ્ત કર્યો નથી તે જિનધર્મ પણ અતિપુણ્યથી પ્રાપ્ત થવા છતાં પ્રમાદ કેમ કરે છે? હે આત્મશત્રુ જીવ! ખરે-ખર! તેં જિનધર્મને પ્રાપ્ત કર્યો છે, પણ પ્રમાદ દોષથી આચરતો નથી, તેથી ભવિષ્યમાં અત્યંત

બહુ ખેદ કરીશ. હે જીવ! ફરી જિનધર્મ દુર્લભ છે. તું પ્રમાદને આધીન અને વિષયસુખનો અભિલાષી છે. નરકનું દુઃખ દુઃસહ છે, તેથી તારું શું થશે તે અમે જાણતા નથી. દુર્લભ જિનધર્મ પ્રાપ્ત થવા છતાં વિષયસુખના અભિલાષી બનીને પ્રમાદ કરનારા જીવોએ મળેલા સંપૂર્ણ રત્નનિધિને ગુમાવી દીધો. હે જીવ! દેવ અને મનુષ્યની ઋદ્ધિ જેનો ફૂલસમૂહ છે. અને મોક્ષસુખ જેનું ફળ છે, તે જિનધર્મરૂપી વૃક્ષનું જ શુભભાવના રૂપી પાણીથી સિંચન કર. (૪૭૬–૪૮૦)

જિનધર્મને કરતો તું જે અનુષ્ઠાનોને દુષ્કર માને છે, તેને કડવા ઔષધની જેમ પરિણામે સુંદર અને સુખનાં હેતુ જાણ. હે જીવ! જેમ કોઇ મૂર્ખ લાંબો કાળ જીવવાની ઇચ્છાવાળો હોવા છતાં ઝેર ખાય છે, તેમ તું ધર્મના ફળથી ઋદ્ધિ ઇચ્છતો હોવા છતાં ઋદ્ધિને ખૂંચવી લેનાર પાપો કરે છે. હે જીવ! ભવભ્રમણથી થાકેલો તું જિનધર્મરૂપી વિશાળ વૃક્ષની છાયામાં વિસામો લઇને તેમાં જ પ્રમાદરૂપી દાવાનળ ન પ્રગટાવ. સંસારના લાંબા પંથે સતતપણે જનારા જે મુસાફરોએ ધર્મરૂપી ભાતું સાથે નથી લીધું તે આગળ જઇને હીનતાને

પામશે. જિનધર્મરૂપી ઋદ્ધિથી રહિત ચક્રવર્તી પણ રંક સમાન જ છે. કારણકે નરકમાં પડતા તેને પણ અન્ય કોઇ શરણભૂત નથી. (૪૮૧-૪૮૫)

અરે! બુદ્ધિ, યશ, રૂપ, ઋદ્ધિ આદિ ધર્મના ફળને અનુભવતો હોવા છતાં પણ જે ધર્મને નથી કરતો તે શું મૂઢ આત્મા નથી? જે જિનધર્મથી રંક પણ (સંપ્રતિ રાજાનો પૂર્વભવનો ભિખારી જીવ) રાજ્યની સંપત્તિને પામ્યો તે જિનધર્મમાં જ જેની અવજ્ઞા છે, તે શું કુલીન કહેવાય? જેમને સંસારરૂપી વિશાળ જંગલમાં જિનધર્મરૂપી સાર્થવાહ સહાયક નથી તેમને વિષયોરૂપી લૂંટારાઓએ ઠગી લેવાથી મોક્ષનગરની પ્રાપ્તિ કેમ થશે? હે જીવ! જો તું તારા પોતાના મનોરથરૂપી વૃક્ષનાં સુખોરૂપી ફળોને ઇચ્છતો હોય તો મનોરથરૂપી વૃક્ષનું જ સુધર્મરૂપી પાણીથી સદા સિંચન કર. હે જીવ! જો તું જૈન સાધુઓની પાસે ધર્મરૂપી અમૃતપાન મફત પામે છે, તો ધનથી ખરીદ કરીને વિષયરૂપી ઝેર શા માટે પીએ છે? (૪૮૬-૪૯૦)

હે જીવ! અન્ય અન્ય સુખ મેળવવાની સેંકડો ચિંતાઓથી શા માટે દુઃખી રહેલો છે? ધર્મ કર, જેથી તે ધર્મ જ તારા સર્વ પ્રકારના સુખની ચિંતા

કરશે. જો ધર્મથી રહિત મનુષ્યોને પણ સુખો પ્રાપ્ત થાય તો ત્રણે ભુવનમાં કોને દુઃખ હોય? અને કોને સુખ ન હોય? જેમ કોઇ કોડિના કારણે ક્રોડ રત્નોને ગુમાવી દે તેમ કોડિસમાન અસાર વિષયોમાં આસક્ત જીવો ક્રોડો રત્નોથી પણ પ્રાપ્ત ન થાય તેવા અનુપમ મોક્ષસુખને ગુમાવી દે છે. હા! આશાઓથી વ્યાકુળ બનેલાઓએ ન ધર્મ કર્યો, ન સ્વાદિષ્ટ ભોજન કર્યું, ન સૂક્ષ્મ વસ્ત્રો પહેર્યાં અને આખરે દુર્લભ મનુષ્યજન્મ ગુમાવી દીધો. જ્ઞાન, કેવળી, ધર્માચાર્ય, સંઘ અને સાધુઓની નિંદા કરીને મૂર્ખ જીવે પોતાના આત્માનો નાશ કર્યો. (૪૯૧–૪૯૫)

પાપ અને પ્રમાદને આધીન બનીને જિનધર્મનો સંગ્રહ નહિ કરનારા રાંકડાઓ પાછળથી મરણ નજીક આવતાં શોક કરે છે. અહીં મનુષ્યભવમાં દુર્લભ ધર્મ મેળવીને પણ વિષયસુખના અભિલાષથી પ્રમાદ કરનાર ફુટેલી નાવવાળા સાંયાત્રિકની (નાવમાં બેસી સમુદ્રમાં મુસાફરી કરનારની) જેમ ભવરૂપી સમુદ્રમાં ભ્રમણ કરશે. તૃષા પામેલા ગ્રીષ્મઋતુના મુસાફરો જેમ પાણી લે છે, તેમ જેમણે ચારિત્ર ગ્રહણ કર્યું છે તેમણે સદ્ગતિનું ભાતું કરી લીધું છે. તેથી તેઓ મરણને અંતે શોક કરતા

નથી. હે જીવ! કોણ જાણે ફરી ફરી ધર્મની સામગ્રી ક્યારે મળશે? તેથી રંક ધનને ગ્રહણ કરે તેમ તું હજી પણ મળેલાં મહાવ્રતોનો સ્વીકાર કર. હે મહાનુભાવ! અહીં વિસ્તારથી સર્યું. ટૂંકમાં એ જ કહેવાનું કે તું ધર્મ કર. જેથી શ્રેષ્ઠિપુત્ર અને રાજપુત્રીની જેમ ઇચ્છિત સુખોને પામે. (૪૯૬–૫૦૦)

આ પ્રમાણે બારમી બોધિદુર્લભભાવના પૂર્ણ થઇ તેની સાથે બારે ભાવનાઓ પણ પૂર્ણ થઇ.

## ભાવના ફળ

આ પ્રમાણે જિનવચનથી ભાવિત મતિવાળો જ્ઞાની ભાવનાઓ વડે પવન સહિત અગ્નિની જેમ મૂળ સહિત કર્મસમૂહને સારી રીતે બાળી નાખે છે. જ્ઞાનમાં ઉપયોગવાળા બનવાથી જ્ઞાનયોગથી યુક્ત બનેલા અને ચારિત્રમાં પરાક્રમ કરતા જ્ઞાનીઓની નિર્જરાને કોણ માપી શકે? જ્ઞાનવડે જ કરવા લાયક અને તજવા લાયક જણાય છે. જ્ઞાની કર્તવ્યને કરવા માટે જાણે છે, અને અકર્તવ્યને ત્યાગ કરવા માટે જાણે છે. જ્ઞાન જગતમાં યશ અને કીર્તિ કરે છે. જ્ઞાન સેંકડો ગુણો પ્રાપ્ત કરાવે

છે. જિનેશ્વરોની આજ્ઞા પણ એ છે કે પ્રથમ જ્ઞાન અને પછી દયા. જેમને નિર્મલ જ્ઞાન છે તે ત્રણે જગતમાં સર્વત્ર પણ પૂજનીય છે, અને ચારિત્રયુક્ત જ્ઞાનીઓ પૂજ્યોના પણ પૂજ્ય છે. કેવલજ્ઞાનરૂપી ચંદ્રમા ક્ષીણ થઇ ગયો હોવા છતાં ત્રણે ભુવનને પ્રકાશિત કરનારા ઘણા લોકોને સંદેશ પૂછવા લાયક બહુશ્રુતોનું કલ્યાણ થાઓ.

## જ્ઞાની જીવની વિચારણા

જેમને સમ્યગ્ જ્ઞાન પ્રગટે છે તે જીવો મનમાં નીચે[1] પ્રમાણે વિચારે છે. તેથી મમત્વ અને સ્નેહ-રાગના વિચારો તેમને કોઇ પણ રીતે બાધા પહોંચાડતા નથી. અર્થાત્ તેમને પુદ્‌ગલ આદિ ઉપર કોઇપણ જાતનો મમત્વભાવ કે સ્નેહરાગ થતો નથી. (૫૦૧-૫૦૭)

તેઓ પોતાના આત્માને સમજાવે છે કે હે જીવ! વૃદ્ધાવસ્થા અને મરણ સમાન અન્ય કોઈ ભય નથી. નરકાદિ ચારે ગતિમાં જન્મથી અન્ય કોઇ

---

૧ હવે કહે છે તે પ્રમાણે

દુઃખ નથી. તેથી જન્મ, મરણ અને વૃદ્ધાવસ્થાના મૂળ કારણ મમત્વને છેદી નાખ. હે જીવ! સંસારમાં રોગ, જન્મ, જરા, મરણ આદિથી થતું શારીરિક કે શોક, દરિદ્રતા, દૌર્ભાગ્ય, પરાભવ અને વિષાદ આદિથી થતું માનસિક જે કંઇ પણ જેટલું દુઃખ છે તે સઘળું દુઃખ વૈભવ આદિ ઉપર મમત્વદોષથી અનંતવાર તેં પ્રાપ્ત કર્યું છે. હે જીવ! તું અનંત દુઃખ આપનાર ધન, સ્વજન અને વૈભવ વગેરે વિષે મમત્વ કરે છે, અને જેમાં અનંત સુખ છે તે મોક્ષમાં મંદ આદર કરે છે. સંસાર દુઃખનું કારણ, દુઃખનું ફળ અને દુઃસહ દુઃખસ્વરૂપ છે, તો પણ સ્નેહરૂપી બેડીથી બંધાયેલા જીવો તેનો ત્યાગ કરતા નથી. જેમ કાદવમાં ખૂંચેલો હાથી સ્થળ ઉપર આવવાને કોઇપણ રીતે સમર્થ થતો નથી, તેમ સ્નેહરૂપી કાદવમાં ખૂંચેલો જીવ ધર્મરૂપી સ્થળ ઉપર આવતો નથી. જુઓ, સ્નેહના સંયોગવાળા જીવો અને તલ[1] લોકમાં છેદન, શોષણ,

[1] આ વાક્ય દ્વિઅર્થી છે. જીવના પક્ષમાં સ્નેહ એટલે સ્નેહરાગ અને તલના પક્ષમાં સ્નેહ એટલે ચીકાશ અર્થ છે.

મર્દન, દાહ અને પીડન પામે છે. ધર્મવિરુદ્ધ અને લોકવિરુદ્ધ કયું કાર્ય છે કે જેને સ્નેહ આસક્ત જીવો મર્યાદાને દૂર મૂકીને નથી કરતા? હે જીવ! જીવોને જ્યાં સુધી અલ્પ પણ સ્નેહ છે ત્યાં સુધી મોક્ષ ક્યાંથી થાય? જો, દીપક પણ સ્નેહનો ક્ષય થતાં નિર્વાણ પામે છે. (બુઝાય છે.) [1]આ પ્રમાણે વિચારતા જ્ઞાનીઓનો પુત્રાદિ વિષે સ્નેહ અને મમત્વ દૂર થાય છે. (૫૦૮–૫૧૬)

હવે નીચે[2] પ્રમાણે વિચારતા જ્ઞાનીઓને રોગાદિ આપત્તિઓમાં કોઇપણ જાતનો ગભરાટ થતો નથી. નરક અને તિર્યંચ ગતિમાં અનંતા પલ્યોપમો અને સાગરોપમો ગયા તો પછી જેના અંતે પૂર્વના પુણ્યકર્મનો ઉદય થતાં સુખ છે તેવું અલ્પકાળ થનારું આ માનસિક દુઃખ શું છે?

[અર્થાત્ નરક–તિર્યંચ ગતિમાં ઘણો કાળ ઘણાં દુઃખો સહન કર્યાં પણ તે દુઃખો સમભાવે

૧ ૫૦૮ મી ગાથાથી અહીં સુધીની ગાથાઓમાં કહ્યા પ્રમાણે.

૨ હવે કહે છે તે પ્રમાણે.

સહન નહિ કરવાથી પરિણામે તેનાથી દુઃખ વધ્યું. પણ હવે સમજીને સમભાવે દુઃખો સહન કરવામાં આવે તો પરિણામે સુખ મળે. તથા નરક–તિર્યંચમાં જેટલો કાળ દુઃખો સહન કર્યાં તેનાથી અહીં બહુ જ ઓછો કાળ દુઃખો સહન કરવાનાં છે. તથા નરક–તિર્યંચમાં જેવાં ઘોર દુઃખો સહન કર્યાં તેવાં ઘોર દુઃખો હમણાં સહવાના નથી, બહુ જ ઓછાં દુઃખો સહવાનાં છે. આથી અહીં જે દુઃખો આવે તેને સમભાવે સહી લેવામાં જ લાભ છે.] હે જીવ! જાતે જ કરેલાં હોવાથી પોતાના સમયે આવેલાં દુ:ખોને સહન કર. (કારણ કે ઇચ્છાપૂર્વક સમતાથી દુઃખ સહન કરવાથી ઘણાં પાપ કર્મોનો નાશ થાય છે.) વેદના આદિએ પૂર્વે ક્યારે પણ જીવને અજીવ નથી કર્યો. અર્થાત્ વેદનાઓથી તું જીવ મટીને અજીવ નહિ થઇ જાય, તો પછી વેદનાથી શા માટે વ્યાકુળ થાય છે? સમતાભાવે સહન કર. હે જીવ! જેમ ચોથા ચક્રવર્તીએ (સનત્કુમારે) રોગની અતિશય પીડા સહન કરી તેમ તું પણ સહન કર, જેથી અનંત સુખ પામે. જગ-

તમાં કષાયોની ઉદીરણાના સર્વ કારણોનો જાતે જ ત્યાગ કરતા જ્ઞાનીઓ જાણે અમૃતથી સિંચાયા ન હોય તેમ સુખપૂર્વક પૃથ્વી પર વિચરે છે (૫૧૭–૫૨૦)

જ્ઞાન અને ચારિત્રને ઇચ્છતા ધન્ય પુરુષો હિત અને અભ્યુદય કરનારા તથા કલ્યાણ અને સુખને ઉત્પન્ન કરનારા ગુરુને સેવે છે, અર્થાત્ ગુરુની નિશ્રામાં રહે છે. આત્મહિતને ઇચ્છતા શિષ્યોએ શરૂઆતમાં કડવાં પણ અંતે શુભ (મીઠાં) ગુરુનાં વચનોને સદા સહન કરવાં જોઇએ. જ્ઞાનીઓ આ પ્રમાણે વિચારીને આ ભવ અને પરભવમાં સુખ ઉત્પન્ન કરનાર વિનય કરે છે. વિનય કરવાથી અન્ય પણ જ્ઞાનાદિ ગુણસમૂહ શોભે છે. આ[1] પ્રમાણે કરનારા જ્ઞાનીઓ પૂર્વોક્ત (=બાર ભાવના) ધ્યાન-રૂપી અગ્નિવડે કર્મરૂપી ગાઢ વનને બાળીને જરા-મરણ રહિત અને અનંત સુખ સ્વરૂપ મોક્ષને પામે છે. (૫૨૧–૫૨૪)

---

૧ પુત્ર સ્વજનાદિ ઉપર મમત્વભાવ દૂર કરીને રોગાદિની વેદના-ઓને સમતાભાવે સહન કરનારા અને વિનયથી ગુરુ આદિની આરા-ધના કરનારા.

## ઉપસંહાર

શ્રી અભયદેવસૂરિના શિષ્ય શ્રી હેમચંદ્રસૂરિએ આ ભવભાવનાને રચી છે. જે આ ભવભાવનાને સૂત્રથી ભણે છે, અર્થથી સાંભળે છે, અને પ્રતિસમય સૂક્ષ્મબુદ્ધિથી વિચારે છે, તે સંસારથી વૈરાગ્ય પામી મોક્ષના માર્ગને સ્વીકારે છે. આ ભવભાવનાથી વાસિત અંતઃકરણવાળો જીવ અનુકૂળ સંયોગોમાં હર્ષ અને પ્રતિકૂળ સંયોગોમાં શોક કરતો નથી, અને જાણે અમૃતથી સિંચન કરાયેલ ન હોય તેમ (સમભાવથી) પ્રવૃત્તિ કરે છે. (૫૨૫–૫૨૭)

આ ભવભાવનાથી સંસારૂપી અશુચિના કીડા સમાન સંસારાભિનંદી જીવોને ઉપકાર થતો નથી. તેમના ઉપર ઉપકાર કરવા સર્વજ્ઞોને પણ કયો અવકાશ છે? અર્થાત્ કેવળી ભગવંતો પણ જો તેવા જીવો ઉપર ઉપકાર કરવા સમર્થ થતા નથી. તો છદ્મસ્થ મેં રચેલી આ ભવભાવનાથી ઉપકાર ન થાય તેમાં કંઇ આશ્ચર્ય નથી. તેથી દુરાગ્રહ

રહિત, ધર્મના અર્થી તથા જિનવચનથી કંઇક પણ વાસિત મતિવાળા જીવોને આ ભવભાવના પ્રકરણ ભવરૂપી સમુદ્રને તરવા માટે નાવ સમાન થાય છે. પાંચસો એકત્રીશ ગાથારૂપી વિવિધ પ્રકારના રત્નોથી શ્રેષ્ઠ રત્નોની માળાસમાન આ ભવભાવના સિદ્ધાંતના અનુસારે રચી છે. હે ભવ્યજનો! જ્યાં સુધી જગત ઉપર જિનધર્મ વર્તે છે ત્યાં સુધી આ ભવભાવનારૂપી શ્રેષ્ઠ રત્નમાળા સર્વ જીવોની શોભા કરો, અર્થાત્ આ ગ્રંથ પઠનાદિ દ્વારા સર્વ-જીવોને ઉપકારક થાઓ. (૫૨૮–૫૩૧)

આ પ્રમાણે ભવભાવના ગ્રંથ પૂર્ણ થયો.

# ટાઇટલ ચિત્ર પરિચય

હૉસ્પિટલમાં એક પલંગમાં મીલ માલીક, ધનાઢ્ય, વિશાળ સ્વજન પરિવારવાળા, અમેરીકા વગેરે અનેક દેશોના મોટા માણસો સાથે સંબંધ ધરાવનાર એક શેઠ છે. તેની બાજુના પલંગમાં પરિવાર રહિત અને ગરીબ એક મજૂર છે. બંને અસાધ્ય રોગથી પીડાય છે. બિચારા મજુરની સંભાળ રાખનાર કોઈ નથી. જ્યારે શેઠની પાસે અનેક ઉભેલા છે. તેનું કુટુંબ વગેરે તેની સંભાળ લે છે. મોટા મીલ માલિકો, વેપારીઓ, ભાગીદારો વગેરે તેની ખબર કાઢવા આવે છે. આમ છતાં અત્યારે બંનેની સ્થિતિ સમાન છે, બંને દુઃખમાં પીડાય છે. બંનેના મુખ ઉપર દીનતા અને ઉદ્વિગ્નતા વગેરે સમાન જણાય છે.સ્વજન સંપત્તિ કે સત્તા દુઃખમાંથી બચાવી શકતા નથી તેનં બોધક આ દૃશ્ય છે.

મનુષ્ય જ્યા તેની ખબર કાઢવા આવે છે. ને છે ત્યારે વૈદ્ય–
ડૉકટરોના રામબ સમાન છે, બંને દુઃખમાં પીડા જાય છે, લાખ
( રૂપિયા ) રાખ ને ઉદ્વિગ્નતા વગેરે સમાન જણાય ા ) પણ કોડિ
બની જાય છે, માંથી બચાવી શકતા નથી તેનું બુટ્ટી બુરીબુટ્ટી
બની જાય છે, મંત્ર– ના ઉપાયો બની જાય છે. આલીશાન બંગલો પણ જંગલ બની જાય છે. આ વખતે જિનવચન સિવાય કોઈ તેનું રક્ષણ કરી શકતું નથી.

(વિશેષ વિવેચન માટે આ ગ્રંથમાં પેજ પાંચ ઉપર અશરણ ભાવના વાંચો)

ભરત પ્રિન્ટરી દાણાપીઠ પાછળ, તળાવ-પાલીતાણા